वर्ष : 8 ◆ અંક : 6
નવેમ્બર-ડિસેમ્બર 2018
સળંગ અંક : 48

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

ભારતમાં નેહરુવંશનો રાજકારભાર નહીં હોય ત્યારે સરદાર જરૂર બમણા જોરથી  પ્રજા સમક્ષ પ્રગટ થશે, પરંતુ હિંદુ પુનઃ જાગૃતિ (revivalism) સાથે સરદારને જોડી દેવામાં આવશે તો સરદારને ફરીથી અન્યાય થશે. શિવસેનાએ જે રીતે શિવાજીને માત્ર મહારાષ્ટ્રના બનાવી દેવાનું પાપ કર્યું તે ભૂલમાંથી શીખીને ભવિષ્યમાં ગુજરાતમાં સંકુચિત સરદાર સેના ઊભી કરવાનું ટાળવા જેવું છે. રાષ્ટ્રીય એકતાથી ઓછું કશુંય સરદારને ન ખપે. સંકીર્ણતાનું અભિમાન પણ કદમાં ઘણું મોટું હોય છે. પ્રશંસકો દ્વારા પણ સરદારને અન્યાય થઈ શકે છે. ભારતના મુસ્લિમોની કમનસીબી એ છેકે આરિફ મહંમદ ખાન જેવા ખરેખરા બિનસાંપ્રદાયિક અને રાષ્ટ્રવાદી નેતાને પચાસ મુસ્લિમોનો પણ ટેકો નથી. વળી, કૉંગ્રેસને જ નહીં, વિરોધ પક્ષોને પણ રાષ્ટ્રવાદી મુસ્લિમોનો ખાસ ખપ નથી કારણ કે મુસ્લિમ વોટબૅન્ક એમની પાસે નથી. આવી પરિસ્થિતિ સરવાળે લઘુમતીને જ ભારે પડે એમ બને. આ વાત મુસ્લિમો ક્યારે સમજશે ?

*

ઈસ્લામ ધર્મનો મારો અભ્યાસ અત્યંત મર્યાદિત છે. મહંમદસાહેબને હું એમના જમાનાના સૌથી મહાન ક્રાંતિપુરુષ ગણું છું. ઈસ્લામનું મુસ્લિમોને ફરમાન છે કે : (૧) જે દેશમાં રહેતા હો તે દેશના કાયદા પાળવા. (૨) નમાજની જગ્યા અંગે ઝઘડો હોય તો તે જગ્યા છોડી દઈ બીજી જગ્યા ખોળી લેવી. શાહબાનો કેસમાં સુપ્રીમ કૉર્ટનો ચુકાદો રૂઢિવાદી મુસ્લિમોએ ન સ્વીકાર્યો તેમાં પહેલા ફરમાનનો ભંગ થયો. બાબરી મસ્જિદ અંગે હઠ પકડવામાં બીજા ફરમાનનો ભંગ થાય છે. આ પ્રશ્નને રેફ્રિજરેટરમાં રાખીને સરકાર કોમવાદને પોષી રહી છે. બીજી જગ્યાએ મસ્જિદ બાંધવાનો તમામ ખર્ચ ભોગવીને હિંદુઓએ સદ્‌ભાવનો સંકેત આપવો જોઈએ. રામજન્મભૂમિ (અયોધ્યા), કૃષ્ણજન્મભૂમિ (મથુરા) અને કાશી વિશ્વનાથ (વારાણસી)ની ત્રણ વિવિદાસ્પદ  મસ્જિદોનું સ્થળાંતર થાય પછી કોઈ પણ જગ્યાએ નવો વિવાદ ન ઉત્પન્ન થાય એવી ખાતરી હિંદુઓએ આપવી જોઈએ. એકમાં માની જઈશું તો નવી નવી જગ્યાએ આવી જ માગણી થશે એવી મુસ્લિમોની શંકા છેક ખોટી નથી.

**– ગુણવંત શાહ**

(લેખક દ્વારા **૧૯૮૭**માં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આપેલ વ્યાખ્યાનમાંથી. ('સરદાર એટલે સરદાર' પૃ. ૧૨૨-૧૨૪)



## કડી સર્વ વિશ્વવિદ્યાલયની ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન આયોજિત કરવામાં આવેલ તેનાં દ્રશ્યો.
















'સર્વ નેતૃત્વ-૪૧' મી નિવાસી તાલીમ શિબિરના તાલીમાર્થીઓએ ભારતના આદર્શગામ પુન્સરીની મુલાકાત લીધી તે પ્રસંગનું દ્રશ્ય.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૮, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૮; સળંગ અંક : ૪૮

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : 'સ્ટેચ્યૂ ઑફ યુનિટિ' : રાષ્ટ્રનું ગૌરવ પક્ષીય રાજકારણથી ઉપર ઊઠીને રાષ્ટ્રહિતની દ્રષ્ટિએ વિચારીશું ? — મણિભાઈ પ્રજાપતિ ૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર ઇતિહાસની અટારીએથી... : સંભારણાં — વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ ૬

૨. જૈફ અરવલ્લી અને શિશુ હિમાલય — મોહનલાલ પટેલ ૮

૩. સરદાર પટેલનું સો ટચનું સેક્યુલરિઝમ — ગુણવંત શાહ ૧૧

૪. અનુવાદ : બે સંસ્કૃતિઓને જોડતો સેતુ — તુલસીભાઈ પટેલ ૨૦

૫. સોમનાથ મંદિર અને જગતમંદિર — નરોત્તમ પલાણ ૨૩

૬. યુનિવર્સિટીઓની ગુણવત્તા — પ્રો. ડૉ. કમલેશ જોશીપુરા ૨૭

૭. ગુણવત્તાસભર શિક્ષણ — ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ ૨૯

૮. આર્યભટ અને સાઇન (sine)નું ટેબલ — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૩૩

૯. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૮
   - મુઠ્ઠી ઊંચેરા માનવી : શ્રી વસંતભાઈ શાહ (વસંતદાદા) / ડૉ. મફતલાલ પટેલ ૩૮
   - ભરૂચની ભવ્યતા / લેખન અને રજૂઆત : નરોત્તમ વાળંદ ૪૦

૧૦. સંસ્થા સમાચાર
   - યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૪૫
   - શાળા વિભાગ ૪૭


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

**સંપાદકીય**

## 'સ્ટેચ્યૂ ઑફ યુનિટિ' : રાષ્ટ્રનું ગૌરવ

### પક્ષીય રાજકારણથી ઉપર ઊઠીને રાષ્ટ્રહિતની દ્રષ્ટિએ વિચારીશું ?

અખંડ ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ (૧૮૭૫-૧૯૫૦)ને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તેમની વિરાટ પ્રતિભા જેટલી વિશ્વની સૌથી ઊંચામાં ઊંચી (૧૮૨ મીટર = ૫૯૭ ફૂટ) વિરાટ પ્રતિમા 'સ્ટેચ્યૂ ઑફ યુનિટિ'નું સરદાર સરોવર નર્મદા બંધ, કેવડિયા કોલોની (ગુજરાત) ખાતે સાધુબેટ ઉપર નિર્માણ કરવામાં આવતાં તેનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદહસ્તે તા. ૩૧ ઑક્ટોબર, ૨૦૧૮, સરદારની ૧૪૩મી જન્મજયંતીએ – 'રાષ્ટ્રીય એકતા દિને' કરવામાં આવેલ લોકાર્પણ એ વિશ્વની એક ઐતિહાસિક ઘટના છે. રાષ્ટ્રનું ગૌરવ છે. રાષ્ટ્રની એકતા અને અખંડિતતાનું પ્રતીક છે. આ પ્રતિમા એ આપણા લોહપુરુષ*ની લોહપ્રતિમા (લોખંડ અને કાંસાની બનેલી) નહીં પરંતુ, આ તો આપણાં શ્રદ્ધા-ભક્તિસ્વરૂપ હાડ-માંસ-રુધિરથી સિંચાવેલી પ્રતિમા છે. સરદાર પ્રત્યેની આપણી આસ્થાનું અ-ક્ષર ધામ છે, કે જે વિશ્વને એકતા અને અખંડિતતાનો સંદેશ આપતી રહેશે. અને સવિશેષતઃ ભારતીય નાગરિકોને અખંડ અને સુદૃઢ ભારત માટેની સંકલ્પશક્તિનો પ્રેરણાસ્રોત બની રહેશે. આ પ્રોજેક્ટ અન્વયે જે જે પરિકલ્પનાઓ રજૂ કરવામાં આવી છે તે બધી જ જેમ કે સરદાર પટેલ રિસર્ચ સેન્ટર, ફ્લાવર વેલી, શ્રેષ્ઠ ભારત ભવન, નૌકાવિહાર, ટેન્ટ સિટિ, દેશના પ્રત્યેક રાજ્યનું અતિથિભવન, રોડ-રેલવે-હવાઈમાર્ગ મુસાફરીની અફલાતૂન સગવડો વગેરે સુપેરે સંપન્ન કરવામાં આવશે ત્યારે માત્ર દેશનું જ નહીં, પરંતુ

સમગ્રવિશ્વનું સુખ્યાત પ્રવાસન કેન્દ્ર બની રહેશે. પરિણામસ્વરૂપે આસપાસનો આદિવાસી વિસ્તાર વગેરેનો પણ અભૂતપૂર્વ અને અકલ્પનીય વિકાસ થશે અને આર્થિક સમૃદ્ધિ પણ આણશે તે નિશ્ચિત છે. આવું દૂરંદેશી સ્વપ્ન સાકાર કરવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તેમની સમગ્ર ટીમ વિશેષ અભિનંદનની અધિકારી બની રહે છે. અને ખાસ તો આ વિચાર જેને સ્ફુર્યો તેને વંદન સહ અભિનંદન.

આ સાથે જ એક પ્રશ્ન મનમાં સહજ રીતે ઉદ્‌ભવે છે કે આટલો જંગી ખર્ચ કોઈ વૈજ્ઞાનિક શોધ-સંસ્થાન કે ઉદ્યોગની સ્થાપના માટે કે ગુજરાતની યુનિવર્સિટીઓને 'વર્લ્ડ ક્લાસ' સ્તરની બનાવવા માટે કરવામાં આવ્યો હોત તો ખરા અર્થમાં વિકાસની પંગદંડીનો રાજમાર્ગ ખૂલી જાત અથવા આદિવાસી વગેરે વિસ્તારના વિકાસ માટે કરવામાં આવ્યો હોત તો તે બધા સીધા લાભાર્થી બની રહેત આ રીતે આ ખર્ચ વધુ શ્રેયસ્કર બની રહેત, તે વિશે શંકાને કોઈ અવકાશ નથી જ. આ વિચાર યથાયોગ્ય હોવા છતાં, રાષ્ટ્રની આઝાદી, એકતા અને અખંડિતતા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર મહાપુરુષ કે જેમની અગમ્ય કારણોસર આઝાદીના સાત સાત દશક સુધી ઉપેક્ષા કરવામાં આવી તેમની સ્મૃતિમાં વૈશ્વિક સ્તરે અનન્ય એવું 'સ્ટેચ્યૂ ઑફ યુનિટિ'નું નિર્માણ પણ વાજબી બની રહે છે.

'સરદાર પટેલ રિસર્ચ સેન્ટર' શરૂ કરવાનો અને તેમાં સરદાર સંબંધી ૪૦,૦૦૦ દસ્તાવેજો, ૨૦૦૦ ફોટોગ્રાફ્સ વગેરે સુલભ કરાવવાનો નિર્ણય આવકાર્ય છે. પરંતુ, માત્ર સરદાર એક વિષય તરીકેનું રિસર્ચ સેન્ટર કેટલું લાંબું અને જીવંત બની રહેશે ? આ એક વિચારણીય પ્રશ્ન છે. માટે આ સાથે જ સરદારે ૫૬૨ રજવાડાંનું વિલીનીકરણ કરીને અખંડ ભારતનું સર્જન કર્યું તે બધાં જ રજવાડાંના ઉદ્‌ભવથી ૧૯૪૭ સુધી અને જે તે રાજાઓના પ્રવર્તમાન સમય સુધીના ઉત્તરાધિકારીઓ સંબંધી, બ્રિટિશ ભારતનાં રાજ્યો / પ્રદેશો, તેમજ પુરાણોમાં જે જે રાજવંશોનો ઉલ્લેખ છે તે સુધ્ધાં પ્રાપ્ત તમામ દસ્તાવેજી અને અન્ય આનુસંગિક સામગ્રી એકઠી કરવામાં આવે તો 'નહેરુ મેમોરિઅલ લાઇબ્રેરી'ની જેમ આ સેન્ટર પણ સંશોધકોની આસ્થાનું વૈશ્વિક સ્તરનું કેન્દ્ર બની રહેશે. આજે આ બધાં રજવાડાં સંબંધી માહિતી માટે કોઈ એક ગ્રંથાલય અસ્તિત્વમાં નથી અને ઠેર ઠેર શોધ કરવા છતાં સંશોધકોને માહિતી સુલભ થતી નથી, ત્યારે આવા સ્રોતસમૃદ્ધ અને ક્રિયાશીલ ગ્રંથાલયની અનિવાર્ય આવશ્યકતા બની રહે છે. આજે આ ૫૬૨ રજવાડાંના ઉત્તરાધિકારીઓ કોણ અને ક્યાં છે તેની પણ એક ડિરેક્ટરી કરવા જેવી છે, કે જે વિવિધ પ્રકારના સંશોધકો માટે એક આધારસ્રોત બની રહેશે. આ હેતુસર આ સેન્ટરને યુનિવર્સિટી સ્તરનો દરજ્જો આપવો જોઈએ, તેમ જ પર્યાપ્ત નાણાકીય સ્થાયી ભંડોળ ઉપલબ્ધ કરાવવું જોઈએ. તેના કુલપતિ / ડાયરેક્ટર / ગ્રંથપાલ સાહિત્ય અને સંસ્કૃતિના અભ્યાસુ, ઇતિહાસમાં વિશેષ રસ-રુચિ ધરાવનાર અને પ્રતિભાસંપન્ન હોય તે પ્રાથમિક આવશ્યકતા બની રહે છે. આપણી યુનિવર્સિટીઓમાં આજકાલ જે રીતે કુલપતિઓની ખાનાપૂર્તિ કરવામાં આવી રહી છે તે રીત અહીં આપણા મહત ઉદ્દેશની સુપેરે પૂર્તિ હેતુ કારગત નીવડશે નહીં તે બાબત ખાસ ધ્યાને લેવી રહી. અન્યથા ઉત્સાહનાં પૂર ઊતરી જતાં કાળના પ્રવાહમાં ચીલાચાલુ કેન્દ્રમાં પરિવર્તિત થઈ જતાં ઝાઝી વાર લાગશે નહીં.

આ સ્ટેચ્યૂ પણ એવા મહાપુરુષનું છે કે જેણે રાષ્ટ્રની સેવા કાજે પૂ. બાપુના ચરણે પોતાનું જીવન સમર્પિત કરી પોતાની વિચક્ષણ કોઠાસૂઝથી અંગ્રેજ શાસકો અને જિન્નાહ જેવાઓની દેશને છિન્નવિચ્છિન કરવાની મેલી મુરાદ પારખી જઈને દેશની આઝાદીની જાહેરાતની પૂર્વ સંધ્યા સુધીમાં દેશના ૫૬૨ જેટલાં રજવાડાંને એક છત્ર હેઠળ આણીને અખંડ ભારતનું સર્જન કરવામાં અહમ્ ભૂમિકા નિભાવી હતી. પૂ. બાપુએ પણ આ અત્યંત કપરી કામગીરી સંદર્ભે વલ્લભભાઈને ઉદ્દેશીને તા. ૧૧ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ લખ્યું હતું કે, 'રજવાડાંની સમસ્યા એવી વિકટ છે કે માત્ર તમે જ તેનો ઉકેલ આણી શકશો.' વધુમાં તેમણે નોંધ્યું છે કે 'વલ્લભભાઈ મને ના મળ્યા હોત તો જે કામ થયું છે તે ન જ થાત. એટલો બધો શુભ અનુભવ મને એમનાથી થયો છે.' સરદાર વલ્લભભાઈ પટેલ મહાત્મા ગાંધી સાથે પૂર્ણ શ્રદ્ધાભક્તિથી જોડાયેલા રહ્યા હોવાથી તેમની ઇચ્છા / આજ્ઞા- પાલનને પોતાનો ધર્મ માનતા હતા. આ હેતુ દેખીતા કડવા ઘૂંટડા પણ ગળી જતા હતા. આ ઉપરાંત પોતાની જાતને દેશના સિપાહી તરીકે ગણાવતાં નોંધેલ શબ્દો 'મેં મારી જાતને હિન્દુસ્તાનની સેવા બજાવનાર સિપાહી તરીકે ગણી છે અને મરતાં સુધી સિપાહી રહેવાની મારી ઇચ્છા છે. આ સેવામાર્ગમાંથી ચલિત થવા કરતાં મારું અસ્તિત્વ નાબૂદ થાય તેવું મને

ગમશે !'નું આજીવન યથાર્થ પાલન કરતા રહ્યા હતા. આઝાદ ભારતના પ્રથમ પ્રધાનમંડળની રચના સમયે કોંગ્રેસની ૧૨ પ્રાંતિક સમિતિઓએ વડાપ્રધાન તરીકે વલ્લભભાઈના નામની અને ફક્ત ૩ સમિતિઓએ પંડિત જવાહરલાલ નહેરુના નામની દરખાસ્ત કરી હોવા છતાં બાપુની ઇચ્છાને માન આપીને વડાપ્રધાન પદની સ્પર્ધામાંથી સ્વેચ્છાએ ખસી જઈને નાયબ વડાપ્રધાન તરીકે અવસાનપર્યંત સેવાઓ આપતા રહ્યા હતા અને તે પણ નહેરુ અને પોતાની વચ્ચે ભારે વૈચારિક મતભેદ / સંઘર્ષ રહેતો હોવા છતાં નહેરુને પોતાના 'આગેવાન' તરીકે સ્વીકારીને. તેમના અવસાન પ્રસંગે નિવાપાંજલિ આપતાં રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે કહ્યું કે 'આ દુનિયાનો કોઈ અગ્નિ તેમની કીર્તિને ભસ્માસાત્ કરી શકશે નહીં', જ્યારે પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુએ તેમને 'અભિનવ ભારતના ઘડવૈયા' તરીકે ઓળખાવ્યા હતા. લૉર્ડ માઉન્ટબેટને નોંધ્યું કે 'વલ્લભભાઈ પટેલે રાજા તથા પ્રજા વચ્ચે એકતા સાધીને અખંડ ભારતનું સર્જન કર્યું, તે ઇતિહાસની મહાન સિદ્ધિ ગણાશે.'

આશ્ચર્ય અને દુઃખદ સ્થિતિ તો એ છે કે રાષ્ટ્રના આ પનોતા પુત્રની વિરાટ પ્રતિમાનું નિર્માણ એ રાષ્ટ્રની ગૌરવરૂપ ઘટના અને આ પ્રતિમાનું લોકાર્પણ એ રાષ્ટ્રનો ગૌરવદિન હોવા છતાં વિવિધ રાજકીય પક્ષોના સ્વાર્થી વલણોના કારણે આ ઐતિહાસિક મહોત્સવ અર્થહીન અને અરુચિકર વિરોધના કારણે જાણે સત્તાધારી પક્ષનો પ્રસંગ હોય તેવો બની રહ્યો હતો. આ સાથે બીજું આશ્ચર્ય એ અનુભવ્યું કે આ પ્રતિમાનો વિરોધ કરનારાઓ કે સહેલાણીઓ વગેરે અમેરિકા, ફ્રાન્સ, ઈટાલી વગેરે દેશોની મુલાકાત ટાણે 'સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી' જેવી પ્રતિમાઓ અને અન્ય શિલ્પકલા કેન્દ્રોની અચૂક મુલાકાત લઈ તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હોય છે અને તેની સાથે ભારતમાં આવી પ્રતિમાઓ કે શિલ્પકલા કેન્દ્રોનો અભાવ હોવાનો અફસોસ પણ વ્યક્ત કરતા હોય છે. જ્યારે ઘરઆંગણે આવી પ્રતિમાનું નિર્માણ એ ભારતીય એન્જિનિયરિંગ કળાની શ્રેષ્ઠ ઉપલબ્ધિ અને તે પણ પ્રખર રાષ્ટ્રભક્તની પ્રતિમા હોવા છતાં સંકુચિત રાજકીય હિતોના કારણે તેનો વિરોધ કરવામાં આવે તે એક વિડમ્બના જ ગણવી રહી ! એક બાજુ આપણે પશ્ચિમી સંસ્કૃતિને ભૌતિકવાદી કહીને તેની ટીકા કરવામાં ઊંચા આવતા નથી અને બીજી બાજુ કહેવાતા ભૌતિકવાદીઓ પણ આચરણ ન કરે તેવું આ સંદર્ભે આચરણ કરતાં આપણે કોઈ ક્ષોભ અનુભવતા નથી. આપણી 'ભારતીયતા'ને દિનપ્રતિદિન લૂણો લાગતો જાય છે તેનું આત્મમંથન કરવાની તાતી જરૂર છે. આ સાંસ્કૃતિક વિનિપાત દેશની કેવી છબિ પેદા કરશે અને દેશને ક્યાં લઈ જશે તેની ચિંતા અને ચિંતન એ પ્રત્યેક ભારતીયનો સ્વધર્મ બની રહે છે.

પ્રતિમા નિર્માણ પાછળ વિવિધ માધ્યમોમાં જાહેર થયેલા વિરોધનાં કારણો પણ વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સ્વસ્થ અને સમતોલ વિચારવિહીન જેવાં છે, જેમ કે –

- સરદાર જીવતા હોત તો આ પ્રકારની પ્રતિમાનાં નિર્માણની અનુમતિ આપત ખરા ?
- પ્રતિમાનું નિર્માણ નર્મદા બંધ પાસે જ કેમ અને અન્યત્ર કેમ નહીં ?
- પ્રતિમાનું નિર્માણ એ નરી ઘેલછા અને દંભ અને તે પણ ભારે ખર્ચના ભોગે.
- નર્મદા કેનાલનાં કામો અધૂરાં છે છતાં પ્રતિમા પાછળ જંગી ખર્ચ કેમ ?
- આ પ્રોજેક્ટ માટે આદિવાસીઓ અને અન્યોની જમીન હડપ કરી લેવી.
- વિશાળ માર્ગોના બાંધકામ પાછળ લાખો વૃક્ષોનું નિકંદન કાઢવું અને ભારે ખર્ચ કરવો.
- પાટીદાર સમાજને રાજી રાખવો.

વગેરે અનેકાનેક કારણો રજૂ કરીને પ્રજાને ગુમરાહ કરવા માટે પ્રયાસો કરીને આ બધો વર્ગ સમારોહથી દૂર રહ્યો. આ સાથે જ સત્તાધારી પક્ષ પણ આ સંબંધી પોતાની સિદ્ધિઓના ગૌરવ-ગાનમાં રાચતો રહ્યો, તેમ જ સમાધાનકારી વલણ ન પણ અપનાવી શક્યો.

શું રોડ અને રેલવેનું અસ્તિત્વ જમીન વગર શક્ય છે ખરું ? જ્યાં આ સગવડો છે ત્યાંના પ્રદેશોની કાયાપલટના આપણે સાક્ષી છીએ. અને જ્યાં આવી આવશ્યક સગવડો નથી, ઉદા. તરીકે ગુજરાતના એક જમાનાની આર્થિક – સાંસ્કૃતિક – રાજકીય રાજધાની પાટણ કે જે તત્કાલીન સમગ્ર પશ્ચિમ ભારતનું સત્તાકેન્દ્ર હતી તેની રોડ અને રેલવે (નામ માત્રની રેલવે બાદ કરતાં)ના અભાવે દેશનાં પ્રમુખ નગરોથી જોડાયેલું ન હોવાથી તેની કેવી દશા થઈ રહી છે તે પણ સુવિદિત છે. વિકાસ માટે તેમ જ પ્રવાસન કેન્દ્ર વિકસાવવા માટે ખર્ચ થાય તે પણ હકીકત છે અને તેની સામે આદિવાસી વિસ્તારનો – આદિવાસી પ્રજાનો લાંબાગાળે સામાજિક – સાંસ્કૃતિક – આર્થિક વિકાસ અને તે સ્વરૂપે થનાર

વળતરનું મૂલ્ય કેટલાંક વર્ષો બાદ જ આંકી શકાશે.

આ વિરોધ અભિયાન પાછળનું ગર્ભિત કારણ તો તે હોઈ શકે કે આ પ્રતિમાના નિર્માણથી રખેને ભારે મોટો લોકજુવાળ પેદા થાય અને સત્તાધારી પક્ષ તરફ વરસી પડે તો પોતાનો રાજકીય વનવાસ લાંબો ઠેલાય ! તેમની આ દહેશત અસ્થાને પણ નથી જ. કારણ કે ગાંધી – નહેરુ – સરદારની ત્રિપુટીનું રાષ્ટ્રના સ્વાતંત્ર્યસંગ્રામ અને રાષ્ટ્રનિર્માણમાં અસાધારણ પ્રદાન રહ્યું છે, જે સુવિદિત છે અને આજે પણ લોકહૈયે વસેલું છે. આમ છતાં, આ મહામાનવની ગાંધીજીના બલિદાન બાદ ઉપેક્ષા કરવામાં આવતી રહી હતી અને સવિશેષતઃ સરદારના અવસાન બાદ તેમની યશોજ્જવલ સ્મૃતિ જળવાઈ રહે તેવાં કેન્દ્ર સરકાર દ્વારા કોઈ રાષ્ટ્રીય સ્મારકો કે કાર્યો પણ કરવામાં આવ્યાં નથી, જે જગજાહેર છે. પંડિત જવાહરલાલ નહેરુ અને તેમના વંશનાં રચવામાં આવેલાં સ્મારકો, કાર્યક્રમો પૈકી માત્ર શિક્ષણ ક્ષેત્ર તરફ જ નજર નાખીએ તો જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU), નહેરુ મેમોરિઅલ લાઇબ્રેરી, ઇન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU), ઇન્દિરા ગાંધી નૅશનલ સેન્ટર ફોર આર્ટ્સ (IGNCA) વગેરે જેવી રાષ્ટ્રની ગૌરવરૂપ ક્રિયાશીલ (Vibrant) સંસ્થાઓ જેવી કોઈ એક સંસ્થા સરદારના નામે સ્થાપવામાં આવી છે ખરી ? આ જમીની સત્ય નકારી શકાશે ખરું ? આ દેખીતી બાબતની નોંધ વર્તમાન પ્રધાનમંત્રીએ જ નહિ, પરંતુ તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ અને અન્ય ઘણાએ લીધી છે. આપણે રાજેન્દ્ર પ્રસાદના શબ્દોમાં જોઈએ : "જેના વિશે વિચાર કરી શકાય અને વાત કરી શકાય તેવું ભારત અસ્તિત્વમાં છે તેનો યશ સરદાર પટેલની મુત્સદીગીરી અને સુદૃઢ વહીવટી કુનેહને ફાળે જાય છે... છતાં આ બાબતમાં આપણે તેમની ઉપેક્ષા કરી રહ્યા છીએ."

રાષ્ટ્રપિતા ગાંધીજીના પૌત્ર અને સુખ્યાત સ્વસ્થ વિચારક – લેખક રાજમોહન ગાંધીનું સરદાર વિશેનું મંતવ્ય આંખ ઉઘાડનાર બની રહે છે : "વિશાળ સંદર્ભમાં જોઈએ તો ગાંધી, નહેરુ અને પટેલના પ્રયાસોના કારણે આઝાદ ભારત સ્થપાયું અને શક્તિવંત બન્યું. ગાંધીની બાબતમાં ફરજ અદા કરવા પૂરતો અને નહેરુની બાબતમાં પૂરતા પ્રમાણમાં હકીકતોનો સ્વીકાર કરી લેવામાં આવે છે, પણ સરદાર પટેલને આ સ્વીકૃતિ અતિશય મર્યાદિત પ્રમાણમાં મળી છે... સને ૧૯૭૫ના ઑક્ટોબરની ૩૧ તારીખે સરદારની જન્મશતાબ્દી હતી. પણ સરકારી કાર્યક્રમોમાં અને અન્ય સ્થાપિત સંસ્થાઓ દ્વારા પણ તેની ઉજવણી અંગે સંપૂર્ણ દુર્લક્ષ કરવામાં આવ્યું. આધુનિક ભારતના એક અતિશય નોંધપાત્ર સુપુત્રના જીવન પર પાથરવામાં આવેલો આ ઢાંકપિછોડો ત્યાર પછીના કાળમાં પણ ક્યારેક જ અને અપૂરતા પ્રમાણમાં ઉઠાવ્યો છે... **સંજોગો સારા હોય ત્યારે, સરદાર પટેલને અહોભાવથી યાદ કરવા જોઈએ."**

સરદાર વલ્લભભાઈની ગાંધીભક્તિ અને રાષ્ટ્રભક્તિ, તેમની કુનેહ અને વહીવટી કાર્યદક્ષતા તથા અખંડ ભારતના નિર્માણમાં તેમની વિચક્ષણતાની પરખ માટે વી. પી. મેનન કૃત 'ધ સ્ટોરી ઑફ ઇન્ટિગ્રેશન ઑફ ઇન્ડિયન સ્ટેટ્સ' (૧૯૫૬) અને 'ધ ટ્રાન્સફર ઑફ પાવર ઈન ઇન્ડિયા' (૧૯૫૭), રાજમોહન ગાંધી કૃત 'પટેલ : એ લાઇફ' (૧૯૯૧) – ગુજરાતી અનુવાદ : 'સરદાર પટેલ : એક સમર્પિત જીવન' અનુવાદક : નગીનદાસ સંઘવી' (૧૯૯૪), નરહરિ પરીખ કૃત "સરદાર વલ્લભભાઈ પટેલ, ૨ ભાગ', મણિબહેનની ડાયરી, દુર્ગાદાસ સંપાદિત સરદાર પટેલ પત્રવ્યવહાર, ગુણવંત શાહ કૃત 'સરદાર એટલે સરદાર' (પ્રથમ આવૃત્તિ ૧૯૮૩, ૭મી સંવર્ધિત આવૃત્તિ ૨૦૦૬) વગેરે ગ્રંથો વાંચવા રહ્યા. આ બધા ગ્રંથો પૈકી રાજમોહન ગાંધી કૃત એ ગ્રંથ છે કે જેમાં પ્રાપ્ત દસ્તાવેજોનું સઘન અધ્યયન કરીને એક ચરિત્ર અને ઇતિહાસની દૃષ્ટિએ વલ્લભભાઈના જીવન, દર્શન અને કાર્યોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ગ્રંથ આપણને સરદાર સંબંધી ઉદ્ભવતા કે ચર્ચાની એરણ ઉપર રહેલા વિવિધ પ્રશ્નો જેમ કે ગાંધીજીએ ખરે જ સરદારને વડાપ્રધાન ન બનવા દેવામાં અન્યાય કર્યો હતો કે ભૂમિકા ભજવી હતી ? અને 'હા' તો કયાં કારણોસર ?, સરદાર કોમવાદી અને મુસ્લિમ વિરોધી હતા ? સરદાર – નહેરુ વચ્ચેનો સંઘર્ષ કેવા પ્રકારનો અને કેમ હતો ? સરદારને મૌલાના આઝાદ વગેરે સાથે કેવા સંબંધો હતા ? નરીમાન પ્રકરણમાં સરદારની શી ભૂમિકા રહી હતી ? સરદારની ગાંધીજી પ્રત્યેની પ્રપત્તિભાવપૂર્વકની ભક્તિ અને સરદાર – ગાંધી વચ્ચે વિચારભેદ, સરદારના સમકાલીનો સરદારને કઈ રીતે જોતા ? વગેરે પ્રશ્નોના સાધાર અને વિશ્વસનીય ઉત્તરો મળી રહે છે. આ એક ચરિત્ર ગ્રંથ હોવાની સાથે સાથે આપણા સ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસ ગ્રંથ પણ બની રહે છે. લેખકે પણ નિખાલસતા સાથે નોંધ્યું છે કે 'મહાત્માજીએ આ બાબતમાં [પ્રથમ વડાપ્રધાનની

પસંદગીમાં] સરદાર જોડે અન્યાય કર્યો છે, તેવું કેટલાક લોકોનું પ્રતિપાદન આ ગ્રંથ લખવા માટે મને પ્રેરણા આપનાર પરિબળોમાંનું એક મહત્ત્વનું તત્ત્વ છે. આવો અન્યાય થયો હોય તો મહાત્માના પૌત્ર તરીકે તેનું થોડું વળતર ચૂકવી દેવાનું વાજબી ગણાય. આ ઉપરાંત પોતાના રાષ્ટ્રના ઘડવૈયા પ્રત્યેનું નાગરિક ઋણ ચુકવવાનો પણ મેં પ્રયાસ કર્યો છે.'

**'સ્ટેચ્યૂ ઑફ યુનિટિ'** વિશે કેટલુંક જાણવા જેવું
(વિવિધ માધ્યમોના સૌજન્યથી)

- 'સ્ટેચ્યુ ઑફ યુનિટિ'નું સરદાર સરોવર બંધના હેઠવાસમાં ૩.૨ કિ.મી. દૂર નર્મદા નદી મધ્યે સાધુ બેટ ઉપર નિર્માણ કરવામાં આવ્યું છે.
- ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતી વિશ્વની આ સૌથી ઊંચી પ્રતિમા છે. વિશ્વની અન્ય પ્રસિદ્ધ પ્રતિમાઓમાં ૧. ૧૫૩ મીટર સ્પ્રિંગ ટેમ્પલ બુદ્ધ, ચીન ૨. ૧૨૦ મીટર ઉશિકુ દાઈબુત્સુ, જાપાન. ૩. ૯૩ મીટર સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી, યુ.એસ.એ., ૪. ૯૨ મીટર 'ધી ગ્રેટ બુદ્ધ', થાઇલૅન્ડ, ૫. ૮૫ મીટર 'ધ મધરલૅન્ડ કોલ્સ', રશિયા અને ૬. ૩૯.૬ મીટર 'ક્રાઇસ્ટ ધ રીડીમર', બ્રાઝિલ વગેરેનો સમાવેશ થાય છે.
- ૨૫ મીટર ઊંચી પીઠિકા ઉપર ૧૫૭ મીટર ઊંચાઈ ધરાવતી પ્રતિમા છે.
- પ્રતિમાના ઉપરના સ્થળે દર્શક ગેલેરીમાં એક સાથે ૨૦૦ સહેલાણીઓ ઊભા રહી શકે છે. આ હેતુ પ્રતિમાના બંને પગના ભાગમાં લિફ્ટ મૂકવામાં આવી છે.
- આ પ્રોજેક્ટમાં અંદાજે ૭૦ હજાર ટન સિમેન્ટ, ૧૮૫૦૦ ટન રિઈન્ફોર્સમેન્ટ સ્ટીલ, ૬૦૦૦ ટન સ્ટ્રક્ચર સ્ટીલનો ઉપયોગ થયો છે.
- કાંસાનું આવરણ ધરાવતી વિશ્વની આ સૌથી ઊંચી પ્રતિમામાં ૨૨૬૦૦ ચો.મી. આવરણ અને ૧૭૦૦ મૅટ્રિક ટન વજન ધરાવે છે.
- આ પ્રોજેક્ટના નિર્માણમાં ૨૫૦ જેટલા ઇજનેરો અને ૩૭૦૦ જેટલા કારીગરોનો સહયોગ મળ્યો છે.
- ૧૯ હજાર સ્કવેર મીટરની વિશાળ જગ્યામાં આકાર પામેલા 'સરદાર પટેલ સ્મારક પ્રોજેક્ટ'નું નિર્માણ.
- 'સ્ટેચ્યૂ ઑફ યુનિટિ' માત્ર ૩૩ મહિનામાં બનીને તૈયાર થઈ ગયું છે, જે પણ એક રેકોર્ડ છે.
- 'સ્ટેચ્યૂ ઑફ યુનિટિ' પર કાંસાની પરત ચઢાવવા સિવાયનું દરેક કામ ભારતમાં જ થયું છે.
- આ પ્રતિમાની ડિઝાઇન શિલ્પકલાવિદ પદ્મવિભૂષણ રાવ વી. સુતાર દ્વારા તૈયાર કરવામાં આવી છે અને તેનું બાંધકામ Larsen & Toubro દ્વારા Michael Graves and Associates તથા The Meinhardt Groupના સહયોગમાં કરવામાં આવ્યું છે.
- 'સ્ટેચ્યૂ ઑફ યુનિટિ' પરથી સરદાર સરોવર ડેમ, સાતપુડા તેમજ વિંધ્ય પર્વત પણ જોઈ શકાય છે.
- અહીં સરદાર વલ્લભભાઈ પટેલ સંબંધી ૪૦,૦૦૦ દસ્તાવેજો, ૨૦૦૦ ફોટોગ્રાફ્સ સહિત સરદાર પટેલ રિસર્ચ સેન્ટર ઊભું કરવામાં આવનાર છે.
- 'સ્ટેચ્યૂ ઑફ યુનિટિ'નો શિલાન્યાસ ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા. ૩૧ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ કરવામાં આવ્યો હતો અને યોગાનુયોગ તેનું લોકાર્પણ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદહસ્તે તા. ૩૧ ઑક્ટોબર, ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું.

**મણિભાઈ પ્રજાપતિ**

---

* અહીં ખાસ નોંધવું રહ્યું કે સરદાર વલ્લભભાઈ પટેલ માટે આપણે સામાન્યતઃ 'લોહપુરુષ' શબ્દપ્રયોગ કરીએ છીએ. આ સંબંધી ચં. ચી. મહેતાનું મંતવ્ય આપણે તેમના જ શબ્દોમાં જોઈએ : સરદારસાહેબના નામ સાથે જરા જરામાં 'લોખંડ' શબ્દનો ઉપયોગ કરનારાઓએ કઈ હદ સુધી દુરુપયોગ કર્યો છે એ બતાવવા પૂરતી જ આ ટકોર કરું છું. ફરીથી પુનરુકિત વહોરીને કહું કે સરદારસાહેબ દાદા ધર્માધિકારીના શબ્દોમાં 'રુદ્ર-ભદ્ર' પુરુષ હતા. રુદ્ર રડ્યા ત્યારે આંખમાંથી રજત સર્યું. અગ્નિ નહીં. એવા ભદ્રપુરુષ સરદારના સુકોમળ હૃદયનો અનુભવ બહુ ઓછાને થયો છે, કારણ એઓ કાર્યરત જ રહ્યા. પણ જેમને એ થયો છે તે કદી એમના સંદર્ભમાં 'લોહપુરુષ' કે 'લોખંડી પુરુષ' શબ્દપ્રયોગ સાંખી શકે નહીં, સહી શકે નહીં. ચરોતરમાં જે પાંચસાત ગામમાં એમની પ્રતિમા સ્થાપિત થઈ છે ત્યાં 'ભારતના લોહપુરુષ' એવું અનાયાસ અજ્ઞાનને કારણે ચીલાચાલુ પદ્ધતિને અનુસરીને કોતરાયું છે, તે ઠીક નથી – પણ હવે શું થાય ? (જુઓ **ગુણવંત શાહ** કૃત **'સરદાર એટલે સરદાર'**. ૭મી સંવર્ધિત આવૃત્તિ, ૨૦૦૬, પૃ. [૭])

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર ઇતિહાસની અટારીએથી...

# સંભારણાં

વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ

**''અમે નાનાં નાનાં બાળ**
**કાલ મોટાં થાશું ને જગ દોરશું''**

આવતી કાલના આગેવાન થવાનો કેટલો ચોક્કસ અને દઢતાભર્યો આત્મવિશ્વાસ આ લીટીઓમાં ધબકે છે !! આપણી સંસ્થામાં જીવનનાં ભાથાં બાંધવા આવનાર વિદ્યાર્થીઓમાં તેવો આત્મવિશ્વાસ સ્ફુરી પાંગરતો.

સને ૧૯૩૩માં હું ને મારા નાના ભાઈ શિવાભાઈ ગુજરાતી પાંચ ધોરણનો અભ્યાસ પૂર્ણ કરી આગળ અભ્યાસાર્થે સર્વ વિદ્યાલય-કડીમાં દાખલ થયા અને વિદ્યાર્થી આશ્રમમાં છાત્ર તરીકે પ્રવેશ મળ્યો.

મારું ગામ ગણેશપુરા, કડી તાલુકા અને મહેસાણા તાલુકાની હદને અડીને હાલના નૅશનલ હાઈવે ઉપર આવેલું માંડ સો ઘરોની વસ્તીવાળું ગામડું છે. તે વખતે કડી, પગપાળા કે ઘોડેસવારી કરી અવાતુંજવાતું. ગણેશપુરાથી કૈયલ ગામ દોઢ ગાઉ થાય. અમારા ગામે ગુજરાતી શાળા હતી નહીં, તેથી દરરોજ ચાલતા કૈયલ જતાઆવતા અને ભણતા.

ગુજરાતી શાળામાં હેડમાસ્તર તરીકે સોજિત્રાના રહીશ લેઉઆ પાટીદાર શ્રી ઈશ્વરભાઈ હતા. અંગ્રેજી ચાર ચોપડી ભણેલા. તે વેળા ગામેગામ ફેરીઓ નીકળતી. પૂ. મહાત્મા ગાંધીજીની આઝાદીની લડતનું વાતાવરણ ગામેગામ હતું. અમે ગાતા –

**'નહીં નમશે, નહીં નમશે; નિશાન ભૂમિ ભારતનું.'**

વળી શિક્ષકો ગવડાવતા –

**'ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે,**
**શૂરા જાગજો રે, કાયર ભાગજો રે... ડંકો.'**

લાકડીમાં ત્રિરંગો ઝંડો ભેરવી, નીકળે એટલા ઊંચા સ્વરે આ લડાયક કૂચગીતો ગાતા. તે વખતે આ બધું શા માટે કરીએ છીએ તે ઓછું સમજાતું પણ અંગ્રેજોને કાઢવા પૂ. મહાત્માજીએ લડત ઉપાડી છે, તેવું થોડુંક સમજાતું.

મારા દાદાનું નામ ઉમેદદાસ. બાંધીદડીના. બે ચોપડી જેટલું નજીવું ભણેલા. પણ આપણે જેને આપસૂઝવાળા, સંસ્કારી કહીએ તેવા સારી સૂઝ ધરાવનારા સંસ્કારી હતા. ખેતી સાથે થોડો વેપાર પણ કરતા. મારા પિતાશ્રી હરગોવિંદદાસનો અભ્યાસ ગુજરાતી પાંચ સુધીનો. પણ નામું, વેપાર, મુખીપણું, ખેતી વગેરેમાં મારા દાદા કરતાં સવાયા હોશિયાર. નીડર પણ એટલા જ.

કૈયલ, નંદાસણ, સૂરજ, લીંચ, ધોળાસણ વગેરે ગામોમાં જૈન વાણિયાની વસ્તી સારા પ્રમાણમાં અને બધાં ગામોની વચ્ચે મારું ગામ ગણેશપુરા એટલે એમને માટે સગેવહાલે જતાં આવતાં વિસામો ખાવાનું સ્થળ. એકા લઈને કે ઘોડે ચઢીને જતા-આવતા અમારે ત્યાં રોકાય. મારા ગામમાં જૈન વાણિયા કે બ્રાહ્મણનું ઘર નહીં, જેથી મારા દાદા કાયમ બ્રાહ્મણિયા પાણીની એક માટલી ભરાવી રખાવે, સાથે બે પ્યાલા અને એક ડોલચો રહે. ત્યારથી માટલીમાંથી પાણી ડોલચેથી જ લેવાય અને ઘરમાં પણ તે રીતે પાણી લેવાતું. ગુજરાતી શાળાના મારા હેડમાસ્તર શ્રી ઈશ્વરભાઈ તથા મારાં ગુરુપત્ની ગંગાબહેન પણ સ્વચ્છતાનાં ઘણાં જ આગ્રહી હતાં. અને મારા દાદા-પિતા આવી સ્વચ્છતા રાખે છે, જાણી ઘણાં જ પ્રસન્ન થયેલાં. મળત્યાગ કરી નહાવું; સ્નાન સિવાય ઘરમાં જવાય નહીં; દિવસ આથમ્યા પહેલાં જમી લેવું (જેને વાણિયા વાળુ કહેતા અને મારા દાદા-પિતાને સગાવહાલાં અજવાળિયા મહેમાન કહેતા) વગેરે નિયમો ઘણા જ આગ્રહથી મારા દાદા તથા પિતા પાળતા અને પળાવતા.

મારા દાદાનો પ્રેમ અમો બાળકો ઉપર અધિક હતો. તેમના દેહાંત સમયે, 'દાદા અમને શું કહો છો ?' તેવું પૂછતાં ''બેટા ભણજો'' તેવી શિખામણ આપેલી.

દાદાની શિખામણ અને સંસ્કારી, કેળવણી પ્રેમી

સજ્જનોના સંગના કારણે તથા મારા હેડમાસ્તર શ્રી ઈશ્વરભાઈ સાહેબના આગ્રહથી મને તથા મારા નાના ભાઈ શિવાભાઈને મારા પિતાશ્રી પોતાનાથી દૂર રાખી કડી-સર્વ વિદ્યાલયમાં ભણવા મૂકવા પ્રેરાયેલા. તે વખતે કડી પણ ઘણું જ દૂર લાગતું. જો કડીની સંસ્થા ન હોત તો મારું ભણવું શક્ય બન્યું ન હોત.

પણ ઘર છોડી આગળ ભણવાનો ઉમંગ છાત્રાલયમાં દાખલ થયાને બીજે દિવસે મોળો પડી ગયો. એકલું એકલું લાગે. ગોઠે નહીં. પૂ. રતિભાઈ સાહેબ તે વખતે નાના વિદ્યાર્થીઓના ગૃહપતિ તરીકે કામ કરતા નવા આવનાર વિદ્યાર્થીઓને શરૂશરૂમાં ગોઠતું નથી તે તે જાણે. તેથી અમને રમાડે, વાર્તાઓ કહે. પણ મનમાંથી ગ્લાનિ દૂર ન થાય. અઠવાડિયામાં ઘેર ત્રણ કાગળ લખ્યા..... 'અમને ખાવાનું ભાવતું નથી. અમારે ભણવું નથી. અમને ઘેર લઈ જાઓ...' શ્રી ઈશ્વરભાઈ સાહેબ મારા પિતાશ્રી સાથે આવ્યા. તેમણે જોયું કે હાલ દબાણ કરે વાત બગડશે. શ્રી રતિભાઈ સાહેબને મળી અમને ગણેશપુરા લઈ ગયા. પણ મારી બાએ મારા દાદાના શબ્દો યાદ દેવડાવ્યા, 'બેટા ભણજો.' પણ કૈયલ ગામે ગુજરાતી પાંચ ધોરણથી આગળ અભ્યાસ કરાવવામાં આવતો ન હતો. અમે ગુજરાતી પાંચ ચોપડી ભણી રહ્યા. હવે કરવું શું ? એ પ્રશ્ન જાગ્યો. અને મારી બાને વિનવવા લાગ્યા; બા, મારા બાપાને અમને ફરી ભણવા મૂકવા કડી આવવાનું કહે. મારી બા મારા બાપાને કહે, પણ તે તાડૂકે, 'ભણ્યા હવે, નહોતો મૂકી આવ્યો ? છો હવે ઘેર જ રહ્યા. ફરી કોણ લેવા જાય પાછું ?' ડરના માર્યા અમે બોલી ન શકીએ. પણ મારી બાને છાના કરગર્યા કરીએ. 'બા હવે પાછા નહીં આવીએ.' પણ મારા પિતા માને જ નહીં ને.

ફરી પાછા શ્રી ઈશ્વરભાઈ સાહેબ અમારી વહારે આવ્યા. તેમણે જોયું અને જાણ્યું કે અમારે ભણવા જવું છે. મારા પિતાને કહી અમને બંને ભાઈઓને કડી મૂકી ગયા. અમે રહ્યા. અમને આશ્રમ નવો દેખાયો. અમારા જેવા ઘણા નવા વિદ્યાર્થીઓ હતા. તેમાં ધનાલીથી મારા પિતાના મામાના દીકરા કાળિદાસ હતા. મારા મોસાળના ગામેથી ત્રિભોવનદાસ થોભણદાસના દીકરા ગોપાળભાઈ હતા. અમને જોડીદાર મળી ગયા. શરૂમાં ગાયનું દૂધ ભાવે નહીં તે ગોપાળભાઈ પોતે લઈ લે અને તેમનું શાક મને આપી દે.

અને પછી તો શ્રી રતિભાઈ સાહેબ શ્રી પોપટભાઈ સાહેબ, શ્રી છગનભાઈ સાહેબ, શ્રી બાપુભાઈ ગામી સાહેબ વગેરે સૌનો જાદુ અમને સ્પર્શવા લાગ્યો. ગામડામાં જે રાષ્ટ્રીય વાતાવરણ હતું તેનાથી ઘણું મોટું અને વિશાળ વાતાવરણ અહીં હતું. શ્રી છગનભાઈ સાહેબ અમેરિકાના બૂકર ટી વૉશિંગ્ટનનાં ટસ્કેજી સંસ્થામાં આપેલાં ભાષણો વાંચી અમને ઘડે. સ્વ. પૂ. બાપુભાઈ સાહેબ તો સદા ધ્યાનમાં જ દેખાય. અને તેમના દેખાવની પ્રેમભરી ગંભીરતા અમને સીધા રસ્તે ચઢાવ્યા જ કરે. શ્રી રતિભાઈ અમીન સાહેબ અમારા રોજેરોજના કાર્યક્રમમાં જાગતા ચોકીદાર રહી અમને સંસ્કાર સિંચે. શ્રી પોપટભાઈ સાહેબનાં આગવાં સાદાઈ, નિષ્ઠા અને આગ્રહ અમને પ્રેરણા આપે. શ્રી પોપટભાઈ સાહેબની ચાલ જોવાની અને બોલવાની રીત હજુ બરોબર યાદ છે. સૌની સાદાઈ, ત્યાગ, આશ્રમજીવનમાં અને શિક્ષણક્ષેત્રે સતત ઓતપ્રોત રહેવાની નિઃસ્વાર્થ તત્પરતા અમને એમ મનાવતી કે –

**'અમે નાનાં નાનાં બાળ**
**કાલ મોટાં થાશું ને જગ દોરશું.'**

સુથારી વર્ગ અને વણાટ વર્ગ ચાલતા. વણાટ વર્ગમાં મેં જાતે વણેલો રૂમાલ મેં જે દિવસે વાપરેલો તે દિવસે જાણે કે મેં એક મહાન સિદ્ધિ હાથ કરી છે તેવું લાગેલું. અને જાતે વણેલી ખાટલાની પાટી જ્યારે મારે ઘેર લઈ ગયેલો ત્યારે મારાં માતા-પિતાને તથા આજુબાજુના સૌને આશ્ચર્ય થયેલું અને 'આનું નામ ભણતર.' તેવા ઉદ્ગાર કાઢેલા.

સ્વ. શ્રી ઉમેદભાઈ સાહેબ ગુજરાતી લેતા. તે વખતે શ્રી રણછોડભાઈ (હાલના રણજિત 'અનામિ') શ્રી જયંતીલાલ ભાઈલાલ (હાલમાં સમીના મામલતદાર છે તે), સ્વ. શ્રી ત્રિભોવનદાસ નથુદાસ (લણવાવાળા), શ્રી પીતામ્બરભાઈ પટેલ (લેખક અને પંચાયત સર્વિસ કમિશન અધ્યક્ષ), શ્રી ખોડાભાઈ (અગ્રેસર વકીલ અને કાર્યકર), આવા ઘણા અમારી આગળ ઘડાતા લેખકો, કવિઓ અને આગેવાનો હતા. મારી સાથે અમે પિસ્તાળીશ વિદ્યાર્થીઓ હતા. શ્રી હરગોવિંદભાઈ ધનાભાઈ (આજના મહેસાણા જિલ્લા કૉંગ્રેસના પ્રમુખ), શ્રી સોમાભાઈ માનાભાઈ સોલંકી (સૂરજના હરિજન

**(અનુસંધાન પૃ. ૧૦ પર)**

# જૈફ અરવલ્લી અને શિશુ હિમાલય

**મોહનલાલ પટેલ**

નગાધિરાજ હિમાલય એ આપણી વૈદિક સંસ્કૃતિનું મૂળ સ્રોતસ્થાન. એમાંથી નીકળેલી નદીઓ અને એમણે રચેલી ખીણો એ આપણી સંસ્કૃતિનું પારણું. એટલે આપણા હૈયામાં હિમાલયનું સ્થાન એટલું તો ઊંચું અને ગૌરવભર્યું છે કે એનું અનન્યત્વ સહેજ પણ ખંડિત થાય એવી વાત કદાચ આપણને આંચકો જ આપે. આપણને કોઈ એમ કહે કે હિમાલય એ તો અરવલ્લી આગળ એક બચ્ચું જ ગણાય, તો આપણને આંચકો લાગ્યા વગર ન રહે. પણ વિશ્વ અને પૃથ્વીના ઉદ્‌ભવની વાત આપણે જાણીએ ત્યારે એ હકીકતને સ્વીકાર્યા વિના ન ચાલે.

ભૂસ્તરશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકોએ પૃથ્વી અને પૃથ્વી પરના ખડકોની વય આપણને એકદમ સ્પષ્ટ કરી આપ્યાં છે. પૃથ્વીની ઉંમર ૪ અબજ અને ૬૦ લાખ વર્ષ. અરવલ્લી પર્વતમાળા પ્રથમવાર ભૂકવચ બહાર નીકળી એ વાતને ૭૦ કરોડ વર્ષ થયાં. આપણે હાલ જે અરવલ્લી જોઈએ છીએ એનું વય ૫૦ કરોડ વર્ષ. અને આજે આપણે હિમાલયને જે સ્વરૂપે જોઈએ છે એનું વય ૬૦ લાખ વર્ષ છે. અરવલ્લી એ આપણી પૃથ્વીનો સૌથી પુરાણો પર્વત અને હિમાલય પૃથ્વી ઉપર સૌથી છેલ્લે પ્રગટેલો પર્વત. આ વયની વાત સમજવા માટે સૂર્ય અને ગ્રહોના ઉદ્‌ભવ વિશે સહેજ વાત કરી લેવા જેવી ખરી. ઈ. સ. ૧૭૫૫માં જર્મન ફિલસૂફ કેન્ટે બ્રહ્માંડના સંબંધમાં કહ્યું હતું કે હાલ સૂર્યમંડળ છે એ સ્થાને અવકાશમાં રજ અને વાયુનું એક વિરાટ ઠંડું વાદળ હતું. આ માન્યતામાં ફ્રેંચ ગણિતશાસ્ત્રી લેપ્લેસ જેવાએ સુધારા કર્યા. સૂર્યમંડળની ઉત્પત્તિ વિશે બીજા અભિપ્રાયો પણ વ્યક્ત થયા છતાં આખરે તો કેન્ટની માન્યતાના આધારે જ સૂર્યમંડળની ઉત્પત્તિની સમજ બંધાઈ છે. વૈજ્ઞાનિકો માને છે કે કેન્ટે જે વાદળની વાત કરી છે એ વાદળ વિવિધ અણુઓનું મિશ્રણ હતું. એના દર હજાર અણુએ ૯૦૦ હાઇડ્રોજનના, ૯૭ હિલિયમના અને બાકી રહેતા ત્રણ કાર્બન, ઑક્સિજન, લોહ વગેરે ભારે તત્ત્વોના હતા.

આ વાદળ ધીરે ધીરે ઘૂમરી ખાવા લાગ્યું. આ વાદળમાં વચ્ચેના ભાગમાં એક વિરાટ અને અન્ય ભાગોમાં કેટલાંક વામન વાદળો પેદા થયાં. વચ્ચેનું પેલું વિરાટ વાદળ અન્ય કરતાં વધારે વેગથી ઘૂમતું હતું. ધીરે ધીરે એ ઘટ્ટ બન્યું. સૂર્યનું આ પ્રથમ બંધારણ !

આ ઘટ્ટ વાયુ સંચયની સાથે ઘૂમી રહેલાં શેષ વામન વાદળોમાં કેટલાક અણુઓનું સંયોજન પાણી અને એમોનિયા જેવા પદાર્થોમાં રૂપાન્તરિત થયું અને ધીરે ધીરે પેલી ઘન સ્વરૂપવાળી રજમાંથી લોહ, સિલિકેટ અને અન્ય ધાતુઓના સ્ફટિક બંધાયા.

હવે આ ઘૂમતાં વિરાટ અને વામન વાદળોના જામતા બંધારણમાં ગુરુત્વાકર્ષણ અને કેન્દ્રત્યાગી બળ (ઘૂમતી થાળીમાં વટાણા જે બળથી દૂર ભાગે અથવા ઘૂમતી ગોફણમાંથી ગોળો જે બળથી દૂર છૂટે તે બળ) શરૂ થયાં. પરિણામે આ વાદળે એક વિરાટ અને રકાબી જેવી ચપ્પટ તકતીનો આકાર ધારણ કર્યો. એક વિરાટ, ગ્રામોફોનની ઘૂમતી વિરાટ રેકોર્ડ જોઈ લ્યો. વચ્ચેના કાણાવાળા ભાગે સૂર્ય અને એને ફરતી બીજી કેટલીક નાની તકતીઓ તે ગ્રહો. આ બધી તકતીઓએ ધીરે-ધીરે ગોળાઓનું સ્વરૂપ પકડ્યું અને એમાંથી સૂર્ય અને ગ્રહો થયા.

જ્યારે સૂર્યની સાથે બીજાં વાયુવમળો ઘૂમરાઈને ગ્રહોનું રૂપ ધારણ કરવા લાગ્યાં હતાં, એમાં પૃથ્વી પણ પોતાનો ગોળાકાર ધારણ કરી રહી હતી. આ ગોળામાં કેટલાંક કિરણોત્સર્ગી તત્ત્વો પણ ભળ્યાં હતાં. આ તત્ત્વોએ પૃથ્વીની અંદર ગરમી પ્રગટાવવા માંડી અને લાખો વર્ષ પછી એ ગરમીનું પ્રમાણ એટલુંબધું વધ્યું કે કેન્દ્રમાં રહેલ લોહ અને નિકલ જેવાં ભારે તત્ત્વો નીચે બેસવા લાગ્યાં અને પૃથ્વીમાં એક ધગધગતું પીગળેલું કેન્દ્ર બની રહ્યાં જેને આપણે લાવા તરીકે જાણીએ છીએ.

ધીરે-ધીરે પૃથ્વીની સપાટી ઠંડી પડવા લાગી અને એણે નક્કર રૂપ ધારણ કરવા માંડ્યું. ખડકો બંધાયા અને

ભૂકવચ તૈયાર થયું. આ ભૂકવચને આપણે મૃદાવરણ તરીકે ઓળખીએ છીએ. પૃથ્વીનું કવચ બંધાયું ખરું, પણ હજુ પેલો લાવા એ કવચને ભેદીને બહાર આવ્યા કરતો હતો. બહાર આવેલો લાવા ઠંડો પડતાં ખડકો અને પર્વતો બંધાતા જતા હતા.

પૃથ્વીનું કવચ ભેદીને બહાર આવેલા લાવાના ખડકો સખત હતા ખરા, પણ કેટલાક ખડકો તો પૃથ્વીના કવચ નીચે રહીને ઠરેલા લાવાના બન્યા હતા. આવા ખડકો એમના ઉપરના અતિશય દબાણને લીધે કવચ બહારના ખડકો કરતાંય વધારે સખત અને વધારે વજનવાળા હતા. આવા ખડકોને કાળમીંઢ ખડકો કહે છે.

આવા કાળમીંઢ ખડકો લાંબા સમય સુધી ભૂકવચ નીચે જ રહેતા હોય છે. પણ ક્યારેક ભૂગર્ભમાં કે ભૂકવચમાં થતી ઊથલપાથલને લીધે પૃથ્વીનું કવચન ભેદાય છે અને એ ખડકો બહાર આવે છે. અરવલ્લી પર્વતમાળા એ આવા ખડકોની માળા છે. પહેલી વાર ૭૦ કરોડ વર્ષ પહેલાં ભૂકવચ ભેદીને બહાર આવી પણ એનું બંધારણ તો એથીયે પુરાણું હતું.

જ્યારે અરવલ્લી પર્વતે પહેલી વાર પૃથ્વીની સપાટી બહાર સ્થાન લીધું ત્યારે એની ઊંચાઈ ઘણી વધારે હતી. એનાં કેટલાંક શિખરો હિમાચ્છાદિત હતાં. અને આજે જેમ હિમાલય દુર્લંઘ્ય પર્વત છે એવી રીતે અરવલ્લી પણ દુર્લંઘ્ય પર્વત હતો. બારેમાસ વહેતી નદીઓ એમાંથી નીકળતી હતી. પણ કુદરતની કરામત અકળ છે. પ્રકૃતિના ઘસારાનાં બળો ગમે તેવા ઊંચા પર્વતને સમુદ્રની સપાટીએ લાવી મૂકી શકે છે. અમેરિકાના ગ્રાન્ડ કેન્યોનનાં જગપ્રસિદ્ધ કોતરોનો ઇતિહાસ જાણીતો છે. એક કરતાં વધારે વાર ત્યાં પર્વતો ઊપસ્યા અને ભૂમિતળ બની રહ્યાં. આજે ત્યાં એકએક માઈલ ઊંડાં કોતરો છે. અરવલ્લી બહાર આવ્યો ખરો, પણ ઘસારાથી ૧૦ કરોડ વર્ષમાં ભૂમિના તળિયા જેવો બની રહ્યો છે. ફરી પાછો પછીનાં ૧૦ કરોડ વર્ષ દરમિયાન ઊંચકાયો. અને આજથી ૫૦ કરોડ વર્ષ પહેલાં આજે છે એવો અને એટલી ઊંચાઈનો બની રહ્યો. ભૂસ્તરશાસ્ત્રીની દષ્ટિએ એનો પથરાટ દિલ્હીથી અમદાવાદ સુધીનો ગણાય. આપણે એને સિદ્ધપુર પછી શરૂ થતો જોઈ શકીએ છીએ અને અજમેર પછી એ ઓસરતો જાય છે. એનાં દર્શન એક પર્વતરૂપે નહીં પણ છૂટીછવાઈ ટેકરીઓરૂપે પણ થાય છે. એટલે તો એ ગિરિમાળા કહેવાય છે. એની ઊંચાઈ ૩૦૦ મીટરથી માંડીને ૧૨૦૦ મીટર સુધીની છે. આબુમાં આવેલું ગુરુશિખર એનું ઊંચામાં ઊંચું શિખર છે. અને એની ઊંચાઈ ૧૭૨૨ મીટર છે. સર વિલિયમ હંટરે આ ગિરિમાળાને જગતના સૌથી પુરાણા પર્વત તરીકે ઓળખાવી છે.

હવે વાત જગતના સૌથી ઊંચા પર્વત હિમાલયની. એ જગતનો સૌથી ઊંચો પર્વત (પર્વતમાળા) ખરો; પણ ઉંમરમાં જગતનો સૌથી નાનો પર્વત ! આજે આપણે હિમાલયને જે સ્વરૂપે જોઈએ છીએ એનું એ સ્વરૂપ આજથી માત્ર ૬૦ લાખ વર્ષ પૂર્વે અસ્તિત્વમાં આવ્યું હતું. જ્યારે એ પ્રથમ વાર અરબી સમુદ્રમાંથી ઊપસીને બહાર દેખાયો ત્યારે એની ઊંચાઈ ૪૦૦૦ મીટર કરતાં વધારે નહોતી. આજે એનું ઊંચામાં ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ ૮૮૪૮ મીટરની ઊંચાઈ ધરાવે છે.

હિમાલયના ઉદ્ભવની ભૂમિકા રસપ્રદ છે. ૨૦ કરોડ વર્ષ પહેલાં પૃથ્વી ઉપર ફક્ત એક જ મહાખંડ ગોન્ડવાનાલેન્ડ હતો. એ વખતે બધા જ ખંડો એકબીજા સાથે જોડાયેલા હતા. વિભાજન વખતે ભારતનો આકાર એક ત્રિકોણ જેવો હતો અને એ એન્ટાર્કટિકા ખંડ અને આફ્રિકાખંડ વચ્ચે એક ફાચરની જેમ ઘૂસેલો હતો.

૧૩.૫ કરોડ વર્ષ પહેલાં પૃથ્વીના આ મહાખંડના વિભાજનનો આરંભ થયો. અમેરિકાના ભૂસ્તરશાસ્ત્રીઓ રોબર્ટ દીએત્ઝ અને જોન હોલેન્ડના મત પ્રમાણે પ્રથમ ભૂકવચમાં પૂર્વ-પશ્ચિમ ખેંચાતી એક વિરાટ ફાડ પડી અને ખંડોનું વિભાજન શરૂ થયું. પહેલાં બે ભાગ થયા. એક દક્ષિણ અમેરિકા અને આફ્રિકાનો સમૂહ અને બીજો ઑસ્ટ્રેલિયા અને એન્ટાર્કટિકાનો સમૂહ.

ખંડોના આ વિભાજનમાં ભારતની મુસાફરી સૌથી વધારે રોમાંચક હતી. ભારતે આફ્રિકા અને એન્ટાર્કટિકામાંથી છૂટા થઈને ઉત્તર એશિયા ખંડની દિશામાં ગતિ શરૂ કરી અને ૮૮૫૦ કિલોમીટરનું અંતર કાપીને એશિયા સાથે ભીંસ માંડી. આફ્રિકા-એન્ટાર્કટિકામાંથી નીકળીને એશિયા સુધીનું અંતર કાપવામાં એને ૧૮ કરોડ વર્ષ લાગ્યાં.

એ પછી બે કરોડ વર્ષે ભારત એશિયા સાથે ભીંસાયો ત્યારે એશિયાની દક્ષિણે અને પૂર્વ તરફ સમુદ્ર હતો. એ સમુદ્રને તળિયે જળકૃત ખડકો હતા. એશિયા સાથે ભારતની ભીંસ વધારે જબરદસ્ત અને બળવાન બની. કારણ કે ભારતની ગતિ ઉત્તર તરફ હતી. સામસામાં

બળ થાય ત્યારે કાં તો બે તરાપા ઊપસે અથવા એક નમે (પૃથ્વી ઉપરના ખંડો પૃથ્વીના ભૂરસ ઉપર તરાપા બરાબર જ હતા.) ભારતનો તરાપો વિશાળ એશિયાને ધકેલી શક્યો નહિ. એ ખુદ નમી ગયો. આમ થવાથી દબાયેલા ભૂરસે બહાર નીકળવાનો માર્ગ શોધ્યો, પરિણામે એશિયાને વીંટળાયેલા સમુદ્ર-તળિયાના પર્વત ઊંચકાયા અને સમુદ્રના પાણીને ખસેડીને ભૂમિરૂપ બનીને બહાર આવ્યા. આ બહાર આવેલા જળકૃત ખડક તે હિમાલય !

સમુદ્રને તળિયેથી હિમાલય ઊંચકાયો તે વખતે એશિયાનો તરાપો પણ કંઈક અંશે ઊંચકાયો અને તે તિબેટનો ઉચ્ચપ્રદેશ બન્યો. આ પ્રક્રિયા ૬.૫ કરોડ વર્ષ પૂર્વે બની. તે વખતે અગાઉ કહ્યું તેમ હિમાલયની ઊંચાઈ ફક્ત ૪૦૦૦ મીટરની હતી.

એશિયાનો તરાપો ઊંચકાયો અને ભારતનો તરાપો નમ્યો એને પરિણામે એ બે વચ્ચે એક વિરાટ ખીણ અસ્તિત્વમાં આવી. ઊંચકાયેલા ખડકો વરસાદનું નિમિત્ત બન્યા. જંગલો વિકસ્યાં. વરસાદને કારણે ધોવાણ થતું રહ્યું અને કરોડો ટન કચરો એમાં ઠલવાતો રહ્યો. આ વજનના કારણે ભારતના તરાપાની ઉત્તર ધાર વધારે ને વધારે નમતી ગઈ અને ભૂરસ ઉપર દબાણ વધતું ગયું. પરિણામે ભૂરસનું ઉપર તરફ જોર થતું રહ્યું અને હિમાલયની ઊંચાઈ વધતી રહી. આજથી ૬૦ લાખ વર્ષ પહેલાં હિમાલય જગતનો સૌથી ઊંચો પર્વત બની ચૂક્યો. વૈજ્ઞાનિકો માને છે કે આ પ્રક્રિયા હજુ ચાલુ જ છે. (અલબત્ત, આ પ્રક્રિયામાં લાખો અને ક્યારેક કરોડો વર્ષના હિસાબ હોય છે એટલે આપણા વ્યક્તિગત જીવનમાં આ ફેરફારનો ખ્યાલ આપણને આવી શકે નહિ.)

**મોહનલાલ પટેલ**
**૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી,**
**સેટેલાઇટ, ભાવનિર્ઝર પાસે,**
**અમદાવાદ-૩૮૦૦૧૫**
**ફોન : ૦૭૯-૨૬૮૬૨૫૯૮**

---

**(અનુસંધાન પૃ. ૭થી આગળ)**

વિદ્યાર્થી અને આજના ગાંધીનગર જિલ્લામાંથી સંસદ સભ્ય), શ્રી ભુદરભાઈ પંચાલ સોજાવાળા (કલોલમાં શક્તિ એન્જિનિયરિંગ વર્કસના માલિક), શ્રી સોમાભાઈ વી. પટેલ ટુંડાવના (ગુજરાત રાજ્ય સરકારના ખેતીવાડી ખાતાના આસિસ્ટંટ ડિરેક્ટર), શ્રી વિશ્રામભાઈ શંકરલાલ પટેલ (મુંબાઈમાં મફતલાલ ગ્રૂપની મિલમાં), પા. ચતુરભાઈ પલિયડવાળા (હાલ મહેસાણામાં મોટા વેપારી), વકીલશ્રી છગનલાલ કાળીદાસ (કલોલ), શ્રી મણિભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉનાવા બાલવાના હાલમાં છેક રાષ્ટ્ર સરકારની બીજ સમિતિમાં સભ્ય), શ્રી બેચરભાઈ ગાંધી (હાલમાં મુંબઈમાં મોટા વેપારી), શ્રી સોમચંદ શાહ (હાલમાં વડોદરા ગુજરાત રબર કંપનીવાળા), શ્રી સોમાભાઈ મગનલાલ બલોલવાળા (અમદાવાદમાં હાલમાં ચાંદીના મોટા વેપારી), સ્વ. ગોપાળભાઈ ત્રિભોવનદાસ (અમદાવાદમાં પાંચકૂવામાં જથ્થાબંધ કાપડના મોટા સફળ વેપારી) આમ અનેક અમે માતૃસંસ્થા સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં ભણ્યા અને છાત્રાલયમાં રહ્યા અને અમારા હાલનાં ભાથાં ભર્યાં. સંસ્કાર અને આત્મબળના અમીથી સંસ્થાએ અમને પોષ્યા જેના પરિણામે અમે અનેક જે છીએ તે પ્રતિ આગળ વધી શક્યા.

આજે અમારી આ માતૃસંસ્થા સુવર્ણજયંતી ઊજવે છે. એ તપોભૂમિમાં ગામડાંના શોષાતા ખેડૂતસમાજનાં બાળકોને અમી સિંચન થયાં છે, અને થયા કરે છે. આજે વિજ્ઞાન કૉલેજ, જુનિયર ટેક્નિકલ સ્કૂલ, પૂર્વ વ્યવસાયી તાલીમકેન્દ્ર તેની પ્રવૃત્તિઓમાં ઉમેરાયાં છે. પૂ. સ્વ. છગનભા અને સ્વ. શેઠશ્રી મફતલાલ ગગલદાસે રાખેલી આશાઓ ફળતી જાય છે.

આ તપોભૂમિમાં રહી સાદાઈ, શ્રમ, સ્વાશ્રય, નિયમિતતા, પ્રાર્થના, વિવેક, વિનય, સદ્વિચાર, જે મેળવ્યું છે તેનો બદલો વાળીએ. યાદ છે આપણાં એ સૂત્રો ?

**શાળા અમારી તીર્થ ભૂમિ, જ્ઞાનગંગા ત્યાં વહે.**
**જીવન એટલે ઉલ્લાસ, વિલાસ હરગીઝ નહીં.**

ચાલો આપણી માતૃસંસ્થાનો નાદ આપણે બુલંદ બનાવીએ.

**''અમે નાનાં નાનાં બાળ**
**કાલ મોટાં થાશું ને જગ દોરશું.''**

**(સુવર્ણ જયંતી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયંતી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક. વર્ષ : ૧, અંક નં. ૩, તા. ૨-૧૦-૬૯, પૃ. ૪, ૫, ૮માંથી સાભાર)**

# સરદાર પટેલનું સો ટચનું સેક્યુલરિઝમ

ગુણવંત શાહ

**અયોધ્યાની ઘટનાના પડછાયામાં**

આપણા અત્યંત આદરણીય રાષ્ટ્રપુરુષ વિશે વિચારો વ્યક્ત કરવાની તક આપવા બદલ સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. દિલાવરસિંહ જાડેજા તથા મારા પ્રિય વાચક એવા કુલસચિવ શ્રી નિરંજન ઉપાધ્યાયનો હું ઉપકૃત છું. આ યુનિવર્સિટી સરદાર પટેલના ગામની સીમમાં આવેલી છે. મારું ચાલે તો કરમસદને 'કર્મસદ' કહું. સરદાર સ્વભાવે અને સ્વધર્મે કર્મપુરુષ હતા. 'સ્ટેટ્સમૅન' માટે 'દેશહિતચિંતક' શબ્દ પ્રયોજાયો છે. હું સરદારને આવા જ ભાવથી 'રાષ્ટ્રપુરુષ' કહેવાનું પસંદ કરું છું. કરમસદના કર્મપુરુષ અને ભારતના રાષ્ટ્રપુરુષ સરદાર આપણને અયોધ્યાની ઘટના પછી સવિશેષ યાદ આવે છે. આ સભામાં સરદારના સહયોગી શ્રી એચ. એમ. પટેલ બેઠા છે તેથી મારા મન પર થોડોક ભાર વર્તાય છે. તેઓ મંચ પર ઉપસ્થિત ન રહ્યા હોત તો મને નિરાંત હોત ! તેઓએ સરદાર પર ફિલ્મ તૈયાર થાય તે માટે જે જહેમત ઉઠાવી છે તેનો હું સાક્ષી છું. આ માટે દેશ એમનો ઋણી ગણાશે.

અયોધ્યાના પ્રશ્નથી જ વાતની માંડણી કરું. આ સમસ્યાએ એક વાત સ્પષ્ટ કરી કે દેશમાં દૃષ્ટિવંત નેતૃત્વ અને મુત્સદ્દીગીરીનો કારમો દુકાળ છે. મંદિર-મસ્જિદનો પ્રશ્ન, ઉકેલી ન શકાય એટલો અટપટો હતો ખરો ? મુસલમાનો વિવાદાસ્પદ સ્થળ છોડવાની સલૂકાઈ બતાવે અને હિન્દુઓ બીજે સ્થળે ભવ્ય મસ્જિદ બંધાવી આપે એવી સમજૂતી પર આવી શકાય એ માટે બંને કોમ પર પ્રભાવ પાડી શકે એવું ચારિત્ર્યવાન નેતૃત્વ નહોતું, તેથી અયોધ્યાનો પ્રશ્ન વિકરાળ સ્વરૂપ ધારણ કરી બેઠો. ૫૬૨ જેટલાં રજવાડાંના વિલીનીકરણમાં જોઈએ એના કરતાં હજારમા ભાગની કુનેહ પણ અયોધ્યાના પ્રશ્નમાં કામે લાગી હોત તો આ પ્રશ્ન ઉકેલી શકાયો હોત. કાશ્મીરમાં મંદિરો તૂટે ત્યારે મૂંગા રહેનાર નેતૃત્વનો પ્રભાવ હિન્દુઓ પર ન પડે અને મતલાલચુ નેતૃત્વનો પ્રભાવ મુસલમાનો પર ન પડે. પરિણામ સ્પષ્ટ છે. સરદાર હોય તો આ પ્રશ્નની આટલી બૂરી વલે ન થાય. સરદાર આજે સદેહે દેશમાં પાછા આવે તો દિલ્હીમાં બેઠેલા નેતાઓને 'મૂર્ખ-શિરોમણિ' કહે એ નક્કી.

અત્યાર સુધી બાયલું બાયલું, ગંદુંગોબરું અને ઢીલુંપોચું સેક્યુલરિઝમ બહુ ચાલ્યું. હવે જો સો ટચનું બોલ્ડ સેક્યુલરિઝમ ન વિકસે તો અનેક સમસ્યાઓ ઊભી થશે. ગિરિલાલ જૈન સાચું કહે છે કે ભારતીય સંસ્કૃતિનો પાયો વેદ છે અને તેથી આ દેશમાં ભારતીય ભાવાવરણ રહેવાનું. ઉદ્‌ઘાટન વખતે દીવો પ્રગટે એ લોકાચાર (ઈથોસ) ગણાય. લોકસભામાં 'વંદે માતરમ્' ગવાય તે લોકાચાર ગણાય. જો આવા ભારતીય લોકાચારને પણ હિન્દુત્વને નામે ફંગોળી દેવામાં આવે તો સેક્યુલરિઝમનું આખું કોળું દાળમાં જશે.

ભારતના મુસલમાનોને હું, 'એ વેરી સ્પેશિયલ માઇનોરિટી' કહું છું. કલ્પના જ કરીએ. જો દેશમાં અગિયાર કરોડ મુસલમાનોની જગ્યાએ એટલી જ સંખ્યામાં પારસીઓ, ખ્રિસ્તીઓ કે બૌદ્ધો હોત તો લઘુમતીની સમસ્યા આટલી ક્ષોભજનક હોત ખરી ? ભારતના મુસલમાનોને વિશિષ્ટ પ્રકારની લઘુમતી કહેવા પાછળ મનોવૈજ્ઞાનિક ભૂમિકા રહેલી છે. આ ભૂમિકા ત્રણ પ્રકારનાં પરિબળોને કારણે પેચીદી બને છે :

(૧) મનોસાંસ્કૃતિક (સાઇકો-સિવિલાઈઝેશન) પરિબળો

(૨) મનોધાર્મિક (સાઇકો-રીલિજિયસ) પરિબળો

(૩) મનોઐતિહાસિક (સાઇકો-હિસ્ટોરિકલ) પરિબળો

અયોધ્યાની સમસ્યા એ માત્ર મંદિર-મસ્જિદની

સમસ્યા નથી, એ એક મનોવૈજ્ઞાનિક સમસ્યા છે. ઇતિહાસની વિગતો ભુલાઈ જાય છે, પરંતુ માનવમન પર પડેલા ઉઝરડા ઝટ રૂઝાતા નથી. માનવમનના અચેતન સ્તર પર સામૂહિક કક્ષાએ હચમચાવી ગયેલી ઘટનાઓની સ્મૃતિ સદીઓ પર્યંત જળવાઈ રહે છે. કાર્લ યુંગ એને 'ક્લેક્ટિવ અનકૉન્સિયસ' કહે છે. મુસ્લિમ શાસકોના, આક્રમણખોરોના અને સ્થાનિક કારભારીઓના અત્યાચારોની અમીટ છાપ હિન્દુ માનસ પર અંકિત થયેલી છે. ઇતિહાસનું ઑડિટ થોડીક છેકછાક માગે છે. ગિરિલાલ જૈન તો કહે છે : 'ઇસ્લામ વર્તુળમાં ઘેરાઈ નથી ગયો, એ અંદરથી જ બંધિયાર છે. ઇટ ઇઝ નૉટ એનસર્કલ્ડ, ઇટ ઇઝ ક્લોઝ્ડ ફ્રૉમ વિધિન.'

મુસ્લિમ શાસકોએ અમુક ગાળામાં હિન્દુઓને લગભગ નમાલા બનવાની ફરજ પાડેલી. દાદાગીરી સહન કરવાનું હિન્દુઓને ફાવી ગયેલું. હિન્દુઓ ક્રૂરતા બતાવે એ બહુ rare બાબત ગણાય. બાબરી ઇમારત તૂટી એમાં હિન્દુઓની ક્રૂરતા પ્રગટ થઈ એવું નથી. એ તો આક્રોશ હતો. આક્રોશ ઇતિહાસ સર્જે, પરંતુ સમસ્યા નહીં ઉકેલી શકે. એ માટે હિંમત જોઈએ. હિન્દુઓ હિંમત બતાવે તો નવા રાષ્ટ્રધર્મનો ઉદય થઈ શકે. હિન્દુઓ પ્રમાણમાં ઉદારમતવાદી છે. તેઓ ક્યારેક ક્રૂર થઈ શકે, પરંતુ તે પોતાના સમાજના જ નબળા વર્ગો પર ! અયોધ્યાની ઘટના હિન્દુઓના નવજાગરણનું નિમિત્ત બની શકે ખરી ? જો એમ બને તો વર્ણપ્રથા અને અસ્પૃશ્યતા વગરનું ઉમદા હિન્દુત્વ ઉદય પામે. મુસલમાનોના દ્વેષમાં જ સમાઈ ગયેલા સંકુચિત હિન્દુત્વમાં હિંમતની જરૂર નથી હોતી. નવજાગરણમાંથી રાષ્ટ્રધર્મ ઉદય પામે તો જ કંઈક વળે. મંદિર નિર્માણ થાય એટલે રાષ્ટ્રનિર્માણ થાય જ એવું નથી.

મહંમદસાહેબ મુસલમાનોના આખરી પયંગબર છે અને કુરાનનો શબ્દ આખરી ગણાય છે. પરિણામે વિચારોના વિકાસને અને વિજ્ઞાનના નવા ઉન્મેષોના સ્વીકારને જબરી બ્રેક વાગી જાય છે. મુસ્લિમોની લઘુમતી લગભગ પંદરસો વર્ષ પર થીજી ગયેલા આખરીપણાને કારણે ખાસી અસરળ, અતડી અને ક્યારેક તો અસુધાર્ય (ઇનકોરિજિબલ) બની રહે છે. વૈશ્વિક કક્ષાએ ઉદય પામેલા લોકશાહીમૂલક માનવીય ઉન્મેષો પચાવવામાં તેઓ ખૂબ જ ધીમા સાબિત થયા છે. ભારતમાં મારા જેવા કરોડો સેક્યુલર હિન્દુ સજ્જનોને નિરાશ કરવામાં એમની આ ધીમાશનો ફાળો ઓછો નથી. મુસ્લિમો અને ખાસ કરીને ભારતના મુસ્લિમો એક એવા ધાર્મિક ખટારામાં બેઠા છે, જેમાં રીવર્સ ગિયર છે, બ્રેક છે, પરંતુ ઍક્સિલરેટર નથી. તેઓનું મોઢું દુનિયાથી પાંચ-સાત સદી પાછળ એવા માલદાર આરબ રાષ્ટ્રો તરફ છે. પૈસા અને પ્રેરણા મક્કાની દિશામાંથી આવે છે અને મધ્યયુગી મનોવૃત્તિના પવનો પણ એ જ દિશામાંથી આવે છે. ભારતના મુસ્લિમો આરબ રાષ્ટ્રોને બદલે અગ્નિએશિયાના ઇન્ડોનેશિયા તથા મલેશિયા જેવા દેશો તરફ જોવાનું રાખશે તો ભારતીય સંસ્કૃતિ સાથે જરૂર એકરૂપ થઈ શકશે. દેશના ૮૨ ટકા હિન્દુઓ સાચું નવજાગરણ પામશે તો આખો દેશ નવો રાષ્ટ્રધર્મ પામશે. ભારતનો ગરીબ હિન્દુ અને ગરીબ મુસલમાન કદી બે શબ્દોનો સાચો અર્થ સમજવા પામ્યો નથી : 'સમાજવાદ' અને 'સેક્યુલરિઝમ.' આ બંને શબ્દો હવે બદનામ થઈ ચૂક્યા છે. બંને શબ્દોમાં આપણી ધરતીની સુગંધ નથી વર્તાતી. ધરતીની સુગંધ ધરાવનારા ગાંધીપ્રણીત શબ્દો છે : 'સર્વોદય' અને 'સર્વધર્મ-સમભાવ.' આવા બે ભારતીય સુગંધ ધરાવનારા શબ્દો બંધારણમાં નથી. શા માટે ?

સરદાર પટેલનું સ્મરણ આજે વિશેષ તીવ્રતાથી થાય છે. ઇસ્લામિક કટ્ટરતાનો સામનો હિન્દુ કટ્ટરતાથી નહીં, પરંતુ વિવેકયુક્ત નિર્ભયતાથી શોભતી ઠંડી મક્કમતાથી જ થઈ શકે. આને હું સરદાર સંલક્ષણ (સિન્ડ્રમ) કહું છું. સરદાર જો જીવતા હોય તો તેઓ મુસ્લિમ નેતાઓના રાષ્ટ્રવિરોધી છણકા અને બાળ ઠાકરેના 'કટ્ટરવેડા' સહન નહીં કરે. તેઓ શાહબાનો કેસમાં ઢીલું નહીં મૂકે. તેઓ રાજીવ ગાંધીની માફક અયોધ્યાના રામમંદિરનો શિલાન્યાસ પણ ન કરે. રાજીવે પહેલાં મુસ્લિમ કટ્ટરતા અને પછી હિન્દુ કટ્ટરતાને ખો આપી. એમાં સેક્યુલરિઝમ ક્યાં રહ્યું ? સરદાર કેરાલાની મુસ્લિમ લીગ સાથે મળીને સરકાર ન રચે. તેઓ કાશ્મીરમાં એક પણ મંદિર તૂટવા ન દે અને કાશ્મીરી પંડિતોને નિરાશ્રિત બની જવું પડે એવી પરિસ્થિતિ ઊભી થવા નહીં દે. તેઓ ભિંદરાનવાલેને ઊગતો જ દાબી દે

અને ઑપરેશન બ્લૂ સ્ટાર માટેની પરિસ્થિતિ જ ઊભી થવા નહીં દે. રોગને, શત્રુને અને સમસ્યાને વકરવાની પૂરી તક આપવી અને જ્યારે પરિસ્થિતિ કાબૂ બહાર જાય ત્યારે લાચાર બનવું એ આજના રાજકારણીઓની કાર્યશૈલીનો એક ભાગ છે. સરદારની વાત જુદી હતી. સમસ્યા પર સરદારનો કાબૂ રહેતો. આજના નેતાઓ પર સમસ્યાનો કાબૂ હોય છે. આ વિધાનમાં દેશની આજની દુર્દશાનું રહસ્ય સમાયું છે.

### સો ટચનું સેક્યુલરિઝમ એટલે

સો ટચનું સેક્યુલરિઝમ એટલે શું ? મારા નમ્ર મત પ્રમાણે આ પ્રશ્નનો જવાબ રાષ્ટ્રધર્મના વ્યાપક સંદર્ભમાં ખોળવાનો રહે છે. સો ટચના સેક્યુલરિઝમની મારી સમજણ હું પાંચ મુદ્દાઓમાં રજૂ કરવા ઇચ્છું છું.

**પહેલો મુદ્દો :** માણસ અને ભગવાન વચ્ચેના લવ-અફેરને ધર્મ કહે છે. આવો લવ-અફેર વ્યક્તિની અંગત બાબત ગણાય. હિન્દુઓ અને મુસલમાનોની એક મર્યાદા જાણી રાખવા જેવી છે. બંને કોમો ભયંકરપણે ધાર્મિક (હોરિબ્લી રીલિજિયસ) છે. અહીં નહેરુનું કે માર્ક્સવાદનું લુખ્ખું નિરીશ્વરવાદી સેક્યુલરિઝમ નહીં જામે. અહીં સર્વધર્મ સમભાવમાં શ્રદ્ધા રાખનારું ભીનું સેક્યુલરિઝમ જ ટકી શકે. ઝનૂની કોમવાદની માફક ઝનૂની સેક્યુલરિઝમ પણ ખતરનાક છે. કૉંગ્રેસ (આઈ)ને સેક્યુલર પાર્ટી કહેવી એ વૅમ્પને પતિવ્રતા કહેવા બરાબર છે.

**બીજો મુદ્દો :** આપણા દેશમાં ચૌદ કેરેટનું સિન્થેટિક સેક્યુલરિઝમ બહુ ચાલ્યું. અત્યાર સુધી જે ચાલ્યું તેમાં સેક્યુલરિઝમની પાંચ મુદ્રાઓ છતી થઈ :

(૧) સર્વોદય મુદ્રા

(૨) કૉંગ્રેસ મુદ્રા

(૩) ડાબેરી માર્ક્સવાદી મુદ્રા

(૪) ઋતંભરા-બુખારી મુદ્રા

(૫) સરદાર પટેલ મુદ્રા

સર્વોદય મુદ્રા પર મહાત્મા ગાંધીની સર્વધર્મ સમભાવની માનવતાવાદી છાપ અંકિત થયેલી છે. સાચી વાત કહીશું તો મુસલમાન ભાઈઓ નારાજ થશે, એવી બીક આ મુદ્રાની ગાંધીવાદી મર્યાદા ગણાય. કૉંગ્રેસ મુદ્રા એટલે મુસ્લિમોને કેવળ વોટના ઢગલા ગણીને એમના પછાતપણાને પંપાળવાનું મહાપાપ. સેક્યુલરિઝમનું આવું કૉંગ્રેસી અથાણું આજના ઘણા રોગોનું મૂળ છે. સેક્યુલરિઝમની ડાબેરી માર્ક્સવાદી મુદ્રામાં ઈશ્વરનું નડતર નથી તેથી માનવતાવાદી અભિગમ વધારે જામતો જણાય છે. હિન્દુઓનું સાચું તાણીશું તો ધાર્મિક ગણાઈ જઈશું એવા ભયથી ડાબેરીઓ મુસલમાનોને કશુંય કહેવા તૈયાર નથી. ઋતંભરા કે બુખારી મુદ્રાનો સંબંધ ખોમેની સાથે છે અને કટ્ટરતા સાથે છે. એમાં ધાર્મિકતાની નેગેટિવ છબી પ્રગટ થાય છે. સેક્યુલરિઝમની સરદાર પટેલ મુદ્રામાં ચોવીસ કૅરેટની ચોખ્ખાઈ છે. ન્યાય, કાયદો કે વ્યવસ્થાની વાત આવે કે રાષ્ટ્રધર્મની વાત આવે ત્યારે કોમી ધોરણે પગલાં લેવાની વાત સરદારને મંજૂર ન હતી. તેઓ હિન્દુઓને પણ બે સ્પષ્ટ વાત કરી શકતા અને મુસલમાનોને કહી શકતા : જેઓ ઇચ્છે તે પાકિસ્તાન જઈ શકે છે, પરંતુ અહીં રહેવું હોય તો આ દેશના થઈને રહેવું પડે. ઇન્દિરા ગાંધી ક્યારેય સેક્યુલર ન હતાં; તેઓ 'વોટક્યુલર' હતાં. સરદારના સેક્યુલરિઝમમાં દંભનો છાંટો પણ ન હતો; કેવળ રાષ્ટ્રધર્મ હતો.

**ત્રીજો મુદ્દો :** પ્રત્યેક માણસે ફન્ડામેન્ટાલિસ્ટ બનવું રહ્યું. એને મૂળભૂત (ફન્ડામેન્ટલ) માનવીય અધિકારોમાં ભારોભાર શ્રદ્ધા હોવી જોઈએ. માણસ પોતપોતાનો ધર્મ ભલે પાળે, પરંતુ જ્યાં માનવતાની વાત આવે ત્યાં માનવધર્મ જ સર્વોપરી ગણાવો જોઈએ. વેદમાં જેનો મહિમા થયો તે પરમેશ્વર (વિશ્વાનિ દેવ) અને કુરાનમાં જેનો મહિમા થયો તે અલ્લાહ (રબ્બિલ આલમિન) એક જ છે. એકવીસમી સદી આવી પહોંચી છે ત્યારે ધર્મને નામે અંદરઅંદર લડવાની નાદાનિયત આપણને હવે પછીની પેઢીઓ આગળ હાસ્યાસ્પદ બનાવી મૂકશે. ઇન્સાનિયત અને શેતાનિયત બંને ધર્મનિરપેક્ષ બાબતો છે. મુસ્લિમો સુધારાની ગતિની બાબતમાં પ્રમાણમાં ખૂબ ધીમા અને

રૂઢિચુસ્ત છે. શિક્ષણના પ્રસાર દ્વારા આ ધીમાશ ઘટાડી શકાય તેમ છે. ભારતના મુસ્લિમો માટે આરબ દેશોમાંથી ઘણો પૈસો આવે છે, પરંતુ તેનો વિનિયોગ મુસ્લિમોમાં અને ખાસ કરીને મુસ્લિમ સ્ત્રીઓમાં શિક્ષણનો ફેલાવો થાય તે માટે થતો નથી. એક હિન્દુ તરીકે મને તો લાગે છે કે મુસ્લિમોમાં ઝડપભેર શિક્ષણનો ફેલાવો થાય તેમાં હિન્દુઓનું સ્થાપિત હિત રહેલું છે. મલેશિયામાં સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૯૦ ટકા કરતાં વધારે છે. ત્યાં અભણ મુસ્લિમ સ્ત્રી ઝટ નજરે નથી પડતી. આપણે ત્યાં ઘણી બધી સ્ત્રીઓ અભણ અને મુસ્લિમ સ્ત્રીઓ તો ખૂબ જ અભણ.

**ચોથ્થો મુદ્દો :** 'સેક્યુલરિઝમ' શબ્દ બંધારણમાં છે એટલે અહીં પ્રયોજું છું. હવે આ શબ્દ પડતો મૂકવા જેવો છે. એની જગ્યાએ 'રાષ્ટ્રધર્મ' શબ્દ સૂચવું છું. કોઈ કોમને માઠું લાગશે એવો ખોટો ભય રાખ્યા વગર સરદાર પટેલની રાષ્ટ્રનિષ્ઠા સાથે કેટલાક પાયાના કાર્યક્રમો રાષ્ટ્રધર્મના ઉદય માટે લેવા પડશે. અહીં આવા પાંચ કાર્યક્રમો સૂચવ્યા છે.

(૧) યુદ્ધના ધોરણે વસ્તીનિયંત્રણના કાર્યક્રમનો અમલ.

(૨) સ્ત્રીઓને અન્યાય ન થાય અને મૂળભૂત માનવીય અધિકારો ન જોખમાય એવા કોમન સિવિલ કોડ માટેની કાર્યવાહી.

(૩) અવાજનું પ્રદૂષણ ઘટે તે માટે નક્કર પગલાં.

(૪) નિરક્ષરતા નાબૂદ થાય તે માટેની જેહાદ.

(૫) જાહેર માર્ગો પર ટ્રાફિકને નડતરરૂપ એવા ધાર્મિક સ્થાનકોનું સ્થળાંતર

આ પગલાંઓ દેશોમાં એક એવી ઋતુનું સર્જન કરશે, જેમાં તકલાદી રાજકારણીનું ઝાઝું નહીં ચાલે. સરદારશ્રીને આપેલી આ સાચી અંજલિ ગણાશે.

**પાંચમો મુદ્દો :** આ દેશનો સરેરાશ, સામાન્ય માણસ ઈશ્વરમાં ઊંડી શ્રદ્ધા ધરાવે છે. કશુંક સારું બને ત્યારે એ માલિકનો આભાર માને છે અને કશુંક અમંગળ બને ત્યારે એ ઉદ્‌ગારે છે : 'જેવી માલિકની મરજી.' આ બાબતમાં કોઈ કોમ અપવાદ નથી. સેક્યુલરિઝમને નામે આ દેશની સાંસ્કૃતિક અસ્મિતા (કલ્ચરલ આઇડેન્ટિટી) નષ્ટ થાય તે પાલવે તેમ નથી. આ દેશની પ્રજા ધર્મ વગર જીવી શકે તેમ નથી. રશિયામાં અને ચીનમાં બનેલી ઘટનાઓએ સાબિત કરી આપ્યું છે કે માણસની શ્રદ્ધાને બળથી તોડી શકાતી નથી. અહીં અંધશ્રદ્ધાનો પક્ષ લેવાનો પ્રશ્ન જ નથી. ભારતની વાત કરીએ. સર્વધર્મ-સમભાવની નીતિ સ્વીકાર્યા પછી પણ ૮૨ ટકા વસ્તી હિન્દુઓની હોવાને કારણે હિન્દુ લોકાચાર (ઈથોસ) રહેવાનો. આવું બધા જ દેશોમાં બને છે અને એ સ્વાભાવિક છે. મલેશિયા કે ઇન્ડોનેશિયામાં ઇસ્લામ રાજધર્મ છે, પરંતુ હિન્દુ લઘુમતી દુઃખી નથી. આ દેશોમાં મુસ્લિમ લોકાચાર હોય એ સમજી શકાય તેવું છે. એ જ રીતે પશ્ચિમના દેશોમાં ખ્રિસ્તી લોકાચાર હોય તે સમજી શકાય તેવી વાત છે. ભારતમાં હિન્દુ લોકાચાર અંગે નાકનું ટેરવું ચડાવવાની આદત ઘણા ઝનૂની સેક્યુલરિસ્ટોને હોય છે. તેઓનું સેક્યુલર ઝનૂન કટ્ટરપંથી જણાય છે. આ મુદ્દો નાજુક છે, પરંતુ દેશની સ્વસ્થતા અને અસ્મિતા જાળવવા માટે આ વાતને આંતરરાષ્ટ્રીય સંદર્ભે સમજવાની છે. સેક્યુલરિઝમ સંસ્કૃતિ અને પરંપરા સાથેના સંબંધવિચ્છેદ (એલિયનેશન)માં પરિણમે તે નહીં પાલવે.

સરદારને સમજવા માટે સો ટચના સેક્યુલરિઝમ અંગે આટલી વાતો કર્યા પછી હું ઉદાહરણો દ્વારા સરદાર કેવા ઊંચા ગજાના રાષ્ટ્રપુરુષ હતા તેનો ખ્યાલ આપવા ઇચ્છું છું. સરદાર પટેલ પર તૈયાર થઈ રહેલી ફિલ્મમાંથી આ ઉદાહરણો મેં લીધાં છે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ વિજય તેંડુલકરે લખી છે અને કેતન મહેતાએ એનું દિગ્દર્શન કર્યું છે. આગળ કહ્યું તેમ આ ફિલ્મ તૈયાર થાય એ અંગેની ઘણીબધી મથામણ આ સભામાં ઉપસ્થિત એવા આદરણીય શ્રી એચ. એમ. પટેલે કરી છે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ આગળથી વાંચી જવાની અને એની વિસ્તૃત ચર્ચા શ્રી તેંડુલકર તથા શ્રી કેતન મહેતા સાથે પોતાના નિવાસસ્થાને કરવાની તક આપવા બદલ હું શ્રી એચ. એમ. પટેલનો આભારી છું. ફિલ્મની આ સ્ક્રિપ્ટ ઉપરથી

શ્રી તેંડુલકરે 'ધ લાસ્ટ ડેઈઝ ઑફ સરદાર પટેલ' પુસ્તક પ્રગટ કર્યું છે. ફિલ્મના શૉટ્સ પરથી માત્ર બે જ ઉદાહરણો અહીં પુસ્તકના આધારે લીધાં છે.

**ઉદાહરણ-૧**

**દૃશ્ય :** (દિવસનો સમય છે અને લખનૌની જાહેરસભામાં સરદારનું પ્રવચન છે. સરદાર વધારે પડતા થાકેલા જણાય છે.)

**સરદારે કહ્યું :** 'મુસ્લિમ લીગવાળાઓ બાપુને એક નંબરના દુશ્મન તરીકે ગણાવતા. હવે તેઓને લાગે છે કે બાપુ તેમના મિત્ર છે અને મને એમણે બાપુને બદલે ગોઠવી દીધો છે, કારણ કે હું સાચી વાત કહું છું. તેઓ કહેતા હતા કે પાકિસ્તાન મળી જાય પછી ભારતના મુસલમાનોને પૂર્ણ રક્ષણ મળે તેની તકેદારી રાખવામાં આવશે, પરંતુ તેઓએ ભારતમાં રહેલા મુસલમાનો પ્રત્યે કદી સહાનુભૂતિ બતાવી ખરી ? ભારતના મુસલમાનોને હું પૂછું છું : જ્યારે કાશ્મીર પર પાકિસ્તાની તાયફાવાળાઓએ આક્રમણ કર્યું ત્યારે તમે તમારું મોં કેમ ન ખોલ્યું ? તમે સ્પષ્ટ રીતે પાકિસ્તાનના આક્રમણની નિંદા કેમ ન કરી ? આવી કટોકટીની પળે ભારત દેશ પ્રત્યેની વફાદારીનાં ઉચ્ચારણો કરવા માત્રથી તેમનું ભલું નહીં થાય. તેઓએ પોતાનાં ઉચ્ચારણોની વ્યવહારુ સાબિતી આપવી રહી. તેઓ બે ઘોડા પર સવારી નહીં કરી શકે. મારે એમને કહેવું છે કે તમારો ઘોડો નક્કી કરો. તમને જે પસંદ પડે તે ઘોડો રાખો. હું આર. એસ. એસ.ને કૉંગ્રેસમાં જોડાઈ જવા માટે આમંત્રણ પાઠવું છું. તેઓએ તંગદિલી ઊભી કરીને તંત્રને નબળું નહીં પાડવું જોઈએ.'

સરદારની વાતમાં રાષ્ટ્રધર્મનો રણકો સ્પષ્ટ સંભળાય છે. એ દિવસોમાં બંને કોમોને આવી સાચી છતાં હિતકર વાત કહેનારા એકમાત્ર નેતા સરદાર હતા. જો કૉંગ્રેસના નેતાઓએ આવી સ્પષ્ટ વાત કહેવાની હિંમત બતાવી હોત તો આજે મુસ્લિમ જેટલા અળગા અને અતડા છે તેટલા ન હોત અને તેથી આટલા પછાત પણ ન હોત. જે દેશમાં પોતે રહેતા હોય એ દેશના થઈને રહેવાની તૈયારી ન હોય એવા કોઈ પણ હિન્દુને પાકિસ્તાનમાં, મલેશિયામાં, ઇન્ડોનેશિયામાં કે અમેરિકામાં રહેવાની છૂટ નથી અને ન જ હોવી જોઈએ. 'વંદે માતરમ્' સામે પણ વિરોધ કરે તેવો કોઈ માણસ આ દેશમાં રહી ન શકે. રાષ્ટ્રધર્મમાં અપવાદ ન ચાલે. પાકિસ્તાનમાં રહેતા હિન્દુઓએ ત્યાંના ધ્વજનું ગૌરવ જાળવવું જ જોઈએ અને જાહેર સમારંભોમાં મુસ્લિમ લોકાચાર (ઇથોસ) સ્વીકારવો જોઈએ. એમાં હિન્દુ ધર્મ વચ્ચે લાવવાની વાત ન ચાલે. આમાં કોમવાદ ક્યાં આવ્યો ? સરદાર આવી સાચી વાત કરતા તેથી એમના વિશે ગેરસમજો થઈ. ખરી વાત તો એ છે કે ગેરસમજો જાણી જોઈને ફેલાવવામાં આવી. ક્યારેક સ્પષ્ટ વાતો કહેવાથી લઘુમતીનું હિત વધારે સારું જળવાય છે. લઘુમતીને માથે ચડાવી મેલ્યા પછી બહુમતીની પ્રતિક્રિયા વિકરાળ સ્વરૂપ ધારણ કરે ત્યારે લાચાર બનીને લઘુમતીની અવદશા જોનારા સેક્યુલર નેતાઓ હજી પણ સરદારના રાષ્ટ્રધર્મને સમજે તો સારું. સરદાર આર. એસ. એસ.ને પણ કડવું સંભળાવી શકતા. આને હું બોલ્ડ સેક્યુલરિઝમ કહું છું. બાયલું સેક્યુલરિઝમ મુસ્લિમ લઘુમતીને લાંબે ગાળે કેટલું ભારે પડી જાય છે તેનો અંદાજ જ્યારે સમજુ મુસ્લિમોને આવશે ત્યારે કદાચ બહુ મોડું થઈ ગયું હશે. નહેરુની નીતિ મુસ્લિમોને કઈ રીતે ઉપકારક નીવડી ? ઇન્દિરાજીએ, રાજીવે, વી. પી. સિંહે અને નરસિંહરાવે કૉંગ્રેસી સેક્યુલરિઝમ અપનાવીને ભારતના મુસ્લિમોની અવદશા ચાલુ રાખી. કૉંગ્રેસી સેક્યુલરિઝમ એટલે મુસ્લિમોને પછાત રાખીને એમના તારણહાર બનીને વોટની લૂંટ ચલાવ્યે રાખવી. આવી નીતિને પરિણામે મુસ્લિમોને સ્વરાજ મળ્યું ત્યારે હતા તેટલા જ પછાત હજી પણ આર્થિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ છે. આવી અવદશા માટે તેઓ કૉંગ્રેસનો તથા એમના કોમવાદી નેતાઓનો જેટલો આભાર માને તેટલો ઓછો છે. બાળકને ચોકલેટ ખવડાવ્યે રાખો એટલે એના દાંત સડી જાય. દાંત સડી જાય ત્યારે રાહતદરે દંતચિકિત્સા કરવાનો કાર્યક્રમ ઉપાડવાનો. વોટ માટે આ જરૂરી છે. સરદાર ચોકલેટ ન ખવડાવે એટલે કડવા લાગે. સરદાર મુસલમાનોના કડવા છતાં સાચા મિત્ર હતા. આ વાત ભારતના મુસલમાનો અનુભવે જરૂર સમજવાના છે. માત્ર સમયનો સવાલ છે.

**ઉદાહરણ-૨**

**દૃશ્ય :** (બિરલા હાઉસમાં રાત્રીનો સમય છે. સરદાર ગાંધીજી પાસે બેઠા છે. ગાંધીજીનો મૌન દિવસ છે તેથી તેઓ કાપલી પર લખીને વિચારો જણાવે છે.)

**સરદાર :** જગતમાં કોઈ તમારા મનને બદલી ન શકે. તેથી હું પ્રયત્ન નથી કરવાનો, પરંતુ તમે જે કહેશો તે કરીશ.

(ગાંધીજી એક કાપલી પર કશુંક લખીને આપે છે. સરદાર તે વાંચે છે, પણ સરદારને ગળે વાત ઊતરતી નથી.)

**સરદાર :** (કાપલી પરના લખાણના જવાબમાં) પરંતુ આપણે વચન આપ્યું ત્યારે કાશ્મીર પર આક્રમણ થયું ન હતું. તમે જાણો છો અને હું પણ જાણું છું કે આ પંચાવન કરોડ રૂપિયા કાશ્મીરમાં આપણી વિરુદ્ધ વપરાવાના છે. મારું કહેવું એમ છે કે આ રકમ આપણે વચન આપ્યા પ્રમાણે ચૂકવીશું, પરંતુ કાશ્મીરનો પ્રશ્ન પતે ત્યાં સુધી થોભી જાઓ. આમે પાકિસ્તાન આપણી સાથે પ્રામાણિકપણે વર્તતું નથી.

(ગાંધીજી કાપલી પર કશુંક લખે છે. સરદાર લખાણ વાંચે છે.)

**સરદાર :** નૈતિક પ્રામાણિકતા કોની સાથે બાપુ ? જેઓ આપણી ભૂમિ પર આક્રમણ કરે અને આક્રમણ નથી કર્યું એમ કહે, તેની સાથે ? અને તમે એવું કેમ ઇચ્છો છો કે હું માઉન્ટબેટનને મળું અને એને આ વાત સમજાવું ? મારે તમને જવાબ આપવો પડે, એને નહિ. મારી પાસે ચોક્કસ ગુપ્ત માહિતી છે કે પાકિસ્તાન કાશ્મીર પર બીજું ટ્રાઇબલ આક્રમણ કરવાની યોજના ઘડી રહ્યું છે. આવી પરિસ્થિતિમાં મારાં પગલાંઓને કારણે મારા દેશનાં હિતો જોખમાય એવું હું નથી ઇચ્છતો. હું સામાન્ય માણસ છું; તમારા જેવો મહાત્મા નથી. આ તબક્કે હું પાકિસ્તાનને પંચાવન કરોડ રૂપિયા આપવાની વાતનો પક્ષકાર નહીં બની શકું. એક વણલખી પણ આંતરરાષ્ટ્રીય પરંપરા છે કે જેની સાથે યુદ્ધ ચાલતું હોય એ દેશની લેણી રકમ કોઈ દેશ થીજેલી રાખે.

(ગાંધીજી ફરીથી કાપલી પર કશુંક લખે છે અને કાપલી સરદારને આપે છે.)

**સરદાર :** નિર્ણય કેબિનેટમાં સર્વાનુમતે લેવાયો છે. તમે જવાહરને તમારી વાત સમજાવી શકો છો. જો એ માની જાય તો મારા મતનું કોઈ મૂલ્ય નથી. એ પ્રધાનમંત્રી છે અને એને ફાવે તેમ કરી શકે છે. તમે આ અંગેની એની સાથે વાત કરી છે ?

(ગાંધીજી કાપલી પર કશુંક લખે છે. તે વાંચીને સરદાર ખૂબ જ વ્યગ્ર બને છે.)

**સરદાર :** શું ? જવાહર આને કાયદાની કરામત કહે છે ? જવાહર, કે જેણે કેબિનેટમાં નિર્ણયને ટેકો આપ્યો હતો ?

આ સંવાદને ઝીણવટથી સમજીએ તો નીચેની વાતો જડે છે :

(૧) સરદાર રાષ્ટ્રના હિતમાં ગાંધીજીને થોડોક સમય થોભી જવા માટે આગ્રહ કરી રહ્યા હતા.

(૨) જે રકમ આપણી પર આક્રમણ કરવા માટે વપરાવાની હતી તે આપવામાં વિલંબ કરવો એમાં કેવળ રાષ્ટ્રનાં હિતોની જાળવણીનો પ્રશ્ન હતો. ગાંધીજી વચનપાલનના ત્રાજવે આ પ્રશ્નને જોખી રહ્યા હતા. એમનું ત્રાજવું સોનીનું ત્રાજવું હતું.

(૩) ગાંધીજીને આવું ત્રાજવું પાલવે; નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન એવા સરદારને એ ન જ પાલવે. સરદારનો સ્વધર્મ રાષ્ટ્રરક્ષાનો હતો.

(૪) નહેરુ કેબિનેટના સર્વાનુમતે લેવાયેલા નિર્ણયમાં ભાગીદાર હતા તોય ગાંધીજી આગળ બીજી વાતો કરતા હતા. સરદારને થયેલા અન્યાયનું આ તો ફક્ત એક જ ઉદાહરણ થયું. કોઈ ગૃહપ્રધાન કદી સંન્યાસીની માફક વર્તીને રાજ્ય ચલાવી શકે ખરો ?

આ બે ઉદાહરણો દ્વારા હું એક જ વાત પર ભાર મૂકવા માગું છું. રાષ્ટ્રધર્મ રાજ્યકર્તાને પક્ષે વૈચારિક સ્પષ્ટતા અને મક્કમતા માગે છે. સુંવાળા વિકલ્પો લાંબે ગાળે મોંઘા પડે છે. કાશ્મીર અંગે નહેરુએ બતાવેલી નબળાઈ દેશને મોંઘી પડી છે. ચીન સાથે જે અનુભવ થયો, તે નહેરુને જ ભરખી ગયો ! ઇન્દિરાજીએ પંજાબની સમસ્યા અંગે જે ભૂલો જાણી જોઈને કરી, તે એમના મૃત્યુનું નિમિત્ત બની. રાજીવે શ્રીલંકા સાથે કામ પાડવામાં

જે બફાટ કર્યો, તે એમને નડી પડ્યો. શાસનની વાત આવે ત્યાં એટલું યાદ રાખવું જ પડે કે દીર્ઘદૃષ્ટિ અને દક્ષતાનો કોઈ વિકલ્પ ન હોઈ શકે. જે શાસક યોગ્ય સમયે કડકાઈ ન બતાવે અને કડવા છતાં રાષ્ટ્રહિતનાં પગલાં ન લઈ શકે તેણે ભગવાનનું ભજન કરવું જોઈએ અને ઘર સંભાળવું જોઈએ.

આજના શાસક પાસે ત્રણ પ્રકારની શક્તિ હોવી જોઈએ :

(૧) કોનફ્લિક્ટ મૅનેજમેન્ટ (સંઘર્ષ સાથે કામ પાડવાની શક્તિ)

(૨) ક્રાઇસિસ મૅનેજમેન્ટ (કટોકટી સાથે કામ પાડવાની શક્તિ)

(૩) ક્રાઉડ મૅનેજમેન્ટ (ટોળા સાથે કામ પાડવાની શક્તિ)

અનેક ઉદાહરણો આપીને સાબિત કરી શકાય તેમ છે કે સરદાર પાસે આ ત્રણે પ્રકારની શક્તિ હતી. તેઓ સંઘર્ષના મૂળ સુધી જઈને સાચો ઉકેલ શો હોઈ શકે તે અંગેનો નિર્ણય મનોમન લઈને પોતાની બધી તાકાત સંઘર્ષ ઉકેલવામાં કામે લગાડતા. કટોકટીની પળે મક્કમતા બતાવી શકતા અને લોકોમાં વિશ્વાસ પ્રેરી શકતા. તેઓ લોકસમૂહને પોતાની ધારદાર વાણી દ્વારા પ્રોત્સાહિત કરી શકતા અને વળી ઉત્સાહ સાથે અનુશાસનનો મેળ પાડી શકતા. આ ત્રણે બાબતો સરદારના નેતૃત્વને જુદા સ્તર પર મૂકી આપતી. ઢીલોપોચો આદમી એમની આગળ ટકી જ ન શકે એવો એમનો પ્રભાવ હતો.

પ્રભાવની જ વાત નીકળી છે તો મૅક્સ વેબરની થિયરીની વાત કરી લઉં. 'થિયરી ઑફ સોશિયલ ઓર્ગેનાઇઝેશન' પુસ્તકમાં વેબરે અધિકાર (ઓથોરિટી)ની વાત કરી છે. જે શાસક કે સંચાલક હોય તેને જે અધિકારો મળે છે તે અધિકારોના ભોગવટાનો આધાર પણ જે તે માણસની તાકાત પર રહેતો હોય છે. એક કલેક્ટર ઘણું કામ કરી શકે, જ્યારે તે જ ખુરશી પર બેસનારો બીજો કશુંય ન કરી શકે. બંને પાસે અધિકારો સરખા જ હોય. આવું કેમ બને છે ? તલવાર કોની કમર પર લટકે છે તે વાત પર તલવારની તાકાત અવલંબે છે. આ સંદર્ભે મૅક્સ વેબર ત્રણ પ્રકારના અધિકારોની વાત કરે છે :

(૧) ધારાકીય અધિકાર (સ્ટેચ્યૂટરી ઓથોરિટી)

(૨) પરંપરાગત અધિકાર (ટ્રેડિશનલ ઓથોરિટી)

(૩) પ્રભાવજન્ય અધિકાર (કરિશ્મેટિક ઓથોરિટી)

માત્ર ધારાકીય અધિકાર બહુ ખપ નથી લાગતો. પરંપરાના ટેકા વગર ધારાકીય અધિકાર હોય તોય તેનો અમલ કરવામાં ક્યારેક અડચણો ઊભી થાય છે. પ્રથમ બે પ્રકારના અધિકારો હોય તોય જો શાસકનો કે સંચાલકનો વ્યક્તિગત પ્રભાવ ન હોય તોય વાત જામતી નથી. સરદારશ્રી પાસે અંગત ચારિત્ર્યની મૂડી હતી. તેઓ વ્યક્તિગત લાભ માટે કશું જ કરતા ન હતા અને દેશના હિતને જ સર્વોપરી ગણતા. જે માણસ પોતાના સ્વાર્થને બાજુ પર રાખીને કોઈ વ્યાપક ધ્યેય માટે પોતાની બધી શક્તિ કામે લગાડે તેની પ્રતિભા જ બદલાઈ જાય છે. લોકોમાં સામા માણસની અંદરની તાકાતનો અંદાજ લગાવવાની કોઠાસૂઝ હોય છે. સરદારના પ્રભાવના મૂળમાં ચારિત્ર્ય અને નિઃસ્વાર્થપણાથી શોભતી અંદરની તાકાત રહેલી હતી. આ તાકાતને કારણે લોહીનું ટીપું પાડ્યા વગર દેશી રાજ્યોનું વિલીનીકરણ સરદાર કરી શક્યા. આવું બન્યું તેમાં પ્રભાવજન્ય અધિકાર (કરિશ્મેટિક ઓથોરિટી)નો ફાળો બહુ મોટો હતો. સરદાર બોલતા ઓછું અને કરતા વધારે. તેઓ પોતાની હાથ નીચે કામ કરનારાઓમાં શ્રદ્ધા અને ઉત્સાહનું બળ પ્રેરી શકતા. શાસક નમાલો કે ઢીલોપોચો હોય તો ન ચાલે. એણે રાજ ચલાવવાનું છે અને રાજ ચલાવે તેણે **કંટકશોધન** કરવું જ પડે. કંટકશોધન એટલે ગુનેગારો તથા માફિયાઓને સખણા રાખવાની પ્રક્રિયા. આ શબ્દ ચાણક્યના જમાનાનો છે. સરદાર કંટકશોધન કરે ત્યારે ગુનો આચરનાર હિન્દુ છે કે મુસલમાન, તે અંગે નહીં વિચારે. આ જ ખરું સેક્યુલરિઝમ.

સરદારના ગયા પછી બાયલું અને બનાવટી સેક્યુલરિઝમ કેવું ચાલ્યું તેનું એક ઉદાહરણ અહીં રજૂ કરું. ૧૯૭૭-૭૯માં મોરારજીભાઈ વડાપ્રધાન હતા ત્યારે વિનોબાજીએ ગોહત્યા પર પ્રતિબંધ મુકાય તે માટે આમરણ ઉપવાસ શરૂ કરેલા. કટોકટી વખતે વિનોબાજીએ ઇન્દિરા ગાંધીનો વિરોધ કરવાને બદલે કટોકટીને 'અનુશાસનપર્વ' કહીને આડકતરો ટેકો કરી

આપેલો. મોરારજીભાઈએ કોઈ પણ જાતનો પૂર્વગ્રહ રાખ્યા વગર વિનોબાજીના ઉપવાસ છૂટે એ માટે બનતું બધું જ કર્યું. આ માટેની ભૂમિકા બે મહાનુભાવો વચ્ચે આંટાફેરા કરીને તૈયાર કરવામાં દાદા ધર્માધિકારીએ ઘણી જહેમત ઉઠાવેલી. એ દિવસોમાં વિરોધ પક્ષે બેઠેલાં ઇન્દિરાજીએ ગોહત્યાના પ્રશ્ને વિનોબાજીને ખાતર પણ મોરારજીભાઈને મદદરૂપ થવાની ઝાઝી તૈયારી નહોતી બતાવી. ગોહત્યાનો વિરોધ કરવામાં હિન્દુત્વવાદી ગણાઈ જવાનો ડર હતો. ગાંધીજી અને વિનોબા ગાયનો મહિમા કરતી વખતે હિન્દુત્વના નહીં, ગાય સાથે વણાયેલી કૃષિવ્યવસ્થા, અર્થવ્યવસ્થા અને ગ્રામરચનાના હિમાયતીઓ હતા. સાચી વાત પણ હિન્દુત્વવાદી ગણાઈ જવાની બીકને કારણે ન થઈ શકે ?

વાત જ નીકળી છે તો ખાસ નોંધવા જેવું છે કે બાબરથી તે બહાદુરશાહ જફર સુધીના મોગલ શાસન દરમિયાન ગોહત્યા પર પ્રતિબંધ હતો. બકરી ઈદ વખતે ઊંટોની હત્યા થતી, ગાયની નહીં. ગોહત્યા પરનો પ્રતિબંધ સન ૧૮૫૪માં અંગ્રેજોએ હટાવી લીધેલો. આવું બન્યું ત્યારે બે કોમો વચ્ચે તાણ જન્મેલી એવું ગાલિબે એના એક પત્રમાં નોંધેલું છે. સન ૧૮૮૦માં હિન્દુ-મુસ્લિમો વચ્ચે ગાયની કતલને કારણે રમખાણો થયેલાં, પરંતુ તે માટે મોગલ શાસકો નહીં, બ્રિટિશરો જવાબદાર હતા. આ વાત ઉર્દૂ કવિ અલિ સરદાર જાફરીએ નોંધી છે. કવિ તો ત્યાં સુધી કહે છે કે મહોરમના તહેવારમાં પણ કેટલીક બાબતો દશેરાની અસ્મિતા (આઇડેન્ટિટી) પણ નષ્ટ થાય એવું કર્યું. કોઈ પણ દેશની ઉજવણીમાંથી આવી ગયેલી છે. આવું બને તેને હું હિન્દુ લોકાચાર (ઇથોસ) કહું છું. મોગલ શાસકોએ ગોહત્યા પર પ્રતિબંધ મૂકીને હિન્દુ લોકાચારનો આદર કર્યો, પરંતુ કૉંગ્રેસી શાસકોએ સેક્યુલરિઝમના નામે આ દેશની વિશાળ બહુમતીની ઉપેક્ષા કરીને જો લઘુમતીને પંપાળવામાં આવે તો સરવાળે લઘુમતીને જ મોટું નુકસાન જાય છે. નહેરુવંશી ઇન્દિરાજીએ અને રાજીવે આવું નુકસાન મુસલમાનોને પહોંચાડ્યું છે. લાંબે ગાળે કડવું અને સ્પષ્ટ કહેનારી સરદાર-નીતિ મુસલમાનોને માટે વધારે ઉપકારક સાબિત થાય. આજની પરિસ્થિતિનો તકાદો આ જ છે. ભારતમાં રહે તેણે ભારતીય બનીને રહેવું પડે. ભારતીય હોવા માટે હિન્દુ હોવાનું જરૂરી નથી. આ વાત મુસલમાનો સમજશે ત્યારે દેશ સ્વસ્થ બનશે.

પારસીઓએ પોતાના ધર્મની જરા જેટલી અવગણના કરી નથી, પરંતુ તેઓ ભારતીય બની રહ્યા એમાં એમની સલૂકાઈ વર્તાય છે. આવું જ ખ્રિસ્તીઓ માટે પણ કહી શકાય. એક લઘુમતી તરીકે મુસ્લિમોને જ ભારતીય બનવામાં થોડીક મનોવૈજ્ઞાનિક મુશ્કેલીઓ કેમ નડે છે ? આ પ્રશ્નનો જવાબ ઊંડી ગવેષણા માગે છે અને આવી ગવેષણા મુસલમાનોએ પણ કરવી પડશે. આવી ગવેષણા હવે શરૂ ન થાય તો શું બની શકે તેની ભયાનકતાને અયોધ્યાની ઘટનાને છતી કરી છે. હવે વિલંબ થાય તે કોઈના લાભમાં નથી.

### ઉપસંહાર

સરદારના સેક્યુલરિઝમની ચર્ચા એટલે શાસક સરદારના સેક્યુલરિઝમની ચર્ચા. શાસક અને સંન્યાસીના ધર્મો સરખા નથી. શાસકનો ધર્મ **કંટકશોધન** છે, જ્યારે સંન્યાસીનો ધર્મ પરમ સત્યની શોધ સાથે જોડાયેલો છે. કંટકશોધન સ્વભાવે જ સેક્યુલર કર્મ છે. કોઈ ડૉક્ટર પોતાની ફરજ બજાવતી વખતે દરદીની કોમનો વિચાર કરી શકે ખરો ? એને માટે દરદી કેવળ એક ઇન્સાન છે. આ જ વાત નર્સ, શિક્ષક અને પોલીસને લાગુ પડે છે. શિક્ષક વિદ્યાર્થીને ભણાવે છે; હિન્દુ કે મુસ્લિમ કોમના વિદ્યાર્થીને નથી ભણાવતો. એ જો વિદ્યાર્થીને એની કોમ જોઈને ભણાવે તો એને 'શિક્ષક' નહીં કહી શકાય. આવું જ ન્યાયાધીશ માટે કહી શકાય. જો ન્યાયાધીશ પિંજરામાં ઊભેલા આરોપીને કોમ જોઈને ન્યાય તોલવાનું રાખે તો તે બીજું બધું હોઈ શકે; ન્યાયાધીશ તો નહીં જ. ટૂંકમાં ડૉક્ટર, પોલીસ, નર્સ, શિક્ષક અને ન્યાયાધીશ વ્યવસાયે અને વૃત્તિએ સેક્યુલર જ હોઈ શકે; હોવા જોઈએ. આ વાત શાસનની ધૂરા સંભાળનારને પણ લાગુ પડે છે. સરદાર દક્ષ અને કર્તવ્યપરાયણ શાસક હતા અને તેથી જ ખરા માનવીય અર્થમાં સેક્યુલર હતા.

એક સત્યઘટના રજૂ કરીને મારી વાત પૂરી કરું. સન ૧૯૪૨માં અમદાવાદમાં કોમી રમખાણો થયેલાં. રાત પડી ગઈ પછી ખાડિયા વિસ્તાર તરફ મુસલમાનોનું

એક ધાડું હથિયારો અને મશાલો લઈને ધસી રહ્યું હતું. અશોક ઠાકોર નામના એક માણસે પોતાની કોઠાસૂઝનો ઉપયોગ કર્યો. તૂટેલા મકાનના ધાબા પર પડેલા કાટમાળના ઢગ પર ઊભા રહીને એણે પથરા ફેંકવાનું શરૂ કર્યું. ઈંટાળાની ખોટ ન હતી. એ ઝડપભેર પથરા ફેંકી શકે એવા આશયથી એક માણસ એની મદદે આવ્યો. એ માણસે એક પછી એક પથ્થર અશોકભાઈના હાથમાં આપવાનું શરૂ કર્યું, જેથી પથરા ફેંકવામાં ઝડપ રહે. થોડીક મિનિટો સુધી આ ક્રમ ચાલ્યો અને તોફાનીઓનું ધાડું પાછું ફરી ગયું. મોટી અથડામણ ટળી ગઈ. પથરા ફેંકનાર અશોકભાઈ ઠાકોરને હાથમાં પથરા આપનાર વ્યક્તિ કોણ હતી ? એ હતા પૂજ્ય રવિશંકર મહારાજ. એમણે અશોકભાઈને કહ્યું : 'અમે અહિંસામાં માનીએ છીએ તેથી પથરા મારી તો ન શકીએ, પરંતુ કોઈ વાજબી પ્રતિકાર કરે તો તેને સાથ તો આપી શકીએ.' આ સત્યઘટના મને આદરણીય જસ્ટિસ બી. જે. દીવાન તરફથી જાણવા મળેલી. શ્રી અશોક ઠાકોર અને શ્રી દીવાન, બંને અમદાવાદમાં રહે છે.*

જીવનનું સત્ય સાવ સપાટ નથી હોતું, પરંતુ ઊબડખાબડ હોય છે. સ્વામી વિવેકાનંદે 'અસતો મા સદ્‌ગમય' જેવા ઉપનિષદમંત્રનું મૌલિક અર્થઘટન કરતાં કહેલું કે માણસે અસત્યમાંથી સત્ય તરફ નથી જવાનું. એણે તો ભિન્ન કક્ષાના સત્ય તરફથી ઉચ્ચ કક્ષાના સત્ય તરફ જવાનું છે. જીવનની વાસ્તવિકતાની આવી સમજ વગર કોઈ શાસક રાજ્ય નહીં ચલાવી શકે. સરદાર પટેલ આવી વાસ્તવિક સમજના સ્વામી હતા.

**ગુણવંત શાહ**

(લેખક કૃત 'સરદાર એટલે સરદાર' ૭મી સંવર્ધિત આવૃત્તિ ૨૦૦૬, પૃ. ૧૩૦-૧૪૬માંથી સાભાર)

* પ્રવચન માટે વલ્લભવિદ્યાનગર ગયા પછી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અને મિત્ર શ્રી નિરંજન ઉપાધ્યાયની ઑફિસમાંથી જ જસ્ટિસ બી. જે. દીવાનને ખાસ ટેલિફોન કરીને આ ઘટનાની ચકાસણી કરી લીધેલી. ત્યાર પછી આ ઘટના વાંચીને શ્રી અશોક ઠાકોરનો પત્ર પણ મળેલો. મને એ બનાવની ખબર હતી, પરંતુ પ્રવચન શરૂ કરતાં પહેલાં જ ટેલિફોન પર વાત થઈ તેથી નિરાંત થયેલી.

નોંધ : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ખાતે સરદાર સ્મારક વ્યાખ્યાનમાં તા. ૨૮-૧-૧૯૯૩ને દિવસે આપેલું પ્રવચન, જેમાં અધ્યક્ષપદે સદ્‌ગત શ્રી એચ. એમ. પટેલ હતા તથા કુલપતિ ડૉ. દિલાવરસિંહ જાડેજા ઉપસ્થિત હતા. આદરણીય શ્રી એચ. એમ. પટેલ સાથેની એ મુલાકાત છેલ્લી સાબિત થઈ હતી.

## સરદાર વાણી

- આપણે આપણું કામ પ્રામાણિકપણે કરવું. આખરે નેકીથી કામ કરનાર જ આગળ આવે છે. અને ન આવે તો પણ આપણે આપણો માર્ગ ન છોડવો. કામ કરનારને માનસિક શાંતિ રહે જ.
- ''મેં સફાઈ કમિટીનું અધ્યક્ષપદ સ્વીકાર્યું છે અને તેની જવાબદારી ઉઠાવી છે. હું મારી સલામતી માટે કેવી રીતે ભાગી છૂટું ? મારી ફરજ છોડીને ભાગવું એ તો જનતાનો દ્રોહ કર્યા જેવું થાય. મારા હાથ નીચેના નોકરિયાતો પ્લેગનું જોખમ ઉઠાવે અને હું જીવ બચાવવા ભાગી છૂટું !...''
- હૈદરાબાદમાં કોના હાથમાં સત્તા છે તે હું અને તમે બંને જાણીએ છીએ. હૈદરાબાદમાં પ્રભુત્વ ભોગવનાર આ માણસે (રઝવી) ભારપૂર્વક કહ્યું છે કે ભારત સરકાર હૈદરાબાદમાં આવશે તો દોઢ કરોડ હિંદુઓનાં હાડકાં અને રાખ જ જોવા મળશે. પરિસ્થિતિ આવી હોય તો નિઝામ અને તેમના વંશજોનું સમગ્ર ભાવિ જોખમમાં આવી પડશે, તે સમજી રાખજો.
- આ સાલિયાણાં રાજાઓએ પોતાની રાજસત્તા સોંપી દીધી અને પોતાના રજવાડોઓનું અલગ અસ્તિત્વ ભૂંસી નાખવાનું કબૂલ્યું તેના વળતર રૂપે ચૂકવવાના છે... કરોડો લોકોના ભાવિ પર અસર પાડે તેવી આ રક્તહીન ક્રાંતિ માટે આપણે આટલી નજીવી - નજીવી શબ્દ હું હેતુપૂર્વક વાપરી રહ્યો છું – રકમ ચૂકવવામાં ખચકાઈએ તે જરૂરી છે ?

# અનુવાદ : બે સંસ્કૃતિઓને જોડતો સેતુ

તુલસીભાઈ પટેલ

અનુવાદ એ બે સંસ્કૃતિ અથવા સભ્યતાઓને જોડતો સેતુ છે. એ દૃષ્ટિએ અનુવાદનું મહત્ત્વ સ્વયંસિદ્ધ છે. શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે પણ અનુવાદનું મહત્ત્વ છે.

**વ્યુત્પત્તિ :**

'અનુવાદ' સંસ્કૃત ભાષાનો શબ્દ છે. એના મૂળમાં વદ્ ધાતુ છે. 'વદ્'નો અર્થ છે : બોલવું અથવા વાત કરવી. વદ્ પરથી 'વાદ' શબ્દ બન્યો છે. એની પૂર્વે 'અનુ' ઉપસર્ગ જોડવાથી અનુવાદ શબ્દ બને છે. 'અનુ' ઉપસર્ગનો અર્થ છે : પાછળ, અનુસરવું વગેરે. આ રીતે અનુવાદનો અર્થ થાય : અગાઉ કહેવાયેલી વાત ફરીથી કહેવી અથવા પુનઃકથન.

સંસ્કૃતના વ્યાકરણાચાર્ય પાણિનિએ 'અનુવાદ'નો પ્રયોગ આ રીતે કર્યો છે : 'अनुवाद चरणानाम्' આ સૂત્રની ટીકા કરતાં ટીકાકાર કહે છે : કોઈ અન્ય પ્રમાણ દ્વારા કહેવાયેલી વાત જ્યારે બીજા કાર્ય માટે કોઈક દ્વારા જ્યારે શ્રોતાને કહેવામાં આવે છે, ત્યારે અનુવાદ બને છે.

અનુવાદને અંગ્રેજીમાં Translation કહેવામાં આવે છે. એક ભાષાની વાત બીજી ભાષામાં કહેવામાં આવતી હોય તેને 'ભાષાંતર' પણ કહે છે.

**વ્યાખ્યા :**

અનુવાદ વિજ્ઞાનના પ્રખર વિદ્વાન નાઈડા અનુવાદની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે :

''Translation consists in producing in the recepter-language, the closest natural equivalant to the message of the source language, first in meaning and secondly in style.''

અનુવાદનો સંબંધ સ્રોત ભાષાના સંદેશને પહેલાં અર્થ અને ત્યારબાદ શૈલીની ભૂમિકા પર લક્ષ્ય ભાષામાં નિકટતમ, સ્વાભાવિક તેમજ તુલ્યાર્થક ઉપાદન પ્રસ્તુત કરવા સાથે છે.

(જે ભાષામાંથી અનુવાદ કરવો હોય એને 'સ્રોત ભાષા (Source Language) તથા જે ભાષામાં અનુવાદ કરવો હોય તેને 'લક્ષ્ય ભાષા' (Target Language) ટૂંકમાં S. L. તથા T. L. કહેવામાં આવે છે.)

પ્રસિદ્ધ ભાષાવિદ ન્યૂમાર્ક કહે છે : ''અનુવાદ એક શિલ્પ છે, જેમાં એક ભાષામાં લિખિત સંદેશને બીજી ભાષામાં પ્રસ્તુત કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે.''

હિન્દીના જાણીતા વિદ્વાન ડૉ. ભોલાનાથ તિવારી કહે છે : ''એક ભાષામાં વ્યક્ત વિચારોને, યથાસંભવ સમાન અને સહજ અભિવ્યક્તિ દ્વારા બીજી ભાષામાં વ્યક્ત કરવાના પ્રયાસને અનુવાદ કહેવામાં આવે છે.''

**અનુવાદ : પ્રયોજન**

અનુવાદ દ્વારા અલગ અલગ ભાષા બોલનાર એકબીજાના વિચાર અને ભાવનાઓ જાણી શકે છે. એમની સંસ્કૃતિ અને સંસ્કારોનો પરિચય પ્રાપ્ત કરી શકે છે.

અનુવાદ દ્વારા અન્ય ભાષામાં લિખિત સાહિત્ય, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન વગેરેની માહિતી પ્રાપ્ત કરી શકાય છે. આપણી ક્ષતિઓ દૂર કરીને આપણે જ્ઞાન-સમૃદ્ધ બની શકીએ છીએ.

અનુવાદ એ બે સંસ્કૃતિઓને જોડે છે. અનુવાદ સાંસ્કૃતિક-દૂત છે. અનુવાદ દ્વારા અન્ય ભાષાઓમાં રચિત ઉત્તમ સાહિત્યનો પરિચય પ્રાપ્ત થાય છે. અનુવાદ એ સાહિત્યનું અત્યંત ઉપયોગી અંગ છે.

**અનુવાદકમાં અપેક્ષિત યોગ્યતા :**

અનુવાદની પ્રક્રિયામાં અનુવાદકની ભૂમિકા કેન્દ્રવર્તી અને મહત્ત્વપૂર્ણ ગણાય. સફળ અનુવાદકાર્ય માટે અનુવાદકમાં નીચેની યોગ્યતા અપેક્ષિત છે.

**(૧) સર્વપ્રથમ યોગ્યતા : ભાષાઓનું જ્ઞાન અને પ્રભુત્વ**

અનુવાદક સામે બે ભાષાઓ હોય છે. એક સ્રોત ભાષા (S.L.) અને બીજી લક્ષ્ય ભાષા (T.L.). આ બંને ભાષાઓનું સમુચિત જ્ઞાન આવશ્યક છે. બંને ભાષાની

પ્રકૃતિ, પ્રવૃત્તિ, સંસ્કૃતિ, અભિવ્યક્તિ ક્ષમતા વગેરે બાબતો વિશે અનુવાદક સારી રીતે જાણકાર હોવો જોઈએ.

**(૨) અનુવાદકમાં બીજી યોગ્યતા : વિષયનું સંપૂર્ણ જ્ઞાન**

વિષયના પરિપૂર્ણ જ્ઞાન વિના વિદ્વાન દ્વારા કરેલ અનુવાદ પણ હાસ્યાસ્પદ નીવડે છે. કારણ કે અજ્ઞાનને લીધે અર્થનો અનર્થ થઈ જતો હોય છે.

**(૩) અનુવાદકની ત્રીજી યોગ્યતા સ્વતંત્ર વિચારશક્તિ છે**

સ્રોત અને લક્ષ્ય : બંને ભાષાઓનું જ્ઞાન, વિષયનું જ્ઞાન અને પ્રતિભા હોય તોપણ ઘણી વાર અનેક પ્રસંગ પર અનુવાદકની સ્વતંત્ર વિચારશક્તિ સફળ અનુવાદમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

**અનુવાદના પ્રકાર :**

અનુવાદના મુખ્ય ત્રણ પ્રકાર છે :

(૧) શબ્દાનુવાદ : આ પ્રકારના અનુવાદમાં સ્રોત ભાષાના શબ્દો તથા વાક્યાંશોને જેવા હોય તેવા જ રાખીને અનુવાદ કરવામાં આવે છે. માટે આ અનુવાદ નિકૃષ્ટ કક્ષાનો ગણાય છે. વાસ્તવમાં પ્રત્યેક ભાષાની પ્રકૃતિ ભિન્ન હોય છે, એનો વિચાર શબ્દાનુવાદમાં કરાતો નથી. શબ્દાનુવાદની ભાષા કૃત્રિમ હોય છે. એમાં મૂળ કૃતિનો સ્વાભાવિક પ્રવાહ હોતો નથી, તેથી આ અનુવાદ દુર્બોધ, અસ્વાભાવિક અને હાસ્યાસ્પદ હોય છે. ક્યારેક મૂંઝવણ પેદા કરે છે. શબ્દાનુવાદને તરજુમો યા ભાષાંતર પણ કહેવામાં આવે છે.

(૨) ભાવાનુવાદ : આ અનુવાદ ઉત્તમ ગણાય છે. ભાવાનુવાદમાં સ્રોત ભાષા અને લક્ષ્ય ભાષાના મૂળ અર્થ, વિચાર અને ભાવાભિવ્યક્તિ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. આ અનુવાદમાં મૂળ પાઠના આત્માને સુરક્ષિત રાખી લક્ષ્ય ભાષામાં સમ્પ્રેષિત કરવામાં આવે છે. શબ્દાનુવાદ કષ્ટકર હોય ત્યારે પણ ભાવાનુવાદની સહાય લેવી પડે છે. આ દૃષ્ટિએ ભાવાનુવાદ સર્વાધિક ઉપયોગી ગણાય છે.

(૩) છાયાનુવાદ : 'છાયા'નો અર્થ છે મૂળ કૃતિનો કેન્દ્રવર્તી પ્રભાવ. છાયાનુવાદમાં મૂળ પાઠની અર્થચ્છાયા ગ્રહણ કરીને અનુવાદ કરવામાં આવે છે. બીજી રીતે કહીએ તો એમાં સ્રોત ભાષાની મુખ્ય વાત, વિચાર યા સંકલ્પના, કેન્દ્રવર્તી સંવેદના વગેરે આત્મસાત્ કરીને તત્સબંધી પ્રભાવને લક્ષ્ય ભાષામાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ પ્રકારના અનુવાદમાં મૂળ પાઠની માત્ર છાયા ગ્રહણ કરવામાં આવે છે, ને સ્વતંત્ર રીતે અનુવાદ કરવામાં આવે છે. એને રૂપાંતર પણ કહી શકાય.

**સફળ યા ઉત્તમ અનુવાદના ગુણ :**

સફળ અનુવાદમાં નીચે પ્રમાણેના ગુણ અપેક્ષિત છે.

અનુવાદ જાણે કે સ્વ-ભાષામાં વિચારવામાં આવેલ હોય અને લખવામાં આવેલ હોય એવો સહજ અને સુંદર હોવો જોઈએ.

કહેવતો અને રૂઢિપ્રયોગોનો અનુવાદ કહેવતો ને રૂઢિપ્રયોગોમાં જ કરવો જોઈએ અથવા એનો ભાવાર્થ લખવો જોઈએ, પરંતુ એનો શબ્દશઃ અનુવાદ ન કરવો. શાબ્દિક અનુવાદ કઢંગો ને હાસ્યાસ્પદ બનશે !

સ્રોત ભાષામાં અપરિચિત દૃષ્ટાંત, દંતકથા, રૂપક વગેરે માટે પાદટીપ આપવી જોઈએ.

અનુવાદકે મૂળકૃતિ આત્મસાત્ કરવી જોઈએ. અનુવાદિત કૃતિ સ્વભાષામાં લખાઈ હોય એવી લાગવી જોઈએ.

મૂળ કૃતિની ખૂબીઓ, ઉત્કૃષ્ટતા, સાહિત્યિક સૌંદર્ય વગેરે અનુવાદમાં પણ સુરક્ષિત રહેવાં જોઈએ.

જો મૂળ કૃતિના કોઈ પરિચ્છેદના કોઈ શબ્દનો અર્થ ખબર ન હોય તો સંદર્ભ જોઈને એનો ભાવાર્થ લખવો જોઈએ.

**અનુવાદની વિડંબના !**

અનુવાદની પ્રક્રિયા એક બૉટલનું અત્તર બીજી બૉટલમાં નાખવા જેવું છે. એમ કરતાં થોડીક સુગંધ તો ઊડી જ જાય છે.

સંપૂર્ણ અનુવાદ અસંભવ છે, એટલા માટે અંગ્રેજ વિદ્વાન જોન પોપ કહે છે : Translation is Sin અર્થાત્ અનુવાદ પાપ છે. કોઈ ચિંતકે અનુવાદકને 'પ્રવંચક' કહ્યો છે !

**અનુવાદ : કલા કે વિજ્ઞાન ?**

વ્યવસ્થિત જ્ઞાનને વિજ્ઞાન કહેવાય છે. આજકાલ 'વિજ્ઞાન'નો મહિમા છે ! તથા અનુવાદનું પણ વ્યવસ્થિત શાસ્ત્ર રચાયું છે. આ દૃષ્ટિએ અનુવાદને વિજ્ઞાન કહી શકાય.

પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીએ તો અનુવાદની પ્રક્રિયાએ એક રીતે સર્જનની પ્રક્રિયા છે, એટલા માટે જેઓ

સ્વયં સર્જક છે તેઓ અનુવાદમાં અધિક સફળ થાય છે. યોગ્ય જ કહ્યું છે કે અનુવાદ એ અનુસર્જન છે. અનુવાદના નિયમોમાં ગાણિતિક ચોક્સાઈ સંભવિત નથી. આ દૃષ્ટિએ અનુવાદ કલા પણ છે, ને વિજ્ઞાન પણ છે.

**કાવ્યના અનુવાદની સમસ્યા :**

ગદ્ય અનુવાદની તુલનાએ કાવ્યનો અનુવાદ કઠિન છે. કાવ્યમાં લય, પ્રાસ, અનુપ્રાસ, અલંકાર, છંદ વગેરે દ્વારા કલાત્મક સૌંદર્ય પેદા થાય છે. આ સૌંદર્ય એ કાવ્યનો આત્મા છે. એ બધું અનુવાદમાં યથાતથ ઉતારવું અતિશય કઠિન છે. એટલા માટે મોટા ભાગે અનુવાદમાં કાવ્યનો ભાવાર્થ રજૂ કરવામાં આવતો હોય છે, પરંતુ એના પરથી મૂળકૃતિનો રસાસ્વાદ પ્રાપ્ત થતો નથી. આવો અનુવાદ યથાર્થ અનુવાદ ન ગણાય.

એક રીતે વિચારીએ તો કવિતાનો અનુવાદ એ પુનઃસર્જનની પ્રક્રિયા ગણાય, માટે સર્જનાત્મક પ્રતિભાશાળી વ્યક્તિ જ કવિતાનો યથાર્થ સુંદર અનુવાદ કરી શકે. એ માટે એક-બે ઉદાહરણ તપાસીએ. જાણીતા સર્જક ઝવેરચંદ મેઘાણીએ 'કોઈનો લાડકવાયો' કાવ્યની રચના કરી છે, એ વાસ્તવમાં અંગ્રેજી કાવ્યનો અનુવાદ છે. અનુવાદ એટલો તો સુંદર ને ભાવવાહી છે કે, મૂળ કવિતા કરતાંય વધારે સારો છે એવું લાગે ! જેમ કે :

**''રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે**
**કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે,**
**ઘાયલ મરતાં મરતાં રે, માતની આઝાદી ગાવે.''**

મેઘાણીએ બંગાળી કાવ્યોના એટલા તો ભાવવાહી અનુવાદ આપ્યા છે કે આપણને લાગે જ નહીં કે એ અનુવાદ હશે ! મૂળ કૃતિ જેવો અનુભવ થાય.

નરસિંહરાવ દિવેટિયાએ અંગ્રેજી કાવ્ય ''Lead kindly light''નો કેવો સરસ અનુવાદ કર્યો છે ! ''પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ.''

ટૂંકમાં અનુવાદકની ખરી કસોટી કાવ્યના અનુવાદમાં થાય છે.

વિભિન્ન સંસ્કૃતિઓ વચ્ચે ભાવાત્મક એકતા પેદા કરવામાં અનુવાદ અત્યંત ઉપયોગી છે. આજે પણ સારા અનુવાદકોની ખોટ સાલે છે. આપણા અભ્યાસક્રમમાં અનુવાદ-કળાનો સમાવેશ કરીને આ ખોટ દૂર કરવાનો પ્રયત્ન કરવો ઘટે. અસ્તુ. !

**૧, ઉદયનગર સોસાયટી, પ્રશાંત સિનેમા પાસે,**
**મહેસાણા-૩૮૪૦૦૨**
**મો. ૯૯૯૮૮૯૬૩૩**

## ''અહીં તમારી સત્તાનો અંત આવે છે !''

નક્સલવાદી આંદોલન દરમિયાન જમીનદારીનો વિરોધ કરીને નીકળી પડેલા આદિવાસીઓમાંની એક સ્ત્રી દોપડીની વાત મહાશ્વેતાદેવીની વારતા 'દ્રૌપદી'માં આવે છે. સવર્ણોની દ્રૌપદી, એટલે આદિવાસીઓની દોપડી. એનો પતિ અને સાથીઓ પોલીસના હાથે મરાયા, પણ દોપડી એકલી બચી ગઈ, પકડાઈ ગઈ. એને 'ઠેકાણે લાવવા'નો હુકમ સેનાનાયક આપે છે. પાંચ-છ-સાત આવ્યા એને ઠેકાણે લાવવા ત્યાં સુધી દોપડીને ખબર છે... પછી એ બેહોશ થઈ જાય છે. પાછી હોશમાં આવે છે ત્યારે ફરી શરૂ થાય છે એને ઠેકાણે લાવવાની પ્રક્રિયા... સવાર પડે છે. એક માણસ એને સેનાનાયક પાસે લઈ જવા આવે છે. એણે પહેરવા આપેલાં કપડાંના દોપડી દાંતથી લીરેલીરા કરી નાખે છે અને કહે છે : ''ચાલ, ક્યાં લઈ જવી છે મને ?'' નગ્ન દોપડીને લોહી નીંગળતી હાલતમાં, ઉઝરડાયેલી-ઘારાં પડી ગયેલી છાતી સાથે ટટ્ટાર ચાલી આવતી જોઈ સેનાનાયક બેબાકળો બની જાય છે. અટ્ટહાસ્ય કરતી દોપડી ત્રાડે છે : ''કપડાંનું શું કામ છે ? તમે મને નગ્ન કરી શકો, પણ તમે મને કપડાં કઈ રીતે પહેરાવી શકવાના ! સ્ત્રીને નિર્વસ્ત્ર કરવા સાથે જ તમારી સત્તા સમાપ્ત થઈ જાય છે. અને આમેય અહીં કોઈ પુરુષ છે ખરો કે મારે અંગ ઢાંકવું પડે ?'' ઘારાં પડી ગયેલી પોતાની છાતી વડે સેનાનાયકને ધક્કો મારતી દોપડી કહે છે : ''આનાથી વધુ તમે કરી શું શકવાના ? અહીં તમારી સત્તાનો અંત આવે છે !''

'મહાભારત'ની દ્રૌપદીને ભરી સભામાં કર્ણે વેશ્યા કહી હતી, અને એને નગ્ન કરવામાં કંઈ વાંધો નથી એવું કહ્યું હતું. સદીઓથી એવાં વસ્ત્રાહરણ કરવા મથતી પુરુષોની જમાતને આ અભણ, આદિવાસી દોપડી પડકાર ફેંકે છે : ''આવો મારી સામે, બોલો આનાથી વધારે તમે શું કરી શકવાના ?''

**શરીફા વીજળીવાળા** (નારીજીવનની વાચનયાત્રામાંથી સાભાર)

# સોમનાથ મંદિર અને જગતમંદિર

નરોત્તમ પલાણ

સૌરાષ્ટ્રના પશ્ચિમ કિનારે આવેલાં બે મહાન મંદિરો તે પ્રભાસમાં આવેલું સોમનાથ મંદિર અને દ્વારકામાં આવેલું જગતમંદિર છે. પ્રભાસ અને દ્વારકાનો ઇતિહાસ જુદો જુદો છે તેમ આ બંને મંદિરનો ઇતિહાસ પણ વિવિધ કલમોથી લખાયેલો વૈવિધ્યભર્યો છે. છેલ્લાં વર્ષોમાં આ બે નગરોનાં જે ઉત્ખનનો થયાં તેણે એવું સિદ્ધ કરી આપ્યું છે કે આ નગરો અથવા વસાહતો સિન્ધુ સભ્યતાથી પણ પ્રાચીન સ્થાનો છે. અલબત્ત, આ બે સ્થળોએ મંદિરો ક્યારે બંધાયાં તેના વિશે જુદાજુદા અભિપ્રાયો છે, પરંતુ છેલ્લા દોઢ-બે હજાર વર્ષથી તો આ સ્થળો મંદિરોથી શોભતાં થઈ ગયાં છે. પ્રભાસનું સોમનાથ મંદિર શિવમંદિર છે અને જ્યોતિર્લિંગ છે, જ્યારે દ્વારકાનું જગતમંદિર વિષ્ણુમંદિર છે અને ભારતવર્ષનાં ચાર યાત્રાધામોમાંનું એક છે.

આ પણ સ્પષ્ટ છે કે લિંગપૂજાનો ઇતિહાસ અતિ પ્રાચીનકાળથી છે, જ્યારે મૂર્તિપૂજા એટલા પ્રાચીનકાળથી નથી. આમ જુઓ તો 'મંદિર' બાંધવાની પ્રથા છેલ્લાં અઢી હજાર વર્ષથી છે. ઇતિહાસની નજરે હાલ પ્રાપ્ત જૂનામાં જૂનું મંદિર રાજસ્થાનમાં મધ્યમિકાનું વાસુદેવ મંદિર છે. આ મંદિર ઈ. સ. પૂ. ૨૫૦નું માનવામાં આવે છે. આ મંદિરના હાલ માત્ર અવશેષો જ છે અને તેના આધારે મંદિરની કોઈ સ્થાપત્ય રેખા દોરી શકાતી નથી. બીજી બાજુ સમગ્ર દેશનું હાલ હયાત પ્રાચીનતમ મંદિર જામનગર જિલ્લાના ગોપ નામના ગામમાં આવેલું છે. આ મંદિરને ક્ષત્રપકાલીન માનવામાં આવે છે. ક્ષત્રપકાળ એટલે પહેલી સદીથી ચોથી સદી વચ્ચેનો કાળ. આ મંદિર, ધર્મ અને મંદિર સ્થાપત્યના અભ્યાસ માટે દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષે છે.

૧૯૪૭માં દેશ આઝાદ બન્યો ત્યારે સોમનાથ મંદિર ખંડિત હાલતમાં હતું. આથી સરદાર પટેલે તેના નવનિર્માણના શપથ લીધા હતા. કેન્દ્ર સરકારની ખૂબ મોટી આર્થિક સહાયથી ૧૯૫૦માં જે ભગ્ન મંદિર હતું તેને સાવ પાયામાંથી ઉખેડી નાખવામાં આવેલું. આ સમયે કુદરતી જમીન ન આવે ત્યાં સુધી ખોદકામ થયેલું. આ સ્થળેથી એક ઉપર બીજું, બીજા ઉપર ત્રીજું – એમ સાત મંદિરના પાયા મળેલા. આજે ઊભું છે તે આઠમું મંદિર છે અને મૂળની જગ્યાએ જ છે. આનું કારણ એ છે કે જ્યોતિર્લિંગ આકાશી ગ્રહોની ચાલ મુજબ સ્થાપના પામે છે. અહીં ગ્રહદશા – સૂર્યચંદ્રનો છેદ-આદિના વિચાર પછી પૂર્ણિમાના દિવસે કયા ગ્રહનો પ્રભાવ પૃથ્વીના કયા બિંદુ ઉપર પડે છે તે બિંદુ ઉપર જ્યોતિર્લિંગની સ્થાપના થાય છે. ૧૯૫૦માં જે ઉત્ખનન થયું તેનો રિપોર્ટ મુનશી અને થાપર દ્વારા પ્રસિદ્ધ થયેલો છે. આ રિપોર્ટ મુજબ અહીં પહેલું મંદિર ઈ. સ.ની શરૂઆતમાં અર્થાત્ આજથી બે હજાર વર્ષ પૂર્વે હોવાનું સિદ્ધ થયું છે. મૈત્રકકાળમાં બીજા મંદિરના રૂપમાં એનો વિકાસ થયો છે. શિવભક્ત પ્રતિહારવંશના નાગભટ્ટ દ્વારા સોમનાથનું ત્રીજું વિશાળ મંદિર, મૂળના લિંગસ્થાનને કાયમ રાખીને આજુબાજુ નિર્માણ પામેલું છે. એક મત એવો છે કે આ પહેલાંનાં બે મંદિરો લાકડાનાં હતાં. સોમનાથની આજની દરિયા તરફની રક્ષણ-દીવાલ નાગભટ્ટ દ્વારા સર્જન પામેલી છે. સંભવતઃ આ જ નાગભટ્ટ દ્વારા તરણેતરનું પ્રથમ મંદિર નિર્માણ પામેલું છે. નાગભટ્ટ પ્રતિહારવંશનો હતો. 'પ્રતિહાર'નો અર્થ થાય છે લક્ષ્મણનો વંશ, લક્ષ્મણ રામના પ્રતિહાર-રક્ષક હતા. રાજસ્થાનનો ઇતિહાસ એમ કહે છે કે બ્રાહ્મણપુરુષ અને ક્ષત્રિય કન્યાથી આ વંશ ચાલેલો છે.

સોમનાથનું આ ત્રીજું સમૃદ્ધ મંદિર ૧૦૨૬માં ગઝની દ્વારા નાશ પામ્યું. ગઝની સાથે આવેલો ઇતિહાસ લેખક અલબિરુની નોંધે છે કે 'મહમદે જે મંદિર તોડ્યું

તે સો વર્ષ પહેલાં બંધાયું હતું.' ૧૯૫૦ના ખોદકામથી આ વસ્તુસ્થિતિ સ્પષ્ટ થાય છે કે ઈ. સ.ની નવમી સદીમાં નાગભટ્ટ દ્વારા મંદિરનું વિસ્તૃતીકરણ થયું છે. સ્પષ્ટ છે કે મૂળમાં એક જ મંદિર છે, જે મૈત્રકરાજાઓ દ્વારા અને પ્રતિહાર રાજાઓ દ્વારા વિસ્તાર પામ્યું છે. છેલ્લો વિસ્તાર નવમી સદીમાં નાગભટ્ટ દ્વારા છે અને અગિયારમીના આરંભે તે મહમદ ગઝની દ્વારા તૂટ્યું છે.

આ પછી નવનિર્માણ પામવાનો અને તૂટવાનો સિલસિલો સાતસો વર્ષ સુધી ચાલુ રહ્યો છે. આ સાતસો વર્ષમાં કુલ છ વાર મંદિર તૂટ્યું છે અથવા આ કે તે એમ અમુક ભાગનો ભંગ થયો છે અને હાલ છે તે આઠમી વાર બંધાયું છે. આ આઠમી વારનું મંદિર મૂળનાં બધાં જ મંદિરોનાં હાડપિંજરને ઉખેડીને સાવ પાયામાંથી નવેસર બંધાયું છે.

આ ઘટનાને બીજી રીતે વિચારીએ તો મૂળનું મંદિર પ્રથમ વાર પાયો નાખીને બંધાયું છે. આ પછી બારમી સદીમાં કુમારપાળ દ્વારા જે મંદિર બંધાયું તે તે જ જગ્યાએ પણ વધારે વિશાળ પાયા ઉપર સાવ નવેસરથી બીજી વાર બંધાયું છે. સ્થાપત્યની નજરે આ મંદિર 'મહામેરુપ્રાસાદ' નામનું વિશાળ મંદિર છે. ક્રમની દૃષ્ટિએ આ પાંચમું મંદિર છે અને તે અલાઉદ્દીન ખીલજી દ્વારા તેરમી સદીના અંતમાં તૂટ્યું છે. વર્ષના આંકડામાં વાત કરીએ તો ૧૧૪૬માં સોમનાથના 'મહામેરુપ્રાસાદ'નું નિર્માણ થયું છે. સોમનાથનો આ 'કૈલાસ મહામેરુ પ્રાસાદ' બરાબર ૧૫૧ વર્ષ ટક્યો છે અને ૧૨૯૭માં તે અલાઉદ્દીન દ્વારા ધ્વંસ પામ્યો છે.

આ પછીનાં બે મંદિરો 'મહામેરુપ્રાસાદ'ના પાયા ઉપર જ છે અને તે ૧૯૫૦માં પાયામાંથી ઉખેડીને પુનઃ પાયામાંથી નિર્માણ પામેલ છે. આમ મૂળનો પાયો, કુમારપાળ દ્વારા બીજી વારનો વિશાળ કરીને નંખાયેલો પાયો અને આ ત્રીજી વારનો, દેશ સ્વતંત્ર બન્યો પછીનો પાયો છે. તોડનારના ક્રમનો વિચાર કરીએ તો મહમદ ગઝની, અલાઉદ્દીન ખીલજી, મહમદ તઘલખ, ફીરોજ તઘલખ, ઝફરખાન, મહમદ બેગડો અને ઔરંગઝેબ – આમ મંદિરના કુલ સાત ભંગ થયા છે, પરંતુ યાદ રહે : આ ભંગ મંદિરનું શિખર કે દરવાજો – એમ મંદિરના કોઈ એકાદ ભાગના ભંગ છે. આ ભંગનો જે જીર્ણોદ્ધાર થયો તેને અદ્યાપિ આપણે 'નવનિર્માણ' માનતા આવ્યા છીએ ત્યાં આટલો વિવેક રાખવો યોગ્ય જણાય છે. મંદિર એક જ છે પણ એનું શિખર બે વાર તૂટ્યું છે અને બે વાર રિપેર થયું છે ત્યાં સમગ્ર મંદિરના નિર્માણની ઘટના નથી. ૧૯૫૦નું ખોદકામ અતિ અગત્યનું છે કારણ કે તે સાવ નીચેના પાયામાંથી કરવામાં આવ્યું છે.

સોમનાથ મંદિર જે ગામમાં આવ્યું છે તે ગામ પ્રભાસ આખેઆખું ક્યારેય નાશ નથી પામ્યું, જ્યારે શ્રી દ્વારકાધીશનું જગતમંદિર જે ગામમાં આવ્યું છે તે ગામ 'દ્વારકા' આખેઆખું કુલ સાત વાર નાશ પામ્યું છે ! દ્વારકાનું ખોદકામ ૧૯૬૩માં અને ૧૯૭૯માં – એમ બે વાર થયું અને જે અવશેષો પ્રાપ્ત થયા છે તેના આધારે સ્પષ્ટ થાય છે કે દ્વારકાની પ્રથમની બે વસાહતો દરિયામાં ડૂબી ગઈ છે. દ્વારકાની પ્રથમ વસાહત ઉપર છ-છ ફૂટની રેતીનો થર મળેલો છે, તેમ બીજી દ્વારકાના અવશેષો ઉપર પણ રેતીનો થર મળ્યો છે. પ્રથમની આ બે દ્વારકામાં મંદિર હોવાનો એક પણ અવશેષ મળ્યો નથી. આનો અર્થ એ કે મંદિર નિર્માણ ત્રીજી દ્વારકામાં થયું છે અને તેનો સમય છેલ્લા દોઢ હજાર વર્ષનો છે. આ ખોદકામથી શ્રીકૃષ્ણની ઐતિહાસિકતા સિદ્ધ થતી નથી, પણ દ્વારકા સમુદ્રમાં ડૂબી ગઈ – એવી પુરાણોની કથા – સો એ સો ટકા સિદ્ધ થાય છે.

૧૯૭૯માં થયેલું ખોદકામ થોડી જુદી વાત પણ આપણી સામે મૂકે છે. જગ્યાના અભાવે ૧૯૬૩નું ખોદકામ, જગતમંદિર પાસેનો વીસ ફૂટ ચોરસનો એક ઓરડો ખરીદી લઈ તેમાં કરવામાં આવેલું હતું. આટલી સાંકડી જગ્યામાં આશરે ૪૦ ફૂટ ઊંડે ખોદકામ પહોંચ્યું ત્યારે આજની દ્વારકા નીચે કુલ છ દ્વારકાઓ હોવાની નિશાનીઓ મળી આવી હતી.

૧૯૬૩ના અનુભવ ઉપરથી સ્પષ્ટ થઈ ગયું હતું કે હજુ વિશાળ જગ્યામાં કે દરિયામાં ખોદકામ કરવું ઘટે. છ દ્વારકા મળ્યાં તો કંઈક વિશેષ પણ મળશે. સોળ વર્ષ પછી આવી તક ઊભી થઈ અને પ્રથમના ખોદકામ કરતાં વધારે મોટા પાયા ઉપર એસ. આર. રાવની અધ્યક્ષતામાં ૧૯૭૯માં બીજું ખોદકામ થયું. સદ્‌ભાગ્યે આના વિશે એસ. આર. રાવ દ્વારા જ ૧૯૯૯માં 'ધ લોસ્ટ સિટિ ઑફ દ્વારકા' પ્રાપ્ત થયું. આ ખોદકામથી સિન્ધુ સભ્યતાનાં

'હડપ્પિયમૃત્પાત્રો' પ્રાપ્ત થયાં. અતઃ વધુ નીચેના સ્તરે એક વધુ દ્વારકા નજરમાં આવી છે. એસ. આર. રાવ આજની દ્વારકાને આઠમી દ્વારકા કહે છે અને તે ૧૬૦૦થી ક્રમશઃ સર્જન પામેલી છે. મૂળની દ્વારકા આજથી ત્રણ-સાડા ત્રણ હજાર વર્ષ પહેલાં હતી એવું પ્રકાશમાં આવ્યું.

આજે એકવીસમી સદીમાં ક્રમશઃ ચાલી રહેલી દરિયાઈ શોધખોળથી દ્વારકાનો સમય વધારે ને વધારે પ્રાચીનકાળમાં જઈ રહ્યો છે. પૌરાણિક કાળગણના મુજબ શ્રીકૃષ્ણની દ્વારકાને પાંચ હજાર વર્ષની માનવામાં આવે છે તેની સાથે સાત હજાર વર્ષ સુધીના દરિયાઈ પુરાવશેષો ઉપલબ્ધ થયા છે ! પૌરાણિક સાહિત્યના જાણકાર આને 'કુશસ્થલી'ના અવશેષો ગણાવે છે.

ખાસ નોંધવા જેવું એ છે કે સાવ નીચેની પ્રથમ દ્વારકામાં હડપ્પિય ઠીકરીઓ મળી છે, તે પછીની બીજી દ્વારકામાં ચિત્રિત કાળી ઠીકરી અને આખી વસાહત ઉપર ફરી વળેલી રેતીના થર મળ્યા છે. પુરાતત્ત્વની ભાષામાં આને ચકચકિત લાલ પાત્રો અને 'બોર વેર' કહે છે. આ બંને દ્વારકા ઉપર અને રેતના થર ઉપર જે ત્રીજી દ્વારકાના અવશેષો મળ્યા તે સહુ કોઈને આશ્ચર્ય પમાડનાર છે. અહીં પથ્થરનો પ્રથમ ઉપયોગ મળે છે અને નદીના કાંઠા તરફથી મંદિરનું એક આમલક મળ્યું છે. આ આમલક ઘંટાકાર છે અને ક્ષત્રપકાલીન છે.

આ અવશેષો સાથે 'હરિવંશ'ના 'વિષ્ણુપર્વ'ના ૯૮માં અધ્યાયમાં આવતી 'વિશ્વકર્મા દ્વારા દ્વારકાની વિશેષ રચના' વાંચવા જેવી છે. આભને અડતા ઊંચા મહેલોની વચ્ચે શ્રીકૃષ્ણનું 'ઉપસ્થાન ગૃહ' (દેવપૂજાનો ઓરડો) ચકચકિત હતું. 'પુરાણકથાઓમાં પાઠાન્તરનો પ્રશ્ન તેમ પુરાવશેષોમાં અર્થઘટનનો પ્રશ્ન છે. શ્રી રાવ કૃષ્ણકથાથી પ્રભાવિત છે અને ઉપલબ્ધ પ્રત્યેક પુરાવશેષને કૃષ્ણકથાના પરિપ્રેક્ષ્યમાં મૂલવે છે.

– બીજી બાજુ આલોક ત્રિપાઠી જેવા મિત્રો, મૂળની કૃષ્ણકથા અને દ્વારકાથી દૂર રહીને પુરાણો અને પુરાતત્ત્વમાં દ્વારકાની ચર્ચા કરે છે. પુસળકર, સાંકળિયા, રાવ આદિને જે જાત અનુભવ છે તે ત્રિપાઠી આદિ મિત્રોમાં અનુભવાતો નથી. મુ. કે. કા. શાસ્ત્રી કે હરિપ્રસાદ ગં. શાસ્ત્રી દ્વારકામાં એક ચક્કર મારીને દ્વારકાનો ઇતિહાસ લખે તે વાંચીને અમે આશ્ચર્ય અને આઘાત અનુભવ્યા છે !

અસ્તુ. ૧૯૬૩વાળું ખોદકામ આજની દ્વારકાને સાતમી દ્વારકા કહે છે. જ્યારે ૧૯૭૯વાળું ખોદકામ સાંપ્રત દ્વારકાને આઠમી દ્વારકા ગણાવે છે. દરિયાઈ ખોદકામ કદાચ આને નવમી કે દસમી દ્વારકા કહેશે.

હવે પ્રશ્ન રહ્યો જગતમંદિરનો. 'જગત' એવું નામ ભૂગોળ ઉપરથી છે કે ખગોળ ઉપરથી તેની ચર્ચા પણ થયેલી છે. 'દ્વારકા'નો એક અર્થ 'કર્ક દ્વાર' – એમ આકાશી કર્કવૃત્ત સાથે સંબંધિત હોવાનું એક અર્થઘટન પણ છે. 'જગત' શબ્દનો અર્થ સૂર્ય અને વિષ્ણુ – બંને થાય છે, તેમ 'હાથી', ખાસ કરીને વિષ્ણુનો હાથી – એમ આ મંદિરમાં હાથીનું બાહુલ્ય જોઈને 'જગતપતિ' – 'હાથીના સ્વામી વિષ્ણુ' – એમ ચક્કર મારીને વિષ્ણુપ્રધાનતા સૂચવાતી હોવાનો મત પણ છે. દરિયાઈ પરિવહનમાં આ સ્થળને 'જગતભૂશીર' કહેવામાં આવે છે એટલે ત્યાં આવેલું વિષ્ણુમંદિર યોગ્ય લાગે છે.

શ્રીકૃષ્ણના બદલે અહીં વિષ્ણુ છે અને વિષ્ણુમાં પણ વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપોમાંનું એક 'ત્રિવિક્રમ' સ્વરૂપ અહીં કેન્દ્રસ્થાને છે તે શ્રી દ્વારકાધીશની પ્રતિમા ઉપરથી સ્પષ્ટ છે. શા માટે અહીં 'ત્રિવિક્રમ' એની ચર્ચા અદ્યાપિ ક્યાંય થઈ હોવાનું જાણમાં નથી પણ આ શ્રીરામાનુજી પરંપરાનું સેવ્ય સ્વરૂપ હોવાનું સમજાય છે. અતઃ 'જગતમંદિર' એવું નામ ઈ. સ.થી બારમી સદીથી આવ્યું જણાય છે.

દ્વારકાના ખોદકામમાં ક્ષત્રપકાળના મંદિરનું આમલક મળ્યું અને ગારુલક રાજા વરાહદાસનું છઠ્ઠી સદીનું તામ્રપત્ર મળ્યું આથી સ્પષ્ટ છે કે આજથી આશરે દોઢ હજાર વર્ષ પહેલાં મંદિર છે. મંદિર છે તો મૂર્તિ પણ હશે અને નામ પણ હશે. તામ્રપત્રમાં મળતા 'ગારુલક' અને 'વરાહ' બંને શબ્દો વિષ્ણુ સાથે સંબંધિત છે. આમ તો ભારતની સાત મોક્ષપુરીઓમાં 'દ્વારકા'ની ગણના થાય છે એટલે 'દ્વારકાનાથ' અથવા 'દ્વારકાધીશ' શબ્દ હશે. આ પંથકના લોકસાહિત્યને નજરમાં લઈએ તો 'રણછોડરાય' શબ્દ મળે છે. ગુજરાતમાં દ્વારકા અને ડાકોર પોતાના મંદિર અને મૂર્તિ માટે 'રણછોડરાય' શબ્દ યોજે છે.

ખેર, મૂળમાં અહીં વિષ્ણુમંદિર છે અને તે પાંચ વખત ધ્વંસ થયું છે. ખોદકામમાંથી પ્રાપ્ત થયેલા ભંગાર

ઉપરથી જાણી શકાય છે કે તે ઓછામાં ઓછું બે વાર તો નવેસરથી નિર્માણ પામેલ છે. મૂળનું આમલક ક્ષત્રપકાલીન હોય તો બીજા ખોદકામમાં પ્રાપ્ત થયેલી પીઠિકા વલભી છે. અહીં પીઠિકાનો વેદિકાબંધ ગોળાકાર છે. આ વલભી-મૈત્રકમંદિરનું લક્ષણ છે. મારુ ગૂર્જરની પીઠિકા અલંકૃત બની છે. એમ લાગે છે કે ક્ષત્રપમંદિર સાવ પાયામાંથી તૂટ્યું છે અને મૈત્રકકાળમાં નવનિર્માણ પામ્યું છે. આ મંદિર બીજી વાર સાવ પાયામાંથી છેક પંદરમી સદીમાં નાશ પામ્યું છે, જે સોળમી સદીથી વલભીપીઠિકા ઉપર પુનઃનિર્માણ કાર્ય શરૂ થયું છે અને આજની હાલતનું – અતિ ઊંચા શિખર વાળું મંદિર ૧૬૦૦ સુધીમાં તૈયાર થયું છે. આ નવનિર્માણને લગતા જે શિલાલેખો હતા તે ૧૭૩૦માં તે વખતના શંકરાચાર્ય પ્રકાશાનંદજીએ દૂર કરાવ્યા છે.

પ્રકાશમાં આવેલા આ અવશેષો ઉપરથી જગતમંદિરનું જે ચિત્ર સ્પષ્ટ થાય છે તે આટલું – મૂળનું મંદિર મનુષ્ય દ્વારા અથવા કુદરત દ્વારા નાશ પામ્યું છે, જે સાતમી-આઠમી સદીમાં પુનઃનિર્માણ પામ્યું છે. અગિયારમી-બારમી સદીમાં એનો એકથી વધારે વાર ભંગ થયો છે અને જીર્ણોદ્ધાર પામ્યું છે. પંદરમી સદીના અંત સુધીમાં તેનો સંપૂર્ણ નાશ થયો અને ૧૫૫૦થી ૧૬૦૦ વચ્ચે જગતમંદિર અને આ સંકુલનાં બધાં જ મંદિરો પુનર્નિમાણ પામ્યાં છે તથા અમુક નવાં પણ ચણાયાં છે. ૧૭૦૦માં પુનઃ ભંગ થયો છે અને ગાયકવાડ તથા અન્ય રાજવીઓ દ્વારા એનો જીર્ણોદ્ધાર થયો છે. ૧૮૬૧માં મહારાજા ખંડેરાવ દ્વારા શિખર અને ૧૯૦૩માં સયાજીરાવ ગાયકવાડ દ્વારા સુવર્ણકલશ ચડ્યો છે.

મંદિરના નાના-મોટા ભંગ સાથે દ્વારકાધીશની મૂર્તિ સતત ફરતી રહી છે, ક્યારેક સાવ નાશ પણ પામી છે. ડાકોર, વિસાવાડા, છીકારી (લાલપુર) અને એક મત મુજબ જામનગર તથા વડોદરા મ્યુઝિયમમાં અહીંની મૂર્તિઓ સ્થળાંતર પામી છે. હાલ બિરાજતી મૂર્તિ ૧૫૬૦માં જામ રાવળ દ્વારા સ્થાપના પામી છે, વચ્ચે સંજોગોનુસાર આ મૂર્તિનું પણ સ્થળાંતર થયું છે અને પુનઃ એ જ સ્થળે હાલ સ્થાપિત છે.

સોમનાથ મંદિર અને જગતમંદિરનો હાલ નજરમાં આવતો આ ઇતિહાસ છે. આમાં પણ નવાં અર્થઘટનો અને નવા અવશેષો મુજબ ફેરફારની શક્યતા છે.

**નરોત્તમ પલાણ**
**૩/ વાડી પ્લૉટ, પોરબંદર-૩૬૦૫૭૫**
**ફોન (૦૨૮૬) ૨૨૪૭૭૦૭**

## દ્રૌપદીને જેવા કૃષ્ણ...

ગાંધીજીની ઉત્તમોત્તમ કૃતિ આશ્રમ છે, એમ ગાંધીજી અનેક વાર કહે છે; તો ગાંધીજીએ ઘડેલ ઉત્તમોત્તમ વ્યક્તિ મગનભાઈ [ગાંધી], એમ હું કહું. ગાંધીજીના સિદ્ધાંતોની સમજ અને પાલનના પ્રયાસમાં ગાંધીજીની બરોબરી કરનાર કોઈને કલ્પી શકીએ તો તે મગનલાલભાઈ હતા. 'વણાટશાસ્ત્ર'ના તેમના પુસ્તકના સમાપ્તિના બે બોલ હંમેશને સારુ સ્મરણમાં અંકિત રાખવા જેવા છે :

''એક લેખકની કવિતાની બે લીટી યાદ રહી ગઈ છે તે અહીં મૂક્યા વિના રહી શકાતું નથી :

**મારો વીરો પસલીએ ચીર પૂરતો રે લોલ,**
**તારો રેંટિયો બારે માસ જો.**

એ લીટીઓ યાદ રહી ગઈ છે તેનું કારણ રેંટિયાને કવિએ અદ્વિતીય સ્થાન આપ્યું છે તે છે. બહેનને ભાઈથી વહાલું શું હોય ? એવા ભાઈ કરતાં પણ રેંટિયાની અનન્ય વિશેષતા ઉપલી લીટીમાં કવિએ બતાવી છે. કેવો કોમળ ભાવ એમાં તરી રહે છે ! બહેનના ભાઈઓ આપણે સહુ છીએ, અને જો વફાદાર ભાઈ હોવાનો દાવો કરીએ તો રેંટિયાના કાંતેલા સૂતરના વસ્ત્ર સિવાય એકેય વસ્ત્ર આપણને ખપી શકે ખરું ? હિંદુસ્તાનની અસંખ્ય બહેનો ભાઈ વિના ટળવળતી સાંભળીએ છીએ. રેંટિયાનું સૂતર પહેરીને આપણે તેમના પરોક્ષ રીતે ભાઈ બની શકીએ; દ્રૌપદીને જેવા કૃષ્ણ, તેવો હિંદની ગરીબ બહેનોને રેંટિયો !''

**મહાદેવ દેસાઈ** (નારીજીવનની વાચનયાત્રામાંથી સાભાર)

# યુનિવર્સિટીઓની ગુણવત્તા

પ્રો. ડૉ. કમલેશ જોશીપુરા

તાજેતરમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની ૧૦ જેટલી વિશ્વકક્ષાની યુનિવર્સિટીઓ પ્રસ્થાપિત કરવા અર્થેની જાહેરાત કરી છે. આ વ્યવસ્થા અંતર્ગત કેટલીક ખ્યાતિપ્રાપ્ત યુનિવર્સિટીઓને વર્લ્ડક્લાસ યુનિવર્સિટી તરીકે રૂપાંતરિત કરીને તમામ પ્રકારે આર્થિક સંસાધનો પૂરાં પાડી વિશ્વ કક્ષાની યુનિવર્સિટીઓ બનાવવાની યોજના છે. પદવીદાન સમારંભો કે શૈક્ષણિક ઉપક્રમોમાં રાજનેતાઓ તેમ જ ઘણા બધા શિક્ષણવિદો પણ એવા મતલબનું અવલોકન કરતા જોવા મળે કે વિશ્વની ટોચની ૧૦૦ યુનિવર્સિટીઓમાં આપણી પાસે એક પણ યુનિવર્સિટી નથી. અલબત્ત, પ્રથમ ૧૦૦૦ના ક્રમમાં ૧૦થી ૧૨ જેટલી યુનિવર્સિટીઓ અને રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત શિક્ષણ સંસ્થાઓ સ્થાન ધરાવે છે (ટાઇમ્સ હાયર એજ્યુકેશન સર્વે) તે આપણા માટે જરૂર આશ્વાસનરૂપ બાબત છે, પરંતુ વાસ્તવમાં વિશ્વકક્ષાની યુનિવર્સિટીઓ એટલે કેવા પ્રકારની યુનિવર્સિટી કે કયા પ્રકારની શૈક્ષણિક ઉત્કૃષ્ટતા કે અન્ય આયામો કેવા હોવા જોઈએ તેની કોઈ નિશ્ચિત રૂપરેખા નથી. પરંતુ, પ્રતિષ્ઠા અને શાખના આધારે વિશ્વકક્ષાની યુનિવર્સિટીઓનો ખ્યાલ પ્રચલિત થયો છે. આ સંદર્ભમાં ભારતીય પરિપ્રેક્ષ્યમાં પણ થોડો વિચાર થવો જરૂરી છે.

ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં સુવિધા પૂરી પાડતા વિવિધ આયામોનો વિચાર કરીએ તો પ્રથમ પ્રણાલિકાગત વ્યવસ્થા એટલે કે યુનિવર્સિટીઓ અને કૉલેજો, બીજું એટલે સ્વાયત, મુક્ત તેમજ વ્યવસાયલક્ષી પદવી માટે કાર્યરત ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ, ત્રીજું એટલે વર્તમાન સમયમાં વૈશ્વિકસ્તર ઉપર કન્સોર્ટિયમ નેટવર્ક, કોર્પોરેટ યુનિવર્સિટીઓ, વર્ચ્યુઅલ યુનિવર્સિટીઓ તેમજ ડિપ્લોમા અને ડિગ્રી પ્રોવાઈડર કરતી પશ્ચિમી દેશોની Millsનો સમાવેશ થાય છે, વિશ્વમાં વ્યાપ, વિસ્તાર અને સંખ્યાની દષ્ટિથી ભારતના ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રનો નંબર પ્રથમ ક્રમે છે. આટલી વિશાળ ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થાઓનું માળખું વિદ્યમાન હોવા છતાં પણ ભારતમાંથી દર વર્ષે ખૂબ જ મોટી સંખ્યામાં વાલીઓ પોતાનાં સંતાનોને વિદેશમાં ભણવા માટે મોકલે છે. એક અંદાજ મુજબ ૨૫ હજાર કરોડ જેવી રકમ ભારત બહાર વિદ્યાર્થીઓ અભ્યાસ હેતુ મોકલે છે. કન્સલ્ટેશન પેપરની આ માહિતી મુજબ એશિયાના દેશોના વર્તમાનમાં ચાર લાખ જેટલા વિદ્યાર્થીઓ અમેરિકાની વિવિધ કૉલેજોમાં અને યુનિવર્સિટીઓમાં છે અને તેમાં એક લાખ કરતાં વધારે ભારતમાંથી છે. આ ઉપરાંત ચાઈના, દક્ષિણ કોરિયા, જાપાનમાંથી પણ ગણનાપાત્ર સંખ્યા છે. ૨૫ હજાર કરતાં વધારે વિદ્યાર્થીઓ યુનાઇટેડ કિંગડમમાં, ૩૮૦૦થી વધારે ઑસ્ટ્રેલિયામાં તેમજ ન્યુઝિલેન્ડ અને જર્મનીમાં પણ વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસાર્થે જાય છે. છેક ૨૦૦૫માં ૧૩ બિલિયન ડૉલર કરતાં વધારે મહેસૂલી આવક અમેરિકાને થઈ હતી. યુ. જી. સી.ના માહિતીસ્રોત મુજબ દર વર્ષે દોઢ લાખ જેટલા યુવાનો ઉચ્ચ અભ્યાસ અર્થે દેશ છોડી જાય છે. આ ઉપરાંત ટૂંકાગાળા માટે સાડાચાર લાખ જેટલા વિદ્યાર્થીઓ જાય છે અને કુલ નાણાકીય અસર ૫૦ હજાર કરોડ જેટલી થવા જાય છે. સંશોધકોના મતે કુલ નાણાકીય અસરથી ૫૦ આઈ. આઈ. એમ. અને ૩૫ આઈ. આઈ. ટી. બનાવી શકાય તેમ છે. EHEI (Way Forward)., સાથોસાથ ચાર હજાર કરોડ કરતાં વધારે રકમ છ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓ દ્વારા આઈ. આઈ. ટી. અને આઈ. આઈ. એમ. જેવી પ્રવેશ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થવા પાછળ ખર્ચાય છે. સમગ્ર રીતે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થેનું વિહંગાવલોકન તેમજ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે પ્રવર્તી રહેલ પ્રવાહો ઉપર નજર

નાખતાં જણાઈ આવે છે કે ભારતમાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે રાષ્ટ્રીય મહત્ત્વ અને ખ્યાતિપ્રાપ્ત અનેક સંસ્થાઓ વિદ્યમાન હોવા છતાં મા-બાપ પોતાનાં સંતાનોને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં જવું વધુ યોગ્ય અને તુરંત કારકિર્દી બની જાય છે તેવી દ્રઢ માન્યતા ધરાવે છે. વિદેશમાં આવેલી પ્રત્યેક ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ પ્રતિષ્ઠિત જ છે તેવું માની લેવાનું કોઈ કારણ નથી, કારણ કે ભારતમાં તો એફિલિએટિંગ યુનિવર્સિટી સિસ્ટમને કારણે યોગ્ય નિયમનની વ્યવસ્થા ઉપલબ્ધ છે. જ્યારે પશ્ચિમના ઘણા બધા દેશોમાં કોઈ જ નિયંત્રણ વગર ડિગ્રી કે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી આપી દેવામાં આવ્યાના અનેક દાખલાઓ જોવા મળે છે, ઉચ્ચ અભ્યાસ પૂરો કરી પરત આવ્યા પછી કોઈ જ કારકિર્દી બનાવી ન શક્યા હોય તેવા પણ અનેકવિધ દાખલાઓ નજર સામે આવી રહેલ છે. આ તત્વાવધાનમાં તાજેતરમાં કુલપતિઓની રાષ્ટ્રીય પરિષદમાં પણ માનવ સંશાધન વિકાસ મંત્રીએ ગુણવત્તા, સુશાસન, અભ્યાસક્રમ, વ્યવસાયગત સજ્જતા અને કુશળ માનવ સંસાધન ઉપર ખાસ ભાર મૂકી દેશની યુનિવર્સિટીઓને સુનિશ્ચિત લક્ષ્ય નક્કી કરવા આહ્‌વાન કર્યું છે.

ભારત પાસે જે ખૂબ જ ઉલ્લેખનીય એવા સારા મુદ્દાઓ છે તેમાં ખૂબ જ મોટી સંખ્યામાં કુશળ માનવસંસાધન, આર્થિક રીતે સક્ષમ ન હોય તે પ્રકારનો વર્ગ તથા મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગમાં પણ ઉચ્ચ શિક્ષણના સંદર્ભમાં સારી જાગૃતિ જોવા મળે છે, તેને યોગ્ય દિશામાં સંવર્ધિત કરીને પ્રથમ તબક્કે સુનિશ્ચિત કરાયેલી સંખ્યામાં વૈશ્વિક સ્તર ઉપર પ્રતિષ્ઠા પામી શકે તે પ્રકારની સંસ્થાઓની સંખ્યા વધારવા માટેનો નિર્ણય ખૂબ જ યોગ્ય છે. સૌથી ઉલ્લેખનીય બાબત એટલે ભારતમાં આવેલી પ્રણાલીકાગત યુનિવર્સિટીઓ નેવું ટકાથી વધારે સામાજિક ક્ષેત્રની માંગને સંતોષે છે અને પશ્ચિમના દેશોની ફીનાં ધોરણો અને ભારતીય ધોરણોની સરખામણીમાં આસમાન જમીનનો તફાવત છે ત્યારે વ્યંગમાં ઘણા શિક્ષણવિદો કહેતા હોય છે કે, વિદેશમાં એરપોર્ટથી કેમ્પસ સુધી પહોંચવા માટે ટેક્સીની જે રકમ ચૂકવવી પડે છે તે રકમની કુલ ફી ઘણા બધા અભ્યાસક્રમમાં ભારતમાં જોવા મળે છે. એનો અર્થ એ નથી કે સુધારને કોઈ ગુંજાઈશ નથી તેવું કહેવાનું નથી પરંતુ ક્રમે-ક્રમે જે તે યુનિવર્સિટીઓના માધ્યમથી વૈશ્વિકસ્તરની સંસ્થાઓ સાથે નક્કર આદાનપ્રદાન, સારી અને અપનાવવા યોગ્ય બાબતોનું સ્થાનિયકરણ અને ભારતીય મૂલ્યોને કાયમ રાખી અને વૈશ્વિક સ્તર ઉપર શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાની દિશામાં વર્તમાન સમય શ્રેષ્ઠ છે.

પશ્ચિમી વિચારકોના મતે ૧૦૮૮ની સાલમાં બોલોગ્ના ખાતે યુનિવર્સિટીની સ્થાપના થયાનું જણાવાય છે, પરંતુ ભારત પાસે તક્ષશિલા, નાલંદા, વિક્રમશિલાનો ભવ્ય વારસો છે, પરંતુ, માત્ર વારસાના આધારે વર્તમાન પસાર ન કરી શકાય, પરંતુ વર્તમાન દૃષ્ટિથી જોવા જઈએ તો યુનેસ્કો ૨૦૦૯ની ઘોષણાઓ જોતાં ઉચ્ચ શિક્ષણના માધ્યમથી સામાજિક, આર્થિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક આયામોનો વિચાર, પ્રત્યેક સંસ્થા દ્વારા જ્ઞાનનું સર્જન તેમજ સૌથી વધારે ભાર મૂકવામાં આવ્યો છે તે શિક્ષણના માધ્યમથી યુવા ધન જવાબદેય નાગરિકત્વ પ્રાપ્ત કરે. રિપોર્ટ ઑફ ધી એજ્યુકેશન કમિશન ૧૯૬૬, ધી નૅશનલ પોલિસી ઓન એજ્યુકેશન ૧૯૬૮ તથા ૧૯૮૬ તેમજ ૨૦૦૬-૦૭નો રાષ્ટ્રીય જ્ઞાનપંચનો અહેવાલ જોતાં પ્રત્યેકમાં શ્રેષ્ઠતમ સૂચનો થયાં છે, પરંતુ ભારત જેટલી વિશાળ કક્ષાની ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થામાં અમલીકરણ પડકારરૂપ બાબત છે ત્યારે વર્તમાન સરકાર રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઘડી રહી છે – આશા રાખીએ તે વધુ પ્રસ્તુત અને વાસ્તવિક હશે.

**પ્રો. ડૉ. કમલેશ જોશીપુરા**
**પૂર્વ-કુલપતિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, પ્રોફેસર ઈન લૉ ડિપાર્ટમેન્ટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**

**અરધી માનુષી**

હે નારી ! તું માત્ર વિધાતાનું સર્જન નથી; પુરુષે પોતાના અંતરનું સૌંદર્ય તારામાં સંચારીને તને ઘડી છે. તારે માટે સમુદ્રમાંથી મોતી આવ્યાં છે, વસંત તારે માટે પુષ્પો લઈને આવે છે. નારી, તું અરધી માનુષી છે, અરધી કલ્પના છે.

**રવીન્દ્રનાથ ઠાકુર (અનુ૦ ભોળાભાઈ પટેલ)**

# ગુણવત્તાસભર શિક્ષણ

ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ

**૧.** વર્તમાન શિક્ષણ-વ્યવસ્થામાં, ત્રણ-ચાર દાયકા જૂની શિક્ષણ-વ્યવસ્થાની સરખામણીમાં અનેકવિધ પરિવર્તનો આવેલાં જોવા મળે છે. આધારભૂત સંરચના (Infrastructure) તો હવે તદ્દન અદ્યતન પ્રકારનું જોવા મળે છે. અનેકવિધ સુવિધાઓથી સજ્જ એવા શૈક્ષણિક પરિસરોનું નિર્માણ હવે સર્વત્ર અગ્રતાક્રમે જોવા મળે છે. જ્ઞાનની અનેક વિદ્યાશાખાઓ, વિવિધ પ્રકારના અભ્યાસક્રમો, આવી વિદ્યાશાખાઓની અને આવા અભ્યાસક્રમોની પસંદગી માટે વિદ્યાર્થીને પૂરતી મોકળાશ, પ્રવેશ માટેના અગાઉના કેટલાક અવરોધો અને બાંધકોમાંથી મુક્તિ, સમૃદ્ધ પુસ્તકાલયો, મહાકાય Database ઘેર બેઠાં સુલભ અને અભિગમ્ય બને તે માટેની વેબસાઇટોની Links, અદ્યતન પ્રયોગશાળાઓ, દૂર-સુદૂરના વિસ્તારોમાંય શાળા-કૉલેજોના શિક્ષણની ઉપલબ્ધતા, લાખ્ખોની તાદાદમાં કૉલેજોમાં અને યુનિવર્સિટીઓમાંથી વર્ષોવર્ષ ડિગ્રીઓ પ્રાપ્ત કરતા સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓમાં માહિતી, જ્ઞાન અને કૌશલ્યોનો વિકાસ થાય તે માટેના થતા પ્રામાણિક પ્રયત્નો – આ સઘળું હોવા છતાં વાસ્તવિકતા તો જાણે સાવ વરવી જોવા મળે છે !! સ્નાતકો કે અનુસ્નાતકોમાં તેમની જે તે વિદ્યાશાખાનું જ્ઞાન છીછરું, પોપટિયું અને વ્યાવહારિક અનુપ્રયોગવિહોણું હોય છે. તેમની જાત વિશે સંક્ષિપ્તમાં સુસ્પષ્ટ વર્ણન કરવાનુંય બહુધા વિદ્યાર્થીઓમાં પ્રત્યાયન કૌશલ્ય જોવા મળતું નથી ! ઘણી વખત તો એક બે વેધક પ્રશ્નો પૂછતાં જ ખબર પડી જાય છે કે તેને સામાન્ય બાબતોનુંય જ્ઞાન હોતું નથી, ઘણી વખત તો જાણીને આશ્ચર્ય થાય છે કે કોઈ બાબતે-સાહિત્ય, કલા, વિજ્ઞાન, સમાજવિદ્યાઓ, ભૌતિક વિજ્ઞાનો, જીવવિજ્ઞાનો, નૃવિજ્ઞાન ઇત્યાદિમાં નથી હોતી તેને કોઈ રુચિ કે નથી હોતી તે વિશે જાણવાની કોઈ જિજ્ઞાસા. વળી, હાથમાં સ્નાતક કે અનુસ્નાતકની ઉપાધિનું ઊંચો દરજ્જો દર્શાવતું પ્રમાણપત્ર હોવા છતાં, નથી મળતી તેને સુયોગ્ય નોકરી-શિક્ષિત બેકારોનું પ્રમાણ ઘાતાંકીય રીતે વધતું જાય છે. કદાચ નોકરી પ્રાપ્ત થાય તોય, ત્યાંની કામગીરી અને કાર્ય સંપાદનમાં તેણે પ્રાપ્ત કરેલ જે તે વિદ્યાશાખાનું જ્ઞાન ખાસ ઉપયોગી થતું જ નથી. એ તો ઠીક પરંતુ એથીય વધુ વરવું અને અનુચિત તેમ જ અશોભનીય બાબત છે ઘણી વખત આવા સ્નાતકો-અનુસ્નાતકોનું અશિષ્ટ વર્તન, ચારિત્ર્યહીનતા, પ્રામાણિકતા – નૈતિકતા – નિષ્ઠા – વડીલોનો આદર જેવાં મૂલ્યોનો સદંતર અભાવ, કેળવણીનો સાચો ઉદ્દેશ, આજીવિકાનું કે ભરણપોષણનું સાધન પ્રાપ્ત કરવા પૂરતો સીમિત નથી, પરંતુ એક નિષ્ઠાવાન, પ્રામાણિક, ચારિત્ર્યવાન અને સંવેદનશીલ નાગરિકનું સર્જન કરવાનો છે. પ્રવર્તમાન શિક્ષણ-વ્યવસ્થા આવી કેળવણી પૂરી પાડવામાં ઊણી ઊતરી રહી છે. ઉપરોક્ત મૂલ્યોને અંતર્નિવિષ્ટ કરવા, સ્નાતક-અનુસ્નાતકની ઉપાધિ પ્રાપ્ત કરેલી હોવી જ જોઈએ એવું ય જરૂરી નથી હોતું, સમાજમાં એવી કેટલીય પ્રતિભાઓ જેણે આવી ઉપાધિઓ પ્રાપ્ત કર્યા સિવાય પણ આ મૂલ્યોને યથાર્થ રીતે અંતર્નિવિષ્ટ કરી, તેમના સંપર્કમાં આવેલ હજારો વ્યક્તિઓના જીવનમાં આ મૂલ્યોના દીપ પ્રગટાવ્યા હોય – આવી એક પ્રતિભાનું જ્વલંત દૃષ્ટાંત છે પ્રાતઃસ્મરણીય પૂ. શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલ ઉર્ફે, કડી સર્વ વિદ્યાલયના પૂજ્ય છગનભા.

**૨.** પૂજ્ય છગનભાના અતિ સાત્ત્વિક જીવનના પ્રારંભથી જ તેમનામાં ઉચ્ચ આધ્યાત્મિક ગુણોનો આવિર્ભાવ થઈ ચૂક્યો હતો. ઋષિઓ-મહાપુરુષોના ચરિત્રવાચન, વેદાંતશાસ્ત્રોનું અધ્યયન, પ્રખર સંત-મહાત્માઓ સાથેનો સમાગમ તેમને એક તબક્કે તો

સંન્યસ્તજીવન જીવવા દોરી ગયો હતો. કાશી તરફના તેઓના પ્રયાણમાં તેમને સ્વામી કેશવાનંદનો સમાગમ કરવાની અનન્ય તક મળી. તેમણે તેમનાથી અતિ પ્રભાવિત થઈ તેમને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા. હવે સઘળી બાબતોમાં, સ્વામી કેશવાનંદની આજ્ઞા જ તેમને મન શિરોધાર્ય બનતી. જ્યારે તેમણે સાધુદીક્ષા લેવાની તેમની ઇચ્છા પ્રદર્શિત કરી, ત્યારે શ્રી કેશવાનંદજીએ સંન્યસ્ત જીવન સ્વીકારવાની ખેવના છોડી જનકલ્યાણ અને જનસેવાના ભેખધારી બનવાનું સૂચન કર્યું અને કહ્યું કે, 'તમારા પ્રદેશની પ્રજાને કેળવણી પ્રાપ્ત થાય એવું કરો' ઈશ્વરની સેવા, ભક્તિ, મોક્ષ, બધું જ એમાં આવી ગયું. પ્રજા કેળવણી લેશે, સુખી થશે અને તમારો આત્મા પણ પ્રસન્નતાથી મોરી ઊઠશે' – પૂ. છગનભા આ વચનોને ઝીલી રહ્યા અને તેને આત્મસાત કરવાની જાણે ત્યાં ને ત્યાં મનોમન પ્રતિજ્ઞા કરી – બ્રહ્મસૂત્રના એક સૂત્ર સમું એક સૂત્ર તેમને સહસા સ્ફુર્યું – 'કર ભલા, હોગા ભલા' !

કેળવણી દ્વારા સમાજોદ્ધારનો તેમણે નિર્ણય કરી લીધો. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા કડીમાં શરૂ કરવામાં આવેલ વિદ્યાર્થી આશ્રમ અને ત્યારબાદ વિદ્યાલયના વિકાસ માટે રાત-દિવસ અથાગ પ્રયત્ન કરી દસ-પંદર વિદ્યાર્થીઓને સાથે લઈ ગામેગામ ઘૂમી વળ્યા, આવા અતિ ઉમદા હેતુને ચરિતાર્થ કરવા મથતા આ પ્રજ્ઞાપુરુષને સર્વત્ર સાથ અને સહકાર સાંપડતાં ગયાં અને તેમાંથી ઉદય પામી આ વિરલ સંસ્થા – 'કડી સર્વ વિદ્યાલય' જેમાં વિવિધ આયામો ઉમેરાતા જ ગયા અને ૨૦૦૭માં તો તે સંસ્થાને વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી) થવાનું ગૌરવ સાંપડ્યું. આદરણીય પૂ. છગનભાએ વાવેલું એ બીજ હવે તો એક મહાકાય વટવૃક્ષ બની તેની શીળી છાયામાં લાખો વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણથી માંડી પીએચ. ડી. સુધીના અભ્યાસોનો શ્રેષ્ઠ લાભ લઈ, પોતાની જ્વલંત કારકિર્દીનું ઘડતર કરી રહ્યા છે. પૂ. છગનભાના એ અણમોલ વારસાનું અને બહુમૂલ્ય વિરાસતનું 'કેળવણી દ્વાર જ સમાજોત્કર્ષ'ના ધ્યેય પ્રત્યે પૂર્ણપણે સમર્પિત અને પ્રતિબદ્ધિત તેમના વિરલ વારસદારો, તેમની વ્યવહારપટુતા, દૂરંદેશીપણું અને સાહસિકતાથી, પળે પળે જતન કરી રહ્યા છે.

**૩.** કોઈ પણ શિક્ષણ સંસ્થાન કે વિશ્વવિદ્યાલયના યોગદાનને મૂલવવા તેના કેટલાક પાયાના અંગભૂત ઘટકોની ગુણવત્તાનું સ્તર એ એક સર્વસ્વીકૃત માપદંડ છે. આ પૈકીનું સૌપ્રથમ અંગભૂત ઘટક છે – તેની વિવિધ વિદ્યાશાખાઓમાં સેવા આપી રહેલા અધ્યાપકો. પોતપોતાની વિદ્યાશાખાઓમાં સતત અધ્યયન અને સંશોધનથી પોતાને સુસજ્જ રાખતા અધ્યાપકોએ જે તે શિક્ષણસંસ્થાની આધારશિલા સમાન છે. અધ્યાપકે તો સદૈવ Learner જ બની રહેવાનું છે. માહિતી વિસ્ફોટ અને માહિતી ઉપલબ્ધ કરવા માટેનાં અનેક તકનીકી ઉપકરણો, જ્યાં હાથવગાં હોય એવા આ યુગમાં, વિદ્યાર્થીઓને શેનું Teaching કરવાનું ? તેજસ્વી વિદ્યાર્થી તો કદાચ વધારે જ્ઞાનસ્રોતો સાથે સંકળાયેલો હોય, કદાચ માહિતીથી વધુ સુસજ્જ હોય ! એટલે આવી તમામ ઉપલબ્ધ માહિતી અને જ્ઞાનને વિદ્યાર્થી સંતુલિત અને ઈષ્ટ રીતે ઉપયોગ કરી શકે, એ જોવાનું કામ અધ્યાપકનું છે. તેણે તો એક અવ્વલ સમન્વયક-સહાયક (Fecilitator) બનવાનું છે. વિદ્યાર્થીને તેની જે તે વિદ્યાશાખાની બુનીઆદી વિભાવનાઓની સ્પષ્ટતા થાય, વિદ્યાર્થીના અધ્યયન – પ્રયોગ – વિનિયોગનું સુભગ સંયોજન થાય, એ તેણે જોવાનું છે. અધ્યાપકે તો તેના સાચા અભિપ્રેરક (Motivator) અને પ્રશિક્ષક (Mentor) બનવાનું હોય છે. અધ્યાપકે તો એક એવા Learning Environmentના સર્જક બનવાનું હોય છે. Albert Einstein કહે છે કે "I never teach my pupils, I only attemp to provide the conditions in which they can learn".

વિદ્યાર્થીમાં સતત નવોન્મેષી – અન્વેષાત્મક દૃષ્ટિ વિકસે, તેનામાં ઘટનાઓનું આલોચનાત્મક ચિંતન કરવાના ગુણો વિકસે, તેનામાં પરિસ્થિતિઓનું વસ્તુલક્ષી વિશ્લેષણ કરવાની કુનેહ વિકસે – એ સઘળી જવાબદારી અધ્યાપકના શિરે હોવી જોઈએ.

જે તે વિષયના અધ્યાપનની સાથે-સાથે કુનેહપૂર્વક વર્ગખંડના વાતાવરણમાં જ કેટલાંક પાયોનાં મૂલ્યો વિદ્યાર્થીમાં અંતર્નિવિષ્ટ (Inculcate) થાય – જેવાં કે પરસ્પરનો આદર, વડીલોનો આદર, નિષ્ઠા, પ્રામાણિકતા, શ્રમનો મહિમા, સમાજસેવા, દેશસેવા, સ્વચ્છતાનો આગ્રહ ઇત્યાદિ તે અધ્યાપકનું કર્તવ્ય બની રહેવું

જોઈએ. વિદ્યાર્થીમાં બુદ્ધિઆંક (Intelligent Quotient) માત્ર નહિ, તેનો ભાવનાત્મક આંક (Emotional Quotient) તેનો સામાજિક આંક (Social Quotent) અને વળી તેનો આધ્યાત્મિક આંક (Spiritual Quotient) ઉર્ધ્વગામી જ બનતો રહે એવા શૈક્ષણિક પ્રયાસો – પ્રયોગો કરતા રહેવું જોઈએ. તેણે પ્રાપ્ત કરેલી માહિતી તો સમયાન્તરે વિસરાઈ જશે, પરંતુ ઉપરોક્ત વર્ણવ્યાં એ પાયાનાં મૂલ્યો, જીવનપર્યંત તેનાં માર્ગદર્શક બની રહેશે. સ્વામી વિવેકાનંદે એક વખત કહ્યું હતું કે, ''If education is identical with information, libraries are the greatest sages of the world and encyclopedias are the Rishis. There is Something very much more than mere information that has to be imparted to the young minds.''

અધ્યાપકે કાંઈક એવા પ્રયાસો કરવા જોઈએ જેથી તેનામાં વલણલક્ષી પરિવર્તન (Attitudinal change) આવે, વિધેયાત્મક વલણ તેના વર્તનમાં પ્રતિબિંબિત થશે. કહ્યું છે કે, Attitude is a forerunner of behaviour'

૪. બીજો મહત્ત્વનો ઘટક છે : Pedagogy - એટલે કે અધ્યાપન કલા કે અધ્યાપન વિજ્ઞાન. અધ્યાપકોએ ચીલાચાલુ lecture method (વ્યાખ્યાન પદ્ધતિ)નો ન્યૂનતમ ઉપયોગ કરવાની ટેવ પાડવી પડશે. વ્યાખ્યાન પદ્ધતિ કેવળ એકપક્ષીય પદ્ધતિ છે જેમાં સંવાદ (dialogue)ને કોઈ અવકાશ જ નથી હોતો. અધ્યાપકોએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ સર્જી, અર્થગંભીર એવી આંતરક્રિયા કરવાની અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ – તે દ્વારા વિદ્યાર્થીઓ જે તે વિષયને સુસંગત પ્રશ્નો પૂછતા થાય. વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછતા કરવા એ પણ એક કળા છે. આવી પ્રશ્નોત્તરની શૈલી વિદ્યાર્થીઓમાં જે તે વિષયની વિભાવનાઓને સુસ્પષ્ટ રીતે સમજવામાં ખૂબ ઉપયોગી નીવડે છે. – મને આ માટે વિશિષ્ટ આદર છે – Education વિદ્યાશાખા માટે. કેટલાય દાયકાઓથી આ વિદ્યાશાખા તેમના B.Ed, M.Ed,ના અભ્યાસક્રમોમાં પ્રશ્નોત્તરની શૈલી, વિદ્યાર્થીઓ સાથે આંતરક્રિયા (Interaction)ની શૈલીનો પ્રયોગ કરતા આવ્યા છે અને એ માટે કોણ જાણે, મારા શૈશવકાળથી B.Ed, M.Ed.ના અધ્યાપકો પ્રત્યે મને સદાય આદર અને સન્માનની લાગણી અનુભવાઈ છે.

ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર એવા ભગવાન સ્વામીનારાયણે ૨૦૦ વર્ષ પહેલા, સંતો-કાઠી હરિભક્તો સામે તેમના ઉપદેશની શૈલી, પ્રશ્નોત્તરની રાખી હતી. જીવ-ઈશ્વર-માયા-બ્રહ્મ અને પરબ્રહ્મનાં ગૂઢ તત્ત્વોને અતિ સરળતાથી પ્રત્યાયિત કરવા માટે તેમણે આ પ્રશ્નોત્તરની શૈલી અજમાવી જેનું તેમના મહાન ઉપદેશ ગ્રંથ 'વચનામૃત'માં તેના પાને પાને રસપાન કરી શકાય છે.

મસ્તિષ્કના બંને ગોળાર્ધો (hemisphere)ને સ્પર્શે અને સંતુલિત કરે એવી નૂતન અધ્યાપન પદ્ધતિ વિશે શિક્ષણવિદોએ હવે તો નોંધપાત્ર ચિંતન કર્યું છે. તેમના મત મુજબ મસ્તિષ્કનો ડાબો ગોળાર્ધ (left hemisphere) તર્ક આધારિત ચિંતન, વિશ્લેષણ, સંખ્યાત્મક પૃથક્કરણ, ઇત્યાદિ બાબતોને ઉજાગર કરે છે, જ્યારે મસ્તિષ્કનો જમણો ભાગ (Right hemisphere) સર્જનાત્મકતા, અંતઃસ્ફુરણા, ભાવનાત્મકતા, નવોન્મેષી ચિંતન જેવી બાબતોને ઉજાગર કરે છે. અધ્યાપનશૈલી એવી હોવી જોઈએ જે વિદ્યાર્થીના મસ્તિષ્કના આ બંને ગોળાર્ધોનું સંતુલન કરી શકતી હોય તે બધું તર્કને તાજવડે જ ન બોલતો થાય, તે સાથે સાથે ભાવનાઓને – ઊર્મિઓને પણ આદર આપતો થવો જોઈએ.

યોગ્ય અધ્યાપન કળાનો વિનિયોગ કરી, જે તે વિષયમાં વિદ્યાર્થીની ઉપલબ્ધિનું મૂલ્યાંકન કરતી વેળાએ પણ મૂલ્યાંકનના વિવિધ ઘટકો દ્વારા તેની ચકાસણી કરવી જોઈએ – લેખિત પરીક્ષાને પૂરેપૂરી (૧૦૦ ટકા) ભારિતા (Weightage) નહિ આપવી જોઈએ, જેમાંથી અનુપ્રાયોગિક જ્ઞાન મળે એવા પ્રકલ્પો (Project)ને પણ ૩૦થી ૪૦ ટકા જેટલી ભારિતા આપવી જોઈએ, વિદ્યાર્થીઓને જે તે અભ્યાસક્રમને આનુસંગિક વિષયો ઉપર Term Paper લખવા કહેવું જોઈએ. અને તેને ૧૫થી ૨૦ ટકા ભારિતા આપવી જોઈએ, વિદ્યાર્થીઓને જે તે વિષયનાં સુપ્રસિદ્ધ પુસ્તકોનો Review કરવાનું પણ સોંપી શકાય. સંચાલન જેવી વિદ્યાશાખામાં, વિદ્યાર્થીઓને જે તે કંપનીઓ સંબંધી Cases લખવાનું પણ સોંપી શકાય.

૫. ત્રીજો મહત્ત્વનો ઘટક છે : અભ્યાસક્રમો

(Curricula) જે તે વિષયના અભ્યાસક્રમો ઘડવાની અને તેમાં ફેરફારો કરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેવી જોઈએ. અભ્યાસક્રમોનું વિષયવસ્તુ અને સામગ્રી, વર્તમાન સમાજવ્યવસ્થા, વર્તમાન ઉદ્યોગજગત, વર્તમાન રાજ્યવ્યવસ્થા, વર્તમાન વહીવટી તંત્રની અપેક્ષાઓ, આકાંક્ષાઓ અને આવશ્યકતાઓને અનુરૂપ અને સુસંગત બને તે માટે તેમાં સમયાન્તરે પરિવર્તન કરતા જ રહેવું પડે. શિક્ષણવિદો અને શિક્ષણેતર ક્ષેત્રના તજ્જ્ઞોને આમંત્રિત કરી વિવિધ કાર્યશાળાઓ યોજી, તેમનાં મંતવ્યો જાણી અપ્રયુક્ત (Obsolete) વિષયોને દૂર કરી, નવા આધુનિક વિષયોને અભ્યાસક્રમોમાં સમાવિષ્ટ કરતા રહેવું જોઈએ.

૬. ચોથો ઘટક છે – સંશોધન (Resarch) વર્તમાન સ્પર્ધાના યુગમાં અધ્યાપકનું કર્તવ્ય અધ્યાપન અને મૂલ્યાંકન પૂરતું જ સીમિત ન હોવું જોઈએ, તેણે તેના વિષયમાં, ઊંડા ઊતરી તેના વિવિધ પહેલુઓ ઉપર સંશોધન કરતા જ રહેવું જોઈએ અને એ સંશોધન કાર્ય, પ્રસિદ્ધ Resarch Journrlsમાં પ્રસિદ્ધિ પામે એ કક્ષાનું હોવું જોઈએ. 'Publish or Parish' એ હવે વાસ્તવિકતા બની ગઈ છે. તેણે પોતાના વિષયમાં સંશોધન માટે, વૈજ્ઞાનિક પદ્ધતિનો વિનિયોગ કરતાં શીખવું જોઈએ; એટલે કે સમસ્યાને વ્યાખ્યાયિત કરવાથી માંડી, તેને ચાર-પાંચ સંશોધન પ્રશ્નોમાં વિભાજિત કરી, તેના આધારે હેતુઓ સ્પષ્ટ કરી, યોગ્ય Research Design પસંદ કરી (Exploratory, Descriptive કે Experimental અથવા ત્રણેયનું મિશ્ર) સુસંગત માહિતીનું વૈજ્ઞાનિક ઢબે રચેલી પ્રશ્નાવલિ દ્વારા એકત્રીકરણ કરી, તેનું યોગ્ય Analytical Techniquesનો SPSS, SAS, AMOS જેવાં Softwaresની મદદથી ઉપયોગ કરી – તેનું વિશ્લેષણ કરી તેમાંથી યોગ્ય તારણો તારવી, તેને વ્યવસ્થિત રીતે પ્રત્યાયિત કરવાં એ થઈ વૈજ્ઞાનિક પદ્ધતિની પ્રક્રિયા.

સંશોધકને આંકડા પ્રત્યે સૂગ હોય અને તેનો અભ્યાસ માનવવર્તન, માનવવલણ, કોઈ જાતીય સમૂહની માન્યતાઓ – નિષેધો ઇત્યાદિ જાણવાનો હોય, તો તે Qualitative Researchની અનેકવિધ પદ્ધતિઓ જેવી કે, Ethnographic Research, Grounded Theory, Phenomenolgy, Discourse Anaysis, Narratives જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરી શકે.

૭. ઉપરોક્ત આવા આયામોથી ઓપતું શિક્ષણ એટલે ગુણવત્તાસભર શિક્ષણ. આવું શિક્ષણ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીને તે જે જે ક્ષેત્રમાં પદાર્પણ કરશે તે તે ક્ષેત્રમાં સફળતા તો તેનાં ચરણ ચૂમતી આવશે જ, પરંતુ તેથી વિશેષ તો તે, એક આદર્શ નાગરિક, આદર્શ સમાજસેવક, આદર્શ નેતા, આદર્શ કર્મચારી, આદર્શ પ્રાધિકારી, આદર્શ શિક્ષણવિદ્, આદર્શ સંચાલક, આદર્શ પિતા / માતા, આદર્શ પુત્ર/પુત્રી પુરવાર થશે.

**મો. ૯૮૨૫૯૪૧૦૬૨**

## "કૂદી પડશું !"

યતીન અને વિક્રમ, બે ભાઈબંધ. નિશાળમાં સાથે ભણતા. ત્યાંથી યતીન કૉલેજમાં ગયો, પણ વિક્રમ નાપાસ થયો ને નિશાળમાં રહ્યો. એ શાળા પાસેથી પસાર થતાં એક દિવસ યતીને છોકરાઓનું ટોળું મારામારી કરતું જોયું. એમાં પોતાનો મિત્ર જોઈને એ તેની વહારે ધાયો, તો કોઈ છોકરાએ યતીનને છરી હુલાવી દીધી. હૉસ્પિટલ પર પહોંચતાં જ યતીનના પ્રાણ ઊડી ગયા. મારામારીના મૂળમાં હતી કોઈ છોકરાએ કરેલી વિક્રમની બહેનની સતામણી. એની વાત વિક્રમે ભાઈબંધ યતીનને કરી હશે. તે દિવસે ટોળાની વચ્ચે વિક્રમને જોઈને યતીનને એ સાંભરી હશે અને મિત્રની વહારે એ કૂદી પડ્યો. એને એમ ન થયું કે, એમાં મારે શી પંચાત – ક્યાં મારી બહેનની સતામણી થઈ છે !

કોઈની પણ બહેનની ઇજ્જત પર આક્રમણ થાય ત્યારે એ પોતાની જ મા-જણી બહેન પર થયું છે એવી વેદના અનુભવીને એને બચાવવા કૂદી પડનારા બાંધવો સામે મીટ માંડીને આજે તો ઊભી છે – આપણી નિશાળો-કૉલેજોની ગભરુડી વિદ્યાર્થિનીઓ. બળેવને દિવસે એમના હાથની રાખડી બંધાવનારા નવજુવાનો શપથ લે કે, ટાણું આવશે ત્યારે અમે પણ યતીનની જેમ કૂદી પડશું !

**મહેન્દ્ર મેઘાણી** (નારીજીવનની વાચનયાત્રામાંથી સાભાર)

# આર્યભટ અને સાઈન (sine)નું ટેબલ

વિઠ્ઠલભાઈ અં. પટેલ

મને ઘણી વખતે થતું કે ભારતનું ગણિતમાં યોગદાન કેટલું? જરૂરથી આપણે હાલમાં 0, 1,..., 9 વાપરીએ છીએ અને આ સંખ્યાઓને ક્યાં રાખીએ છીએ તેના ઉપરથી તેની કિંમત નક્કી થાય છે. જેમ કે, 001 અને 100માં ઘણો ફરક છે. 1 એક અને સો એમ બે કિંમતો છે. સંખ્યાઓના ગુણાકાર, ભાગાકાર, સરવાળા અને બાદબાકી પણ ભારતે આપેલાં. આથી વિશેષ શું? આર્યભટે અને કેરાલાની ગણિત અને ખગોળશાસ્ત્રી સ્કૂલે દુનિયાને ઘણું બધું આપ્યું છે. આ લેખમાં આપણા જાણીતા ખગોળશાસ્ત્રી આર્યભટ્ટે ગણિતમાં આપેલા યોગદાનની વાત કરીશું.

આર્યભટ (Arybhata) જ બધે (અંગ્રેજીમાં) લખાય છે; આર્યભટ્ટ નહિ. આર્યભટના જીવન વિશે ખાસ માહિતી પ્રાપ્ત નથી. તેમનો જન્મ ઈ.સ. 476માં અસ્માકા (Asmaka)માં થયેલો. તેમની જન્મભૂમિ અસ્માકા ક્યાં આવેલી છે તે માટે ઘણાં અનુમાનો છે. અસ્માકા દક્ષિણનાં રાજ્યો કેરાલા, તમિલનાડુ કે આન્ધ્રપ્રદેશમાં આવેલું હોય કે ઉત્તરપૂર્વનાં રાજ્યો બિહાર કે બંગાલમાં આવેલું હોય. પણ તેમણે બિહારમાં પટણાની નજીક આવેલા કુસુમપુરમાં ગ્રંથો લખેલા.

તે સમયે કુસુમપુર ગુપ્ત સામ્રાજ્યની રાજધાનીનું શહેર હતું. તદ્‌ઉપરાંત કુસુમપુર ઘણી સદીઓથી કેળવણીનું કેન્દ્ર પણ હતું. વિક્રમ સંવત ૪થી સદીના ખૂબ જ જાણીતા જૈન વૈજ્ઞાનિક ઉમાસ્વતિએ નોંધેલું કે કુસુમપુરમાં આર્યભટના સમય પહેલાં ગણિત અને ખગોળશાસ્ત્રની ખૂબ જ પ્રસિદ્ધ સ્કૂલ હતી. ભાસ્કર Iનાં ઈ.સ. 629ની આસપાસનાં પુસ્તકો ઉપરથી કહી શકાય કે આર્યભટ મગધમાં આવેલી યુનિવર્સિટીના કુલપતિ હતા. તે સમયે આર્યભટે ઓછામાં ઓછાં બે પુસ્તકો લખેલાં. આર્યભટિય અને આર્યભટ-સિદ્ધાંત. આર્યભટિય ગણિત અને ખગોળશાસ્ત્રનું પુસ્તક છે. આર્યભટિય નામ આર્યભટે આપેલું લાગતું નથી; આર્યભટિયના વિવેચકોએ એ નામ આપ્યું છે. હાલમાં આર્યભટિયનું અંગ્રેજી ભાષાંતર વિવેચન સાથે ઇન્ટરનેટ ઉપરથી સરળતાથી મળી શકે છે. કે. એસ. શુક્લ અને કે. વી. શર્માનું લખેલું આ પુસ્તક ઇન્ટરનેટ ઉપરથી મેળવીને આ લેખ લખવામાં ઉપયોગ કર્યો છે.

આર્યભટિયના ચાર મુખ્ય વિભાગો છે :

**(1) ગિતિકા (Gitika) :** આ વિભાગમાં 13 શ્લોકો છે. નંબર લખવાની રીત, શૂન્ય, ગ્રહોની ગતિ, પૃથ્વીની ગતિ વગેરે શ્લોકોથી દર્શાવી છે. સાથે સાથે *sine* નું ટેબલ પણ એક જ શ્લોકથી દર્શાવ્યું છે જે આપણે થોડાક વખતમાં જોઈશું.

**(2) ગણિત (Ganit) :** આ વિભાગમાં 33 શ્લોકો છે. ગણિત માટે જ આ વિભાગ છે. જેમાં વર્ગ, વર્ગમૂળ, ઘન, ઘનમૂળ, વર્તુળનું ક્ષેત્રફળ, ત્રિકોણનું ક્ષેત્રફળ, સમલંબકનું (Trapezium) ક્ષેત્રફળ, ગોળાના કદ વગેરે આપ્યું છે. સમાંતર શ્રેઢી, સમગુણોત્તર શ્રેઢી, $\Sigma n^2$ અને $\Sigma n^3$ ના વગેરેના સરવાળા પણ આપ્યા છે.

**(3) કાળક્રિયા (Kalkriya) :** આ વિભાગના 25 શ્લોકો છે. આપેલા ગમે તે દિવસે અને સમયે ગ્રહોની અવસ્થા મેળવવાની રીત આપી છે. સમયના જુદા જુદા એકમો પણ આપ્યા છે. ગ્રહોનાં અંતરો અને ગતિઓ કાળક્રિયા વિભાગમાં આપ્યાં છે.

**(4) ગોળ (Gola) :** આ વિભાગમાં 50 શ્લોકો છે. આ વિભાગના ત્રણ મુખ્ય ભાગ છે : ભૂગોળ (Bhugola), ખગોળ (Khagola) અને ગોળાકાર ખગોળશાસ્ત્ર (Spherical Astronomy). ગોળાકાર ખગોળના પણ ચાર વિભાગો છે. રાત્રી અને દિવસનાં કારણો, પૃથ્વીનો આકાર, વિષુવવૃત્ત વગેરે. તેમજ ચંદ્ર અને ગ્રહોની ગતિ, સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ વગેરે.

આર્યભટિયમાં 108 શ્લોકો છે. આ શ્લોકો એવી રીતે લખાયા છે કે જેથી જટિલ તંત્ર રચનાને યાદ રાખવામાં સરળતા પડે. આ શ્લોકો ટૂંકા અને ચોટદાર શૈલીવાળા હોઈને તેને સમજાવવા માટે વિવરણકારની (commentator) જરૂર ખરી. આર્યભટિયના વિવરણકારો ભાસ્કર I (600 A.D.) અને નિલકંઠ સોમયાજી (1465 A.D.) હતા. આ વિવરણોમાંથી આપણને ગ્રંથો, ગ્રંથોના લેખકો અને તે સમયના ઇતિહાસની ખબર પડે.

**$\pi$ ની અંદાજે કિંમત :**

આર્યભટે $\pi$ ની અંદાજે કિંમત મેળવવા પ્રયત્ન કરેલો. આર્યભટિયમાં ગણિત વિભાગમાં દશમો શ્લોક :

चतुरधिकं शतमष्टगुणं द्वाषष्टिस्तथा सहस्राणाम्।
अयुतद्वयविष्कम्भस्यासन्नो वृत्तपरिरणाहः ॥

100માં 4 ઉમેરો, 8 વડે ગુણાકાર કરો અને પછી 62,000 ઉમેરો. આ 20,000 વ્યાસના વર્તુળનો પરિઘ છે.

$\pi \times 20{,}000 = (100 + 4)\, 8 + 62{,}000 = 832 + 62{,}000$

$\therefore \quad \pi = \frac{62832}{20000} = 3.1416$


શા માટે આ કામ કરે છે તેની કોઈ પણ નોંધ નથી. $\frac{21600}{6.2832}$

**આર્યભટનું સાઇન (*sine*) નું ટેબલ :**

આપણે જે રીતે ટેબલને સમજીએ છીએ તે રીતનું આ ટેબલ નથી. આ ટેબલમાં રૉ અને કૉલમ નથી. યાદ રાખી શકાય તેવો એક મઝાનો શ્લોક છે. આ શ્લોક ઉપર ઘણું બધું લખાયું છે.

અહીંયાં AMB વર્તુળની ચાપ છે અને વર્તુળનાં બે બિંદુઓ A અને B ને જોડતી રેખા AB વર્તુળની જીવા છે. OA વર્તુળની ત્રિજ્યા છે જેની કિંમત R છે. $\angle AOM = \theta$ છે અને જ્યાં $(\theta) = AP$ લઈએ.

જ્યાં $(\theta) = AP = R\, sin\theta$




આ ભારતીય અને હાલમાં વપરાતી $sin\theta$ ને જોડતી ફૉર્મ્યુલા છે.

મિનિટમાં વર્તુળના પરિઘ = $360 \times 60 = 21{,}600$ મિનિટ થાય.

આપણે આર્યભટની $\pi$ ની કિંમત 3.1416 જોઈ.

$\therefore \quad 2\pi R = 21{,}600$

$\therefore \quad R = \qquad = 3437.93 = 3438$

$\therefore$ જ્યાં, $(\theta) = 3438\ sin\theta$

આર્યભટ $0^{o}$ થી $90^{o}$ ના 24 ભાગ કરે છે. દરેક ભાગ $\frac{90}{24} = 3^{o}\ 45' = 225'$ થાય.

પહેલા વિભાગ ત્રિટિકામાં શ્લોક 12 R $sin\theta$ નો તફાવત આપે છે.

मखि भखि फखि धखि णखि ञखि
ङखि हस्झ स्ककि किष्ग श्घकि किघ्व ।
घ्लकि किग्र हक्य धकि किच
स्ग श्झ ङ्व क्ल प्त फ छ कलार्धज्याः ॥

આ સંસ્કૃતના શ્લોકોમાં સાંકેતિક લિપિમાં લખેલા નંબરો આર્યભટિયમાં સમજાવેલી સંખ્યાઓની રૂપરેખાનો ઉપયોગ કરીને પ્રચલિત ભાષામાં ફેરવી શકાય છે.

225, 224, 222, 219, 215, 210, 205, 199, 193, 183, 174, 164, 154, 143, 131, 119, 106, 93, 79, 65, 51, 37, 22 અને 7 – આ R $sin\theta$ તફાવત મિનિટમાં છે. આ તફાવતને આપણે $d_1$, $d_2$,..., $d_{24}$ થી દર્શાવીએ અને તેમના સરવાળાને $S_1 = d_1$, $S_2 = d_1 + d_2 = S_1 + d_2$, $S_3 = S_2 + d_3$, $S_4 = S_3 + d_4$... અને $S_{24} = S_{23} + d_{24}$ દર્શાવીએ.

ટેબલ 1માં ચોથા કૉલમમાં $d_n$ ની કિંમતો આપી છે. આ કિંમતો ધીરે ધીરે ઘટતી જાય છે. ટેબલ 1માં પાંચમા કૉલમમાં $S_n$ ની કિંમતો આપી છે. $S_1 = d_1 = 225 = 3438$ $sin\ 3^o\ 10'$ થાય. $S_2 = S_1 + d_2 = 225 + 224 = 449 = 3438$ $sin\ 7^o\ 30'$ થાય. જો આપણે $sin\ 7^o\ 30'$ ની કિંમત જોઈતી હોય, તો

$sin\ 7^o\ 30' = \quad = 0.13059$ મળે. કેલક્યુલેટરનો ઉપયોગ કરીને $sin\ 7^o\ 30'$ની કિંમત ૦.૧૩૦૫૨ મળે. આ બંને કિંમતોના પહેલા ચાર નંબરો સરખા જ છે. આર્યભટે મિનિટમાં ફેરવીને, ખૂબ જ સરળતાથી એક શ્લોકમાંથી આખું ટેબલ તૈયાર કરી શકાય તે તો આર્યભટ જ જોઈ શકે !! આ શ્લોક આર્યભટ લાવ્યા ક્યાંથી ? આનો જવાબ આર્યભટિયના વિભાગ 2 ગણિતવિભાગના 12મા શ્લોકમાં છે.

प्रथमाच्चापज्यार्धाद्यैरूनं खण्डितं द्वितीयार्धम् ।
तत्प्रथमज्यार्धांशैस्तै रूनानि शोषाणि ॥

આ શ્લોક ચોથા કૉલમમાં બતાવેલા $d_1$, $d_2$,..., $d_{24}$ મેળવવા તે બતાવે છે.

પહેલા $d_1$ ને તેની જાતે જ ભાગતાં જે ભાગાકારનું ફળ 1 મળે તે $d_1$ માંથી બાદ કરતાં બીજો $R_2$ કે $d_2$ મળે. $(d_1 + d_2)$ના સરવાળાને $d_1$ વડે ભાગતાં જે ફળ મળે તે $d_2$ માંથી બાદ કરતાં $d_3$ મળે.

$$d_2 = d_1 - \quad = d_1 - 1 = 224$$

$$d_3 = d_2 - \quad = 224 - \quad \cong 224 - 2 = 222$$

$$d_4 = d_3 - \quad \cong 222 - 3 = 219$$

$$d_5 = d_4 - \quad \cong 219 - 4 = 215$$

આ જ રીતે $d_{24}$ સુધી બાકીના તફાવતો મેળવી શકાય.

**ટેબલ 1**

| *n* | (A) ખૂણો (અંશ, મિનિટમાં) | R*sine* તફાવત આર્યભટની ભાષામાં | R*sine* તફાવત આંકડાઓમાં $d_n$ | R*sine* જ્યાં (A)ની કિંમત $S_n$ | *sin*(A) = $\frac{S_n}{3438}$ | કેલ્ક્યુલેટરથી મેળવેલી S(A) |
|---|---|---|---|---|---|---|
| 1 | 03° 45' | मखि | 225' | 225' | 0.0654 | 0.06540 |
| 2 | 07° 30' | भखि | 224' | 449' | 0.13059 | 0.13052 |
| 3 | 11° 15' | फखि | 222' | 671' | 0.195 | 0.19509 |
| 4 | 15° 00' | धखि | 219' | 890' | 0.25887 | 0.25881 |
| 5 | 18° 45' | णखि | 215' | 1105' | 0.32140 | 0.32144 |
| 6 | 22° 30' | ञखि | 210' | 1315' | 0.38249 | 0.38268 |
| 7 | 26° 15' | ङखि | 205' | 1520' | 0.44212 | 0.44229 |
| 8 | 30° 00' | हस्श | 199' | 1719' | 0.5 | 0.5 |
| 9 | 33° 45' | स्ककि | 191' | 1910' | 0.55535 | 0.55557 |
| 10 | 37° 30' | किष्ग | 183' | 2093' | 0.60878 | 0.60876 |
| 11 | 41° 15' | श्धकि | 174' | 2267' | 0.65939 | 0.65937 |
| 12 | 45° 00' | किध्व | 164' | 2431' | 0.70710 | 0.707107 |
| 13 | 48° 45' | ध्लकि | 154' | 2585' | 0.75189 | 0.75184 |
| 14 | 52° 30' | किग्र | 143' | 2728' | 0.79348 | 0.79335 |
| 15 | 56° 15' | हक्य | 131' | 2859' | 0.83159 | 0.83147 |
| 16 | 60° 00' | धकि | 119' | 2978' | 0.86620 | 0.866025 |
| 17 | 63° 45' | किच | 106' | 3084' | 0.89703 | 0.89687 |
| 18 | 67° 30' | स्ग | 93' | 3177' | 0.92408 | 0.92388 |
| 19 | 71° 15' | झश | 79' | 3256' | 0.94706 | 0.94693 |
| 20 | 75° 00' | ङ्व | 65' | 3321' | 0.96597 | 0.96592 |
| 21 | 78° 45' | क्ल | 51' | 3372' | 0.98080 | 0.98078 |
| 22 | 82° 30' | प्त | 37' | 3409' | 0.99156 | 0.99144 |
| 23 | 86° 15' | फ | 22' | 3431' | 0.99796 | 0.99786 |
| 24 | 90° 00' | छ | 7' | 3438' | 1 | 1 |

**ભાસ્કર I નું *sine* ની કિંમતનું સૂત્ર :**

ભાસ્કર I એ તેમના પુસ્તક મહાભાસ્કરિયમાં *sine* ની કિંમતો મેળવવા માટે સૂત્રો આપ્યાં છે :

$x$ અંશમાં માપવામાં આવે તો, $sinx$ = $\frac{4x(180 \quad x)}{[40500 \quad x(180 \quad x]}$

જ્યાં, $0 \le x \le 180^o$ છે. $x$ રેડીઅનમાં માપવામાં આવે તો, $sinx = \frac{16x(\pi \quad x)}{[5\pi^2 \quad 4x(\pi \quad x]}$

ભાસ્કર I આ સૂત્રો આર્યભટના કારણે છે તેમ કહે છે પણ આવાં સૂત્રો આર્યભટિયમાં નથી.

**ટેબલ 2**

| અંશ | $\frac{4x(180 \quad x)}{[40500 \quad x(180 \quad x]}$ | *sinx* | તફાવત |
|---|---|---|---|
| $0^o$ | 0 | 0 | 0 |
| 1 | 0.01776 | 0.01745 | 0.00031 |
| 5 | 0.08833 | 0.08715 | 0.00118 |
| 10 | 0.17525 | 0.17365 | 0.00160 |
| 20 | 0.34316 | 0.34202 | 0.00114 |
| 30 | 0.5 | 0.5 | 0 |
| 40 | 0.64183 | 0.64279 | −0.00096 |
| 50 | 0.76470 | 0.76604 | −0.00134 |
| 60 | 0.86486 | 0.86602 | −0.00116 |
| 70 | 0.93902 | 0.93969 | −0.00067 |
| 80 | 0.98461 | 0.98480 | −0.00019 |
| 90 | 1.0 | 1.0 | 0 |

ભાસ્કરનું *sinx* નું સૂત્ર સાદું, મનોહર અને વ્યયહારિક હેતુ માટે જોઈતી ચોક્કસ કિંમતો આપે છે.

આર્યભટ્ટનું *sine* ટેબલ પ્રાચીન ભારતમાં નમૂનારૂપ ગણાતું. તેને સુધારવાનો સતત પ્રયત્ન ચાલુ જ રહેલો. અને આ સુધારા કરવાના સતત પ્રયત્નના કારણે માધવ *sine* અને *cosine* ની ઘાત શ્રેઢીઓ મેળવી શકેલા.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખ્યો છે :


(1) Shukla, K. S. (1976), Aryabhatia of Aryabhata, Indian National Science Academy, New Delhi

(2) Joseph, G. G. (2011), The Crest of the Peacock : Non-European Roots of Mathematics, Princeton University Press, Princeton & Oxford.

(3) Joseph, G. G. (2016), Indian Mathematics : Engaging with the world from Ancient to Modern Times, World Scientific.



વિઠ્ઠલભાઈ અં. પટેલ

'સ્વરાજ', નરસિંહજીના મંદિરા પાસે, ઉવારસદ રોડ, મુ.પો. શેરથા, તા. જિ. ગાંધીનગર-૩૮૨૪૨૩

મો. ૯૪૨૮૦૧૯૦૪૨

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**મુઠ્ઠી ઊંચેરા માનવી : શ્રી વસંતભાઈ શાહ (વસંતદાદા) / ડૉ. મફતલાલ પટેલ. અમદાવાદ : અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, ૨૦૧૮. ૩૯ પૃ. કિં. રૂ. ૫૦.**

મહાત્મા ગાંધીનાં જીવનમૂલ્યોથી પ્રભાવિત થઈને સવિશેષતઃ ગાંધીનિર્વાણ બાદથી ગાંધીજન્મ શતાબ્દિનાં વર્ષોમાં સેંકડો ગાંધીભકતોએ પોતાની વ્યવસાયિક કારકિર્દીને તિલાંજલિ આપીને ગુજરાતમાં અને સમગ્ર દેશમાં ગાંધી આશ્રમો / સર્વોદય આશ્રમો, શૈક્ષણિક સંસ્થાઓ કે આરોગ્યધામોની સ્થાપના કરીને ગાંધીચીંધ્યા માર્ગે ગ્રામોત્થાનની પ્રવૃત્તિઓ માટે પોતાની જાતને સમર્પિત કરી દીધી છે. ઉત્તર ગુજરાતમાં વાલમ, માઢી, વડનગર, અમરાપુર, ઝિલિયા, સણાલી, રતનપુર, અનેરા વગેરેમાં સ્થપાયેલ સંસ્થાઓના સંસ્થાપકો / અગ્રણી સમર્પિત કાર્યકરો પૈકી મોતીભાઈ ચૌધરી, રિખવદાસ શાહ, ડૉ. દ્વારકાદાસ જોશી, ડૉ. વસંત પરીખ, ચીનુભાઈ વૈદ્ય, કાન્તિભાઈ શાહ, વસંતભાઈ શાહ, રામુભાઈ પટેલ, અકબરભાઈ ચાવડા, ઈશ્વરભાઈ પટેલ, રતિભાઈ જોશી, માલજીભાઈ દેસાઈ, બાબુભાઈ શાહ વગેરે અગ્ર અર્ઘ્યના અધિકારી છે. અહીં ગાંધીઆદર્શોનું સાકાર સ્વરૂપ અને માઢી આશ્રમનો પ્રાણ એવા કર્મયોગી વસંતભાઈ શાહ (૧૯૩૩) નાં જીવન અને ગ્રામવિકાસનાં કાર્યોનું દર્શન મિતાક્ષરી શૈલીમાં કરાવવામાં આવ્યું છે. અને તે પણ વસંતભાઈના સાંનિધ્યમાં સતત ૧૫ દિવસ ગાળીને તેમનાં જીવનઆદર્શો અને પ્રવૃત્તિઓથી પ્રભાવિત થનાર જાણીતા કેળવણીવિદ્ એવા 'પરદેશે પાંગરતી પ્રતિભાઓ' તથા શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રની શતાધિક પ્રતિભાઓને પાંખીને તેમનાં ચરિત્રોને ઉજાગર કરનાર ડૉ. મફતલાલ પટેલ દ્વારા. લેખકે પ્રસ્તુત ચરિત્રાંકનના પ્રારંભમાં પોતાનો ઉદ્દેશ અભિવ્યકત કરતાં વાચકોને ઉદ્દેશીને નોંધેલ શબ્દો : 'મને એમ થયું કે ગીતા નહિ વાંચું તો ચાલશે, મંદિરમાં ઇષ્ટદેવની પૂજા નહિ કરું તો ચાલશે, પણ માનતાનું સાક્ષાત્ જીવંત સ્વરૂપ મારી સમક્ષ ઊભું છે, તેને ભાષા દ્વારા સાકાર કરી લોકો સમક્ષ પ્રગટ નહિ કરું તો નહિ જ ચાલે. જે માણસ પોતાના માટે જ જીવતો નથી, પણ બીજા માટે, માનવતા માટે જીવી રહ્યો છે તે મહાન છે. આવા એક માનવતા પ્રેમી વ્યક્તિનું જીવન સંક્ષેપમાં આપની સમક્ષ રજૂ કર્યું છે, જે આપના માટે પ્રેરણાદાયી બનશે.' માં લેખકનો ચરિત્રનાયક પ્રતિ વિશુદ્ધ શ્રદ્ધાભાવ પ્રગટ થતો જોવા મળે છે. આ સાથે જ લેખકે દાદાનાં પ્રથમ દર્શને જ મૂઠીભર શબ્દોમાં દોરેલ રેખાચિત્ર : 'માંડ ૪૦ કિલો વજન, વાંકું વળી ગયેલું શરીર, શરીર ઉપર જાડા ખાદીનાં બે કપડાં, સુકાઈ ગયેલું શરીરને એમાં ચમકતી આંખો, ને આંખોમાં નીતરી રહેલો પ્રેમ જોયો. નિરાળું વ્યક્તિત્વ, વ્યક્તિત્વમાં ક્યાંય દંભ નહિ, કોઈ અપેક્ષા નહિ, અહંકાર જેવું કશું જ નહિ. સંપૂર્ણ સાદગી. ગાંધીજી ના જોયા હોય તો આ વસંતભાઈ જોઈ લો. તમોને તેઓના વર્તન વ્યવહારમાં સાક્ષાત્ ગાંધીજી જ દેખાશે' વસંતભાઈનો સંતર્પક પરિચય કરી આપે છે.

પ્રસ્તુત ચરિત્રાંકનના પૂર્વાર્ધમાં લેખકે ગાંધીસાહિત્યના અભ્યાસુ અને ગાંધીમાર્ગે ગ્રામસેવા કરવા માટેનો ભેખધારી જીવ એવા વસંતભાઈનો તેમના વતન બિલોદરા, તા. વિજાપુરમાં ૭ જુલાઈ, ૧૯૩૩ના રોજ જન્મ, મેટ્રિક (૧૯૫૧) બાદ મુંબઈમાં કેમિકલ ડાયસ્ટફ ટ્રેડ ડ્રાંઈગ પ્રિન્ટિંગનો ૪ વર્ષનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ નોકરીનો પ્રારંભ, 'ભાવતું હતું ને વૈદ્યે કહ્યું' એ ન્યાયે ગાંધી આચાર-વિચારના ઉપાસક એવા પોતાના મોટાભાઈ કાન્તિભાઈ શાહ સર્વોદય આશ્રમ, વાલમમાં જોડાઈ જતાં ભાઈના પગલે પગલે વસંતભાઈનું અંત:પ્રેરણાથી પ્રેરાઈને આશ્રમમાં જોડાઈ જવું સુધીની ઘટનાઓની ખૂબ જ સંક્ષેપમાં નોંધ લીધી છે. ઉત્તરાર્ધમાં

રંગકામના નિષ્ણાત વસંતભાઈની વાલમ, પેડક, રાજકોટ વગેરે આશ્રમોમાં સફેદ ખાદીને વિવિધ રંગોમાં પરિવર્તિત કરવાની સેવાઓ, બિહાર દુષ્કાળમાં રાહત કામગીરી, સવિશેષતઃ ગુજરાત અને ભારતનાં કેટલાંક રાજ્યોના સર્વોદય આશ્રમોની સહેતુક મુલાકાતો વગેરેની નોંધ લઈને 'માઢી આશ્રમ'ની તેમને ૧૯૬૭માં સોંપણી કરવામાં આવતાં માઢી આશ્રમ દ્વારા હાથ ધરેલાં વિવિધ કાર્યો જેમ કે ખાદી ઉત્પાદન, કુષ્ઠરોગીઓની સેવા અને ખાદી ઉત્પાદન, ચર્મઉદ્યોગ (ચામડું કમાવવાનું કાર્ય હલકું ગણવામાં આવતું હોવાથી દલિતોદ્ધારની ભાવનાથી પ્રેરાઈને સવર્ણો દ્વારા ચર્મઉદ્યોગ શરૂ કરવો, પરંતુ કેટલાંક વર્ષો બાદ બેરાજગારીની દહેશતને ધ્યાને લઈ દલિતોની માગણીના કારણે આ ઉદ્યોગ બંધ કરવામાં આવ્યો), કુદરતી ઉપચાર દ્વારા આરોગ્ય સેવા, પર્યાવરણની જાળવણી હેતુ વૃક્ષ ઉછેર, ગોપાલન, જળ-જમીન સંરક્ષણ, ગાંધી સાહિત્ય પ્રચાર - પ્રસાર, પુસ્તકાલય સેવા વગેરેમાં તેમની પ્રત્યક્ષ કામગીરી વગેરેનું સાધાર વિશ્લેષણ કર્યું છે. તેમના આચાર-વિચાર સંબંધી ખાસ નોંધપાત્ર બાબત એ કે તેમણે કોઈ પણ જાતનું વેતન લીધા સિવાય આ કાર્યો કર્યાં છે તેમ જ પ્રાયઃ ૫૦ વર્ષથી કાચું ભોજન લઈ રહ્યા છે. આ ચરિત્રચિત્રણની આગવી વિશેષતા એ છે કે લેખકે ચરિત્રનાયકના જીવનમાંથી શું લાધ્યું / પ્રેરણા મેળવી તેની ઉપસંહાર રૂપે સૂત્રાત્મક શૈલીમાં કરેલ નોંધ માણસ પ્રેમના આધારે જીવે છે, ખુદને ચાહવું એ પોતાના મૃત્યુનો પ્રારંભ છે, શાણા માણસોની શીખની વિરુદ્ધ આપણે નિરર્થક જિંદગી જીવીએ છે, શિક્ષણપ્રણાલીમાં જીવનનો અર્થ શીખવવામાં આવતો નથી, ત્યાગ કરતાં શીખો, લોકસેવા કાર્યો એ શ્રેષ્ઠતમ કાર્ય છે, સારાં પુસ્તકોનું વાચન કરવું, મીણબત્તી જેવું જીવન જીવો, મૃત્યુને નજર સમક્ષ રાખીને જીવો, આત્માને બચાવવા માંગતા હોય તો ભૌતિક સુખ-સગવડો ભૂલી જાઓ, આપણાં કાર્યો જ આપણી નિયતિ વગેરે આપણા માટે પ્રેરણાદાયી બની રહે છે.

આ સાથે જ સર્વોદય આશ્રમ, માઢીની તા. ૧૯ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ સ્થાપના કરવામાં અને તેના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર સર્વશ્રી કાન્તિભાઈ શાહ (વતનઃ બિલોદરા, ૧૯૨૨-૨૦૧૫) અને શ્રી રામુભાઈ પટેલ (વતન : ગોઝારિયા, ૧૯૨૯-૨૦૧૭) ની સંક્ષિપ્ત જીવનરેખા અને સર્વોદય પ્રવૃત્તિઓમાં તેમના પ્રદાનની ઝાંખી કરાવવામાં આવી છે, જે યથોચિત છે. આ ઉપરાંત આશ્રમના ટ્રસ્ટીઓ દ્વારા ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતનું યથાર્થમાં પાલનનું ઉદાહરણ એ છે કે આશ્રમ પરિસરમાં અન્ય ટ્રસ્ટને 'કંચન-હીરા આયુર્વેદિક હૉસ્પિટલ ઍન્ડ કૅન્સર રિસર્ચ સેન્ટર' શરૂ કરવા માટે જમીન આપવી. આ હૉસ્પિટલ, તેના દાતાશ્રી અને સવિશેષતઃ કૅન્સરના નિષ્ણાત તજજ્ઞ આયુર્વેદાચાર્ય તરીકેની જેમની તેજસ્વિતાને ધ્યાને લઈ આ હૉસ્પિટલ શરૂ કરવામાં આવી છે તે ડૉ. અતુલ ભાવસારનો સંક્ષેપમાં પરિચય પણ આપવામાં આવ્યો છે. હકીકતમાં આ પરિચયોના અભાવે માઢી આશ્રમ અને વસંતદાદાનો પરિચય પણ અધૂરો બની રહેત. આ બધી પ્રાસંગિક બાબતોનો સમાવેશ લેખકની દૂરંદેશિતાનો દ્યોતક બની રહે છે.

આમ, ગાંધીમૂલ્યોથી અનુપ્રાણિત વસંતદાદાના આગવા જીવનદર્શન અને નિઃસ્વાર્થ ઉમદા સેવા કાર્યોની સાથે સાથે માઢી આશ્રમની પ્રવૃત્તિઓ અને તેના સંસ્થાપકોના પ્રદાનને ઉજાગર કરી આપવા માટે ડૉ. મફતલાલ પટેલ આપણાં અભિનંદનના અધિકારી બની રહે છે. આજે નવી પેઢી ગાંધીમૂલ્યોથી વિમુખ થતી જાય છે, ત્યારે પોતાની ભરયુવાનીમાં ૨૫ વર્ષની વયે (૧૯૫૮) ઉચ્ચ વ્યવસાયિક કારકિર્દીનો ત્યાગ કરીને ગાંધીજીવનમૂલ્યોના પાલન થકી રાષ્ટ્રની સેવા કાજે અપરણિત રહી પોતાની જાત સમર્પિત કરી દેનાર અને આજે ૮૫ વર્ષની વયે તન અને મનની પૂર્ણતઃ સ્વસ્થતા સાથે પ્રસંગોપાત્ત શ્રી જયંત ભાવસાર અને અન્ય સર્વોદયપ્રેમીઓની ઉપસ્થિતિમાં ગાંધી - વિનોબા સાહિત્ય, રામાયણ, ગીતા વગેરેનું પારાયણ કરતાં રહીને નિજાનંદની મસ્તીમાં એકાકી જીવન વ્યતીત કરી રહેલ ગાંધીરત્ન વસંતદાદાનું ચરિત્રાલેખન નવી પેઢી માટે પ્રેરણાદાયી બની રહેશે. આ ચરિત્રાંકનમાં લેખકનાં ભાષાભિવ્યક્તિ, લાઘવતા, નિરીક્ષણ શકિત, વ્યક્તિને ઓળખવાની ક્ષમતા અને ગુણાનુરાગી સંવેદનશીલ પ્રકૃતિના સામર્થ્યનાં સહજમાં દર્શન થાય છે.

**મણિભાઈ પ્રજાપતિ**

**ભરૂચની ભવ્યતા / લેખન અને રજૂઆત નરોત્તમ વાળંદ. અમદાવાદ : કાન્તિલાલ જયકિશનદાસ ચોકસી ચેરિટેબલ ટ્રસ્ટ (૬૫, મધુબન, માદલપુર અન્ડરબ્રિજ પાસે, એલિસબ્રિજ, અમદાવાદ); ભરૂચ : કે. જે. ચોકસી પબ્લિક લાઇબ્રેરી ટ્રસ્ટ, ૨૦૧૧. [૧૪], ૫૪૬ આર્ટ પૃષ્ઠ, માપઃ ૨૯x૨૨ સેમી; ૬૬૦+રંગીન ચિત્રો. કિં. રૂ. ૧૧૦૦.**

'ભરૂચની ભવ્યતા' એ એક આકર ગ્રંથ છે કે જે પ્રસ્તુત વિષય ક્ષેત્રમાં રસધરાવનારાઓ, સંશોધકો વગેરે માટે પ્રમુખ આધારસ્રોત બની રહેશે, પથપ્રદર્શક બની રહેશે. આ એ ગ્રંથ છે કે જે પ્રાચીન / મધ્યકાળમાં સંસ્કૃતમાં પ્રચલિત સ્થળપુરાણ પરંપરા ઉદા. તરીકે 'સરસ્વતીપુરાણ', 'ધર્મારણ્યપુરાણ' વગેરેના અનુસંધાનમાં ગુજરાતીમાં રચાયેલ **'ભરૂચપુરાણ'** છે કે જેમાં ભરૂચની સ્થાપનાના આદિકાળથી સામ્પ્રત સમય સુધીની (પ્રાયઃ ઈ.સ. ૨૦૧૧ સુધીની) ભરૂચનગર, ભરૂચની આસપાસનાં સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ સ્થળો, પુણ્યસલિલા નર્મદા નદી અને તેના તટે સ્થિત તીર્થધામો વગેરે સંબંધી પ્રાપ્ત દસ્તાવેજી, સાહિત્યિક વગેરે સામગ્રીનું સંશોધનનાત્મક અભિગમથી અવગાહન કરવા ઉપરાંત લોકમુખે જીવંત રહેલી અનુશ્રુતિઓનું વિવેકપુરઃસર સમાયોજન કરીને આલેખન કરવામાં આવ્યું છે અને તે પણ રસળતી પ્રાસાદિક ભાષા-શૈલીમાં. આ ઉપરાંત કેટલીક બાબતો સંદર્ભે ગુજરાતનાં અન્ય નગરોમાં કેવી પરંપરા પ્રચલિત છે, ઉદા. તરીકે વાડા-પાડા (વાટક - પાટક) વગેરેની તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં નોંધ પણ લીધી છે. પરિણામસ્વરૂપે આ ગૌરવગ્રંથ કોઈ પણ સ્તરના જિજ્ઞાસુને સંતર્પક સંતુષ્ટિ પ્રદાન કરાવવાની સાથે સાથે તેનું સાદ્યંત વાચન કરવા બાધ્ય કરે છે. અને તેથી જ આ બધી ગુણસમૃદ્ધિના કારણે લેખકનો ગ્રંથરચના પાછળનો ઉદેશ 'માત્ર કોરીકટ, નક્કર હકીકતો આપતો છાપાનો શુષ્ક અહેવાલ જ ન બની જાય, પરંતુ ભરૂચની ચોતરફની સાંસ્કૃતિક ભૂમિકા આપતો એક રસમય વાર્તાલાપ બની જાય એવું લક્ષ્ય રાખવાનો પ્રયાસ છે' ખરા અર્થમાં પરિપૂર્ણ થયો છે, તેમ જ તેમાં લેખકની પોતીકી ઇતિહાસની વિભાવનાનાં પણ દર્શન થાય છે.

પ્રસ્તુત ગ્રંથ સુગ્રથિત ૩૩ પ્રકરણોમાં વિભાજિત છે. વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો આ બધાં પ્રકરણો પૌરાણિક, ઐતિહાસિક અને રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક, ધંધા-ઉદ્યોગ, વિવિધ વિષય ક્ષેત્રોની પ્રતિભાઓનાં ચરિત્રો, પુણ્યસલિલા નર્મદા નદી અને નર્મદા બંધ - સરદાર સરોવર, આસપાસનાં મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક સ્થળો, મહત્ત્વપૂર્ણ ઘટનાઓ આધુનિક વૈજ્ઞાનિક ઉપકરણોનો ભરૂચમાં પ્રચાર- પ્રસાર વગેરે બાબતોને આવરી લે છે. આ ઉપરાંત બહુવિધ રીતે ઉપયોગી એવાં વૈવિધ્યપૂર્ણ માહિતીથી સભર ૩૯ પરિશિષ્ટો (પૃ. ૫૦૩-૫૪૬) કે જે ભરૂચની વિવિધ સમાજસેવી સંસ્થાઓનાં પ્રમુખો, વિધાનસભ્યો, સાંસદો, મામલતદારો, કલેકટરો વગેરે તેમ જ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીઓ, રાજ્યપાલો, ભારતરત્નથી વિભૂષિત મહાનુભાવો વગેરેની કાળક્રમાનુસાર યાદી, તેમનો કાર્યકાળ અને અન્ય આનુસંગિક માહિતીથી અલંકૃત છે. વધુમાં, ગ્રંથારંભે ભરૂચના આંગણે પધારેલા મોંઘેરા મહેમાનશ્રીઓની યાદી અને આ પૈકી મહાત્મા ગાંધી ભરૂચમાં તા.૧૯-૧૦-૧૯૧૭થી ૧૩-૨-૧૯૪૦ સુધી ૧૧ વખત પધારેલા તેની કડીબદ્ધ વિગતો દર્શાવી છે, જ્યારે સંદર્ભસૂચિ (પૃ. ૫૪૫ - ૫૪૬)માં ૩૦ ગ્રંથોનાં શીર્ષક, લેખક અને યથાસંભવ પ્રકાશન વર્ષ સુધીની સીમિત માહિતી તથા ૯ લેખોની વિગતો નોંધવામાં આવી છે.

પૌરાણિક ઐતિહાસિક અને રાજકીય માહિતી અંતર્ગત ભરૂચની સ્થાપના સંદર્ભે પ્રાપ્ત પ્રાચીતમ ઉલ્લેખ પૌરાણિક કથા અનુસાર લક્ષ્મીજીની વિનંતીથી ભગવાન વિષ્ણુ દ્વારા નર્મદા કાંઠે શ્રીનગર (ભરૂચ) વસાવવું અને તેના નષ્ટપ્રાય થયા બાદ 'નર્મદાપુરાણ' અને 'સ્કંદપુરાણ - રેવાખંડ' માં ઉલ્લેખિત વિગતો મુજબ ભૃગુઋષિ દ્વારા ભૃગુકચ્છની સ્થાપના, ભૃગુવંશ, ભૃગુવંશીય પરશુરામ દ્વારા માહિષ્મતી (અનુપ દેશ - દક્ષિણ ગુજરાત) ના રાજા સ્રહસ્રાર્જુનનો વધ કરી પિતૃતર્પણ કરવું વગેરે પૌરાણિક કથાઓ સ-રસ રીતે આલેખિત કરી છે. ભરૂચનું પ્રાચીનતમ નામ 'ભરુકચ્છ' કે 'ભૃગુકચ્છ' સંદર્ભે 'મહાભારત', બૌદ્ધજાતકો, જૈનચૂર્ણિઓ, વરાહમિહિર, કૃત'બૃહત્સંહિતા' 'કથાસરિત્સાગર' વગેરેમાં 'ભરુકચ્છ', 'મત્સ્ય', 'બ્રહમાંડ', 'માર્કંડેય', 'વામન' વગેરે પુરાણોમાં 'ભરુકચ્છ', 'ભાગવતપુરાણ', 'નર્મદાપુરાણ', 'સ્કંદપુરાણ' વગેરેમાં ભૃગુકચ્છનો, અન્ય સ્રોતોમાં 'ભૃગુપુર', 'ભૃગુક્ષેત્ર', 'ભૃગુતીર્થ' વગેરેનો ઉલ્લેખ મળે છે.

આ ઉપરાંત અનેક વિદેશી મુસાફરો વગેરેએ પોતાની નોંધો વગેરેમાં ભરૂચને 'બારીગાઝે', 'બરગોસા', 'બરૌઝ', 'બ્રોચ' વગેરે નામોથી ઓળખાવ્યું તે બધાં નામોની નોંધ લઈને આ બધાં નામો સંદર્ભે લેખકનું સુસ્પષ્ટ મંતવ્ય 'ભરૂચની વ્યુત્પત્તિ, ભરુકચ્છ - ભરુઅચ્ચ - ભરૂચએ પ્રમાણે સાધી શકાય, જે ભૃગુકચ્છમાંથી શકય નથી. આ હકીકત મૂળનામ 'ભરુકચ્છ' હોવાના પક્ષમાં છે. 'ભૃગુકચ્છ' નામ, એ તો સંસ્કૃત પંડિતોએ પાછળથી, સંભવતઃ દસમા સૈકામાં ઘડી કાઢેલું છે' ધ્યાનાર્હ બની રહે છે.

લેખકે ઐતિહાસિક સંસાધનોના આધારે ઈ.સ. પૂર્વે ૫૨૮ માં ઉજ્જયિનીના સમ્રાટ ચંડપ્રદ્યોત / પ્રદ્યોતના આધિપત્ય હેઠળ ભરૂચ હોવાનું નોંધ્યા બાદ ક્ષત્રપો, મૌર્યવંશ, ગુપ્તવંશ, વલભીના મૈત્રકો, ગૂર્જરો, ત્રૈકુટકો, કટચ્ચુરિ (કલચુરિ)ઓ, અરબોના ૭-૮મી સદી ઉપરનાં આક્રમણો અને જીત મેળવવી, ચૌલુક્યવંશ, પ્રતીહાર વંશ અને તેના સામંત ભર્તૃવૃદ્ધ (ઈ.સ. ૭૩૫ - ૭૫૭), ચૌલુકય વંશના બારપ અને તેના વંશજો, અને સોલંકી - વાઘેલા વંશની કોઈ-કોઈ સમય દરમ્યાન સત્તા રહી હતી અને ત્યારબાદ મુસ્લિમ શાસન, મોગલવંશ, પોર્ટુગીઝો દ્વારા ૧૬-૧૭મી સદીમાં ત્રણ વખત અને ત્યારબાદ ઔરંગઝેબના સમયમાં શિવાજી અને સંભાજી દ્વારા ભરૂચ લૂંટવું, અંગ્રેજો દ્વારા નવાબ મોજુજખાનને હરાવી ૧૭૭૨માં ભરૂચ હાંસલ કરી ૧૯૪૭ સુધી પોતાની સત્તા ટકાવી રાખવા સંબંધી વિગતોની કાળક્રમાનુસાર નોંધ સમસામયિક સાંસ્કૃતિક સંદર્ભો સાથે કરવામાં આવી છે. આ સાથે જ ભરૂચ લાટપ્રદેશ અંતર્ગત હોવાથી લાટ સંબંધી વિવિધ સાહિત્યિક સ્રોતોનાં વર્ણનો, ભરૂચના બંદરની જાહોજલાલી કે જ્યાં એક જમાનામાં ૧૫૦-૨૦૦ ટનની શક્તિ ધરાવતાં ૪૦૦૦ વહાણોની અવરજવર હતી ત્યાં ૧૯૮૧-૮૨માં વધુમાં વધુ ૬૦ ટનની ક્ષમતાવાળાં ફક્ત ૧૬૧ જેટલાં વહાણો આવવાં, અંગ્રેજો દ્વારા સૌપ્રથમ ૧૬૧૬માં અને વલંદાઓ દ્વારા ૧૬૧૭માં કોઠી નાખવી, વલંદાઓની કોઠી ૨૦મી સદીના અંતભાગમાં ધરાશયી થતાં તે સ્થળે શોપિંગ સેન્ટર, બ્રિટિશ શાસનનાં ભરૂચનાં ઐતિહાસિક પરાં અને બજારો, શહેર સુધરાઈ, પોલીસ તંત્ર, ન્યાય તંત્ર, આરોગ્ય સેવા, કેળવણી વગેરે વિશે ચોકસાઈપૂર્ણ માહિતી વર્ણવી છે.

સ્વાતંત્ર્યસંગ્રામમાં ભરૂચ અને ભરૂચ જિલ્લાના પ્રદાન સંબંધી ચર્ચા પૂર્વે રાષ્ટ્રીય અને ગુજરાત સ્તરની પ્રવૃત્તિઓની ઝાંખી કરાવીને તેના અનુસંધાનમાં છોટુભાઈ પુરાણી, ચંદ્રશંકર ભટ્ટ, ડૉ. ચંદુલાલ દેસાઈ, મોતીલાલ વીણ, ક્રાંતિકાર મેઘજી બહારવટિયો વગેરેના નોંધપાત્ર ફાળાની ચર્ચા કરવા ઉપરાંત ગાંધીજીના પ્રમુખપદે ભરૂચની બીજી કેળવણી પરિષદ, વલ્લભભાઈના પ્રમુખપદે ભરૂચની ત્રીજી સ્થાનિક સ્વરાજ્ય પરિષદ, સ્વાતંત્ર્યસંગ્રામના ૫૬ લડવૈયાઓની યાદી, દાંડીકૂચની ભૂમિકા અને દાંડીકૂચ સમયે મહાત્મા ગાંધીજીનું ભરૂચમાં રોકાવું અને આપેલ પ્રેરક ભાષણ, ભરૂચમાં યોજાયેલ દાંડીકૂચનું સરઘસ, મહાગુજરાત આંદોલનમાં ભરૂચના પ્રદાન વગેરેને સારગ્રાહી રીતે આવરી લેવામાં આવ્યું છે.

પુણ્યસલિલા નર્મદા નદીના મૂળથી મુખ પ્રદેશ સુધીનું પ્રભાવક તેમ જ આહ્લાદક શૈલીમાં વર્ણન, પુરાણો અને સંસ્કૃત સાહિત્યમાં નર્મદા, પુરાતત્ત્વવિદો માટે નર્મદા ખીણનું મહત્ત્વ વગેરેની ચર્ચા કરીને આદ્ય શંકરાચાર્ય રચિત 'નર્મદાષ્ટક' અને ગુજરાતીમાં રચાયેલાં નર્મદા વિશેનાં પસંદગીનાં કાવ્યો (નર્મદકૃત કબીરવડ પ્રવાસ વર્ણન, બ. ક. ઠાકોર, જયન્ત પાઠક, નરોત્તમ વાળંદ) પણ આપવામાં આવ્યાં છે. નર્મદા તટે સ્થિત ૧૮ આશ્રમોની અને કેટલાંક તીર્થધામોની સ્થાપનાનો ઇતિહાસ, પ્રવૃત્તિઓ તથા પ્રવર્તમાનકાલીન સ્થિતિ, ભરૂચમાં સ્થિત વિવિધ ધર્મોનાં મહત્ત્વપૂર્ણ ધાર્મિક સંસ્થાનોનાં તથા તે સંબંધી પૌરાણિક / ઐતિહાસિક કથાઓ અને આ પૈકી પ્રાચીન ભરૂચની સમૃદ્ધ જૈનપરંપરા, જૈનમુનિભગવંતો વગેરે દ્વારા ભરૂચમાં લખવામાં આવેલ જૈનગ્રંથો, 'શકુનિકાવિહાર' અને તેનો જીર્ણોદ્ધાર, ભક્તામર મંદિર, જ્ઞાન ભંડારોમાં સંગૃહિત હસ્તપ્રતો 'એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી' ને સોંપવી વગેરે સંબંધી બાબતોનાં વર્ણનો ધ્યાનાર્હ બની રહે છે. આ સાથે જ નર્મદા નદી ઉપર બાંધવામાં આવેલ બંધ 'સરદાર સરોવર'ની આંકડાકીય વિગતો સાથે સાધાર વર્ણન, બંધના સંઘર્ષની કથા અને આ બંધ સંબંધી ૧૯૪૬-૨૦૦૯ સુધીની મહત્ત્વપૂર્ણ ઘટનાઓનું સાંકળિયું આપવામાં આવ્યું છે, જે યથાયોગ્ય બની રહે છે.

ભરૂચ એક જ્ઞાનપીઠ તરીકે તેમજ હિંદુ, બૌદ્ધ અને જૈનધર્મના કેન્દ્ર તરીકે પ્રાચીનકાળથી પ્રસિદ્ધ રહ્યું છે, જેની

કાળક્રમાનુસાર નોંધ લઈને અંગ્રેજો દ્વારા ૧૮૨૬માં ભરૂચમાં બે પ્રાથમિક શાળાઓ ખોલવી, ત્યારબાદ માધ્યમિક શિક્ષણ, સ્વાતંત્ર્યોત્તરકાળમાં બહુવિધ વિદ્યાશાખાઓમાં ઉચ્ચશિક્ષણનો પ્રચાર-પ્રસાર, વિવિધ શૈક્ષણિક ટ્રસ્ટો વગેરેનો પરિચય કરાવવાની સાથે પૃ. ૨૮-૩૧માં ગુજરાતી કેળવણીના પિતા શેઠશ્રી રણછોડદાસ તથા ગુજરાતમાં પ્રારંભિકકાલીન શિક્ષણપ્રથાનો વિગતે પરિચય કરાવવામાં આવ્યો છે. વળી, શિક્ષણના પ્રચાર-પ્રસારની અંગભૂત પુસ્તકાલય પ્રવૃત્તિ, ભરૂચ તથા ગુજરાતનું ગૌરવ 'રાયચંદ દીપચંદ પુસ્તકાલય' (૧૮૫૮) કે જેના મંત્રી તરીકે લેખક વર્ષોથી સેવાઓ આપી રહ્યા છે તેનો અને અન્ય ગ્રંથાલયોનો સવિસ્તર પરિચય અને ત્યારબાદ વ્યાયામ પ્રવૃત્તિ અને તેના વિકાસમાં પુરાણી બંધુઓ વગેરેના પ્રદાનની ગાથા વર્ણવવામાં આવી છે. ભરૂચના ઔદ્યોગિક વિકાસ અંતર્ગત પ્રાચીનકાળ (ઈ.સ. ૨૦૦) માં વિકસિત કાપડ ઉદ્યોગથી શરૂ કરી ૧૯-૨૦ મી સદીમાં સ્થપાયેલ મિલો, સુજની ઉદ્યોગ વગેરેના લેખાંઝોખાં લીધા બાદ ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં સમગ્ર જિલ્લાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપનાર જીએનએફસીની સ્થાપના અને તેનું પ્રદાન, દૂધધારા ડેરી વગેરેની ચર્ચા કરવા ઉપરાંત ૪૭ લઘુઉદ્યોગની યાદી આપવામાં આવી છે.

ભરૂચ જેમની જન્મભૂમિ યા કર્મભૂમિ તેમજ ભરૂચ જિલ્લાના રહીશો પૈકી વિવિધ વિષયક્ષેત્રોમાં પ્રદાન કરનાર પ્રતિભાઓનો સંક્ષેપમાં છતાં સંતર્પક પરિચય તેમના ફોટા સાથે આપવામાં આવ્યો છે. પ્રત્યેકનો સંબંધિત વિષયક્ષેત્રમાં કાળક્રમાનુસાર પરિચય આપી તેના પ્રદાનની સાધાર ચર્ચા કરવાની સાથે જેમ કે સાહિત્યક્ષેત્રમાં સર્જકોની કૃતિઓનાં નામ અને પ્રકાશન વર્ષ, ચિત્રકારોનાં કેટલાંક ચિત્રોના ફોટો, શિલ્પી રોહિત પટેલનાં શિલ્પોના ફોટા, નાટ્યકલાકારોના નાટ્ય ભજવણીનાં દૃશ્યોના ફોટા વગેરે સહિત ભરૂચ સંબંધિતોની જન્મભૂમિ કે કર્મભૂમિ રહી છે તેની કાળજીપૂર્વક નોંધ લેવામાં આવી છે. આમ છતાં કેટલાંક ચિત્રણોમાં સરતચૂકથી આ સંબંધી ઉલ્લેખ છૂટી ગયો છે, જેમ કે રમણ વકીલ, ધર્મેન્દ્ર માસ્તર, ધીરુ મોદી, મહીપતસિંહ રાઓલ, મીનળ દવે, સુહાસબહેન ડાભી વગેરે અને લેખક સ્વયંનો (સિવાય કે ગ્રંથના સ્વકથનમાં ઉલ્લેખ). આ ચિત્રણોની વિશેષતા એ છે કે કોઈ એક પ્રતિભાનું એક થી અધિક વિષયક્ષેત્રોમાં પ્રદાન હોય તેવા કિસ્સામાં પ્રત્યેક વિષયક્ષેત્રમાં ફકત સંબંધિત પ્રદાન સંબંધી નોંધ લેવામાં આવી છે, જેમ કે રણછોડદાસ ઝવેરી, કૃષ્ણલાલ ઝવેરી, કનૈયાલાલ મુનશી, પં. ઓમકારનાથ ઠાકુર વગેરે. અહીં વિશિષ્ટ પ્રતિભાઓ - ૧૬ કે જેમાં ગાંધીજીને રેંટિયો આપનાર ગંગાબહેન મજમુદારનો પણ સમાવેશ છે, સાહિત્ય - ૪૭, સંશોધકો (ભરૂચના ઇતિહાસના પૂર્વસૂરિઓ) - ૪, પત્રકારત્વ - ૬ + ૫૫ પત્ર-પત્રિકાઓના તંત્રીશ્રીઓ, બ્યૂરોચીફ, પ્રતિનિધિઓ વગેરેની યાદી, સંગીત-૧૭, ચિત્ર-૧૦, નાટ્ય-૪ અને કાષ્ઠકલા, શિલ્પકલા, લિપિકલા વગેરે ક્ષેત્રોમાં પ્રદાન કરનારાઓનો સમાવેશ છે. ખાસ ઉલ્લેખનીય બાબત એ કે યુવા લિપિવેત્તા જયશ્રી સુરતીનો રામાયણ, ગીતા વગેરે ઊંધા અક્ષરે લખવાનો શોખ અને તેનો નમૂનો આપવાનું લેખક ચૂકયા નથી.

ભરૂચનાં સ્થળનામોનો પરિચય કરાવતાં લેખકે જે તે સ્થળનામ પ્રચલિત થવા પાછળનો ઐતિહાસિક - સાંસ્કૃતિક સંદર્ભ ઉજાગર કરી આપ્યો હોવાથી નગરનો ઇતિહાસ, નગરરચના, વ્યક્તિવિશેષો, ધંધા-રોજગાર, સમાજવ્યવસ્થા, ધર્મ-દર્શન વગેરેના અભ્યાસીઓ માટે આ પ્રકરણ મહત્ત્વપૂર્ણ બની રહે છે. આજકાલ નામ બદલવાની ઘેલશા સંદર્ભે લેખકે નારાજગી દર્શાવતાં નોંધેલ દૂરંદેશિતાપૂર્ણ શબ્દો : 'નવતર નામો રખાય છે, એથી જૂના ઇતિહાસનો આત્મા ઘવાય છે. સર્વત્ર જૂનાંને બદલે નવાં નામ મૂકવાં એ દુ:સાહસ હોવા ઉપરાંત અનધિકાર ચેષ્ટા પણ છે' વિચારણીય બની રહે છે. સ્થળનામો ઉપરાંત નગરનાં મહત્ત્વપૂર્ણ ૯ સ્થળો : કોટ, પુલ, વિક્ટોરિયા મેમોરિઅલ ટાવર, સોનાનો પથ્થર, વેડરબર્નની કબર વગેરેનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વિગતે પરિચય કરાવીને શહેરની ઓળખ સમાન આ સ્થળોની જાળવણી માટે અપીલ પણ કરવામાં આવી છે. આ સાથે જ ભરૂચ / નર્મદા જિલ્લાનાં ઐતિહાસિક, સામાજિક, ધાર્મિક અને શિલ્પકળાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ૯ સ્થળોનો પરિચય લેખકની દૂરંદેશિતાનો દ્યોતક બની રહે છે. ઈ.સ.ની પહેલી બીજી સદીની કડિયા ડુંગરની બૌદ્ધ ગુફાઓનો પરિચય કરાવ્યા બાદ દુખમલની શિલ્પસમૃદ્ધિથી પ્રભાવિત થવાની સાથે તેના પ્રત્યેની

ઉપેક્ષાથી લેખક વ્યથિત છે, અને આ સાથે જ દેડિયાપાડાના કુદરતી સૌંદર્યથી અભિભૂત થઈ તેને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા સૂચન કરતા જોવા મળે છે. આલિયા બેટના જતો, રતનપુરના સીદીઓ અને આદિવાસીઓનાં જીવન અને આઝાદીના ૭ દશક બાદની તેમની દયનીય સ્થિતિનો યથાતથ વર્ણનમાં ઉજાગર થતી તેમના પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિ શાસકો માટે આંખ ઉઘાડનાર બની રહે છે. વળી, અર્ધી સદીના ભરૂચનું વિહંગમ દર્શન કરાવવા ઉપરાંત ઉત્સવો અને મેળાઓ, ૩૦ સમાજસેવી સંસ્થાઓની સ્થાપનાનો ઇતિહાસ, પ્રદાન અને પ્રવર્તમાનકાલીન સ્થિતિનો પ્રત્યક્ષ મુલાકાતોના આધારે પરિચય કરાવવામાં આવ્યો છે. ભરૂચની અવિસ્મરણીય ઘટનાઓ જેમકે રૂનો સટ્ટો અને શેર બજાર તળિયે જતાં નગરની બેહાલી, ૧૮૬૮માં ગવર્નર સર સીયૂર ફિટઝેરાલ્ડના પ્રમુખપદે એક ભવ્ય રૂ પ્રદર્શનનું આયોજન કરતાં ગુજરાતના રાજાઓ, યુરોપના ૩૦૦-૪૦૦ પ્રતિનિધિઓ વગેરેની ઉપસ્થિતિ, નારાયણ દેસાઈની ગાંધીકથા, ગ્રંથયાત્રા વગેરે તેમ જ ભરૂચે વેઠેલ કુદરતી અને માનવસર્જિત આફતો - ધરતીકંપ, નર્મદાનાં પૂર, કોમીરમખાણો વગેરેનો ઇતિહાસ અને તેના પરિણામે વેઠેલ ભારે ખુવારી અને હૃદયને વલોવી દે તેવી માનવીના હેવાનિયતની કથા વર્ણવીને આ **'ભરૂચકોશ'** યા **'ભરૂચજ્ઞાનકોશ'** યા **'ભરૂચપુરાણ'**માં ભરૂચ સંબંધી કશું જ મહત્ત્વપૂર્ણ છૂટી ન જાય તેની અને બિન-ગુજરાતી ભાષીઓ ભરૂચની ભવ્યતાનું વિહંગમ દર્શન કરી શકે તે હેતુસર પ્રાચીનકાળથી આજસુધીના ભરૂચની ઝાંખી કરાવતો અંગ્રેજી ભાષામાં લેખ 'Glory That Was Broach' પ્રથમ પ્રકરણ તરીકે મૂકવા પાછળ લેખકની કાળજી દ્રષ્ટવ્ય બની રહે છે. આ સાથે જ નોંધવું રહ્યું કે ગુજરાતનાં કેટલાંક નગરો, ગામો વિશે ઉદા. તરીકે અમદાવાદ, ખંભાત, પાટણ, સુરત, લાડોલ, વિસનગર, મહેસાણા વગેરે વિશે સ્વતંત્ર ગ્રંથો રચાયા છે, પરંતુ પ્રસ્તુત ગ્રંથ તેનાં લેખન, રજૂઆત શૈલી, કલાત્મક મુદ્રણ, માહિતીનો વ્યાપ વગેરેની દષ્ટિએ તથા સમાજના વિવિધ વર્ગોને સંતર્પક સંતૃપ્તિકારક માહિતી પૂરી પાડતો હોવાથી મૂઠી ઊંચેરો ગૌરવગ્રંથ બની રહે છે. આ માટે લેખકનાં ધ્યેયનિષ્ઠા અને કર્મઠતા અભિનંદનીય બની રહે છે.

ગ્રંથનું સમાપન કરતું અંતિમ પ્રકરણ-૩૩ : 'ભરૂચ : આજે અને આવતીકાલે' માં લેખક અડધી સદી પૂર્વેથી જોઈ રહેલ જૂના અને નવા ભરૂચ અને તેની થતી અવદશા ઉદા. તરીકે એક સમયે લલ્લુભાઈના ચકલામાં સવારથી સાંજ સુધી જામતી ભારે ભીડના સ્થાને આજે પ્રવર્તી રહેલ ભેંકાર, શહેરનું ગૌરવ અને શોભારૂપ હવેલીઓ - મજમુદાર, મધપુડા, દિનકરરાય દેસાઈ વગેરેની હવેલીઓ કાળનો કોળિયો બની જવી, બહુવિધ ઉપયોગ માટે લેવાતા રતન તળાવનું પાણી દુર્ગંધગ્રસ્ત કરવું, નવી સિવિલ હૉસ્પિટલ અન્યત્ર ખસેડતાં જમશેદજી જીજીભાઈ હૉસ્પિટલ ખંડહર થઈ જતાં અસામાજિક તત્ત્વોનો અડ્ડો બની જવી અને આ હૉસ્પિટલ કમ્પાઉન્ડમાં બ્રિટિશ બ્રિગેડિયરની કબરનો ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો શિલાલેખ નષ્ટપ્રાય થવાના આરે આવવો, નર્મદાકિનારે કચરો ઠાલવતાં પાણીનું વહેણ કોટથી દૂર જવું તેમ જ ગંદું પાણી, ગંદકી તથા દરિયાઈ ભરતીથી નર્મદાનું પાણી પીવાલાયક ન રહેવું, કોટ જીર્ણ થવો, કયાંક પડી જવો તથા કોટનો અનધિકૃત કબજો, નવા ભરૂચમાં યોગ્ય આયોજનનો અભાવ, શોપિંગ સેન્ટરોમાં પાર્કિંગની વ્યવસ્થાનો અભાવ, ટ્રાફિકની સમસ્યા વગેરેનું વિહંગાવલોકન કરતાં તેમજ આ પૂર્વેનાં પ્રકરણોમાં લેખકનો એક ભરૂચપ્રેમી જાગરૂક અને સંવેદનશીલ નાગરિક તરીકેનો વિષાદ ઊડીને આંખે વળગે છે. આ સાથે જ રતન તળાવ, ઐતિહાસિક ધરોહર સમાન કોટ અને શિલાલેખની જાળવણી, નદી કિનારો હરવા-ફરવાની પટ્ટી તરીકે વિકસાવવા, રેલવે સ્ટેશનથી માંડીને બહુચરાજીના ઓવારા સુધીનો કોટ વિસ્તાર સ્વચ્છ રાખવા, ઝઘડિયા - કબીરવડ વચ્ચે નર્મદા નદીમાં જળમાર્ગની વ્યવસ્થા કરવા વગેરે સંબંધી સુયોગ્ય અને વ્યવહારુ સૂચનો પણ કર્યાં છે. વધુમાં, જીએનએફસી વગેરે જેવા ઉદ્યોગો સ્થપાવા, સમગ્ર વિશ્વના સૌથી ઉત્તમ એવા ૨૫ સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન (SEZ TOP 25) માં ભારતમાંથી એક માત્ર દહેજ 'સેઝ' પસંદ થવો, કબીરવડ, શુકલતીર્થ વગેરેના વિકાસ તેમ જ મેડિકલ કૉલેજની સ્થાપના વગેરે માટે રાજ્ય સરકારનું આયોજન વગેરેની સરાહના કરતાં નોંધેલ શબ્દો : કહેવતમાં રહેલું **'ભાંગ્યું ભરૂચ હવે ભવ્ય ભરૂચ'** બનશે એમાં શંકા નથી'માં લેખકનો આશાવાદ દ્રષ્ટવ્ય બની રહે છે.

આટલી ગુણરાશિ વચ્ચે કેટલીક મર્યાદાઓ દેખાઈ

આવે છે. ઉદા. તરીકે ઉલ્લેખિત ઘટનાઓના પ્રસંગોપાત્ત સંબંધિત સ્રોતોનાં નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ ચોકકસ નિર્દેશ સાથે સંદર્ભ નોંધ્યો નથી. આ ઉપરાંત કેટલાંક સંદિગ્ધ વિધાનો જેમ કે ભરૂચનો કોટ બંધાવવાનું શ્રેય અલગ-અલગ સ્થળે અલગ-અલગ દર્શાવ્યું છે : રાજર્ષિ સિદ્ધરાજ (પૃ.૧૪૮), કુમારપાળ (પૃ.૧૫) અને આ બંનેને સંયુક્ત રીતે (પૃ. ૪૧૦), 'ઈ.સ. ૧૧૯૧ની હસ્તપ્રતની પુષ્પિકા પરથી જણાય છે કે ભરૂચમાં ભીમદેવ બીજા...' (પૃ. ૧૫) પરંતુ કઈ હસ્તપ્રત ?, 'યુરોપના એ સમયના સારા શહેરનાં મકાનો સાથે સરખાવાય એવાં ભરૂચનાં મકાનો હતાં, એમ એક ઇતિહાસકાર નોંધે છે' (પૃ. ૧૬) ...કયો ઇતિહાસકાર ? અને તેનો આધાર અનુત્તર રહે છે વગેરે જોવા મળે છે. વધુમાં, ક્વચિત મુદ્રણદોષો ઉદા. તરીકે જીએનએફસીની ચીમનીની ઊંચાઈ એક સ્થળે ૭૫૦ મીટર, (પૃ.૪૦૦) અન્ય જગ્યાએ ૭૫૦ ફૂટ (પૃ.૧૮૨) દર્શાવવામાં મુદ્રણદોષ છે, જોકે હકીકતમાં ચીમનીની ઊંચાઈ ૧૨૫ મીટર છે તથા પ્રકરણ ૨૫, ૨૭ અને ૩૨ નાં અંતિમ વાકયો અધૂરાં જણાય છે, અર્થાત્ આ બધાં પ્રકરણોનું બાકીનું મેટર મુદ્રણસ્તરે છૂટી ગયેલું જણાય છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના સર્જક ડૉ. નરોત્તમ વાળંદ ભરૂચની જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના ગુજરાતી વિષયના સેવા-નિવૃત્ત અધ્યાપક છે. તેઓશ્રી અધ્યયનશીલ અધ્યાપક, વિવેચક, સંશોધક, જીવનચરિત્રકાર, બાળસાહિત્યકાર અને સવિશેષતઃ ઇતિહાસનો જીવ તરીકે આગવી ઓળખ ધરાવે છે. ઇતિહાસ એ તેમનાં રસ-રુચિ અને અધ્યયન - સંશોધનનો વિષય રહ્યો છે અને તેના પરિણામે પોતાના વતન 'બહુચરાજી' (૧૯૬૮) ઉપરાંત કર્મભૂમિ ભરૂચ વિશે પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન પૂર્વે 'ભરૂચનાં સ્થળનામો' (૧૯૬૨), 'ભરૂચના સાંસ્કૃતિક પ્રવાહો' (૧૯૬૬), 'ભરૂચનું બંદર' (૧૯૭૦) અને 'ભરૂચ : ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં' (૧૯૭૭) ગ્રંથો ઉપરાંત ગુજરાતી ભાષા-સાહિત્ય અને બાળસાહિત્ય વિષયક ૨૦ જેટલા ગ્રંથોના સર્જનનું શ્રેય તેમના શિરે રહે છે. પ્રસ્તુત ગ્રંથ 'ભરૂચની ભવ્યતા' એ તેમના સમગ્ર સાહિત્ય સર્જનનો મુકુટમણિ છે, કે જેના થકી તેમણે ભરૂચની ઐતિહાસિક - સાંસ્કૃતિક ધરોહરને નવી પેઢી સમક્ષ ઉજાગર કરી આપી છે. લેખકે ગ્રંથના 'સ્વકથન' માં 'આ પુસ્તકને સર્જન કે સંશોધન કહેવા કરતાં સંપાદન કે સંકલન કહેવું વધુ ઉચિત ગણાશે. પ્રાપ્ત સામગ્રીનું સંયોજન કરીને વ્યવસ્થિત રીતે લખવાનો આ પ્રયાસ છે' તેમ નોંધ્યું છે, તેમાં લેખકની નરી વિનમ્રતાનાં દર્શન થાય છે. હકીકતમાં આ હેતુ તેમણે કેટકેટલા સાહિત્યિક, દસ્તાવેજી સ્રોતો ફંફોસી જોયા તથા ભરૂચનાં બહુવિધ સ્થળો અને ભરૂચ વિશે જાણકારી ધરાવતા વિદ્યાપુરુષોની પ્રત્યક્ષ મુલાકાતો અને માહિતી મેળવવા માટે વેઠેલ સંઘર્ષોની કથા અને આ સાથે આવશ્યક માહિતી પ્રાપ્તિ થતાં મેળવેલ આનંદાનભૂતિની જાણકારી હેતુ પ્રસ્તુત ગ્રંથનું સાદ્યંત રસપાન કરવાથી જ ખ્યાલ આવી શકે. આ ગૌરવશીલ ગ્રંથનું સર્જન કરીને તેમણે પોતાની કર્મભૂમિનું ખરા અર્થમાં ઋણ ચૂકવ્યું છે. અને તે પણ ભરૂચ પ્રત્યેની પૂર્ણતઃ શ્રદ્ધા-ભક્તિ સહ. અને તેથી સ્વાભાવિક રીતે જ ભરૂચની જનતા તથા ભરૂચના ભાવિ સંશોધકો / અભ્યાસીઓ તેઓશ્રીના ઋણી બની રહેશે. લેખકની આ ઉદાહરણસ્વરૂપ ભાવના સંબંધિત વિષય ક્ષેત્રના આપણા અધ્યાપક-વર્ગમાં પ્રદીપ્ત થાય તો ગુજરાતનાં મહત્ત્વપૂર્ણ ઇતિસમૃદ્ધ નગરો અને ગામોનો ઇતિહાસ અને અણમોલ સાંસ્કૃતિક વિરાસત ઉજાગર થઈ શકે. આ સાથે જ આપણે આભારી છીએ ભરૂચના અગ્રણી નગરસેવક સ્વ. કાન્તુભાઈ (કાન્તિભાઈ) ચોકસી અને વતન ભરૂચ પ્રત્યેની મમતાથી પ્રેરાઈને ભરૂચ માટે કંઈક કરી છૂટનાર તેમના સુપુત્ર શ્રી ગૌતમભાઈ ચોકસીના કે જેમણે આ ગ્રંથ સર્જન માટે લેખકને સૂચન કર્યું અને આ પુસ્તકના પ્રકાશન વગેરે સંબંધી સઘળો ભારે ખર્ચ પોતે જ ઉપાડી લીધો, તેમ જ તેનો ગરવો લોકાર્પણ સમારોહ પણ પૂજ્ય મોરારીબાપુ અને પ્રબુદ્ધ ચિંતક શ્રી ગુણવંત શાહના સાંનિધ્યમાં યોજ્યો હતો.

એ/૪ માપના આ ગ્રંથનું સાદ્યંત ચાર રંગોમાં ઉચ્ચ ગુણવત્તાવાળા કાગળોમાં મુદ્રણ, ટકાઉ બાંધણી અને આકર્ષક સાજ-સજ્જા ધ્યાનાર્હ બની રહે છે. આ સાથે જ ઉલ્લેખ કરવો રહ્યો કે ૧૪ + ૫૪૬ આર્ટ પૃષ્ઠ ધરાવતો આ ગ્રંથ ભરૂચ સંબંધી ૬૬૦ + અલભ્ય અને દસ્તાવેજી કલાત્મક ફોટોગ્રાફ્સ / ચિત્રો વગેરેથી ખચિત છે. આવા ગરવા ગ્રંથના પ્રબુદ્ધ સર્જક ડૉ. નરોત્તમભાઈને વંદન સહ અભિનંદન

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આનંદોત્સવ

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ તેમજ વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ગાંધીનગર તેમજ સૂરજબા મહિલા બી.એડ્. કૉલેજ અને એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીની કૉલેજોના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની પિકનિકનું આયોજન તા. ૩૧-૧૦-૨૦૧૮ના રોજ સાણંદ પાસે પ્રકૃતિના સાંનિધ્યમાં સ્થિત 'હાર્મની હોલીડે હોમ્સ રિસોર્ટ' ખાતે કરવામાં આવતાં સમગ્ર પરિવારે ઇન્ડોર – આઉટડોર ગેમ્સ, અંતાક્ષરી, તરણ વગેરેની મજા માણી હતી.

### પેઈડ ઇન્ટર્નશિપ

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓને પેઈડ ઇન્ટર્નશિપ મળી રહે તે હેતુથી તા. ૨૩-૧૦-૨૦૧૮ના રોજ કૅમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગર, અમદાવાદ વગેરે જિલ્લાઓની ૧૦ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. તાલીમાર્થીઓની લાયકાતના આધારે ૫૫ જેટલા વિદ્યાર્થીઓને વિવિધ શાળાઓમાં પેઈડ ઇન્ટર્નશિપ તરીકે પસંદગી કરવામાં આવી હતી. ફેકલ્ટી ડીન પ્રો. વીણાબહેન પટેલે પેઈડ ઇન્ટર્નશિપ આપનારી સંસ્થાઓનો આભાર માન્યો હતો.

### રમતગમત

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીની વિદ્યાર્થિની સાધુ કીર્તિ મોહનદાસજી એ ખેલ મહાકુંભમાં આર્ચરી સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરતાં દેવગઢબારિયા મુકામે રાજ્ય કક્ષાએ ભાગ લેશે.

### સર્વ નેતૃત્વ

● 'સર્વ નેતૃત્વ'ના પૂર્વ તાલીમાર્થીઓ માટે એક ખાસ સેશનનું આયોજન એસ. કે. પટેલ બિલ્ડિંગ, ગાંધીનગર ખાતે કરવામાં આવતાં મોટી સંખ્યામાં પૂર્વ તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં ટ્રેનર દીપકભાઈ તેરૈયા, પંચગીની (મહારાષ્ટ્ર)થી Initiative for Change કાર્યક્રમનાં સંયોજક નીરૂબહેન ગાંધી અને તેમની સાથે વિવિધ રાજ્યોના ૭ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ તાલીમ લીધા પછી તાલીમાર્થીઓમાં શું બદલાવ આવ્યો ? તેમના દ્વારા કેવા પ્રકારના સમાજ ઉત્થાનનાં કાર્યો કરવામાં આવ્યાં ? વિવિધ પ્રોજેક્ટ્સમાં કામ કરતાં કેવા પ્રકારના પ્રશ્નો અનુભવ્યા ? વગેરે વિશે વિચાર-વિમર્શ કરવાનો રહ્યો હતો. મહેમાનો દ્વારા પણ પ્રેમ, કરુણા, પ્રામાણિકતા, સત્યનું જીવનમાં મહત્ત્વ સમજાવી જ્ઞાતિવાદથી ઉપર ઊઠી વસુધૈવ કુટુમ્બકમની ભાવના સાથે જીવવાની શીખ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સર્વ નેતૃત્વના કો-ઑર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્ર પટેલે આભારવિધિ કરી હતી.

● 'સર્વ નેતૃત્વ'ના વિદ્યાર્થીઓએ જરૂરતમંદ લોકોને મદદરૂપ થવાની ભાવનાથી પ્રેરાઈને ૫૦૦ કપડાંની કિટ, ૫૦૦ ફ્રૂટ પેકેટ્સ, ૫૦૦ અભ્યાસની કિટ અને ૧૦૦ પેકેટ સેનેટરી નેપકિન્સની વહેંચણી માનવ સાધના કેન્દ્ર, અમદાવાદ ખાતે કરી. આ કાર્યક્રમનું આયોજન 'સર્વ નેતૃત્વ' વતી પારુલ અત્તરવાલા અને દીપિકા જેઠવાએ અન્ય વિદ્યાર્થીઓના સહયોગથી કર્યું હતું.

● 'સર્વ નેતૃત્વ' ૪૧મી નેતૃત્વ નિવાસી તાલીમ શિબિર કડી ખાતે યોજાતાં ગાંધીનગર અને કડી કૅમ્પસની ૧૬ કૉલેજોના ૬૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં ટ્રેનર અને પ્રેરક શ્રી દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેનની સેવાઓ મળી હતી. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે રોડ સેફ્ટીને લઈને સમગ્ર ભારતમાં એક્સપર્ટ તરીકે સેવા

આપતા અમિતભાઈ ખાતરી દ્વારા ટ્રાફિક સંદર્ભે વ્યાપક પરિપ્રેક્ષ્યમાં પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. શ્રીમતી નિષ્ઠાબહેન ઠાકરે શારીરિક વિકલાંગતા હોવા છતાં તેને કેવી મજબૂતીથી દૂર હડસેલી સંપૂર્ણ શારીરિક સજ્જ વ્યક્તિઓ સામે ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શિબિરના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને ભારતના આદર્શ ગામ પુન્સરીની મુલાકાત કરાવી હતી. સમાપન સમારંભમાં વિશ્વવિદ્યાલયના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સર્વ વિદ્યાલયનો વિસ્તૃત પરિચય આપી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે રીતે હંમેશાં સમાજના ઉત્થાન માટે કાર્યશીલ બની રહ્યા છે તેવી રીતે આજના વિદ્યાર્થીઓ આદર્શ નાગરિક બની સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી બને એવી આશા વ્યક્ત કરી હતી. શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્ર પટેલ અને પ્રા. વિપુલભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

### સેવાકાર્ય

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં તાલીમાર્થીઓએ ગાંધીનગરમાં આવેલા કૈલાસધામ વૃદ્ધાશ્રમ (પેથાપુર) અને કૃષ્ણા વૃદ્ધાશ્રમ (સેક્ટર-૬)ની મુલાકાત લઈને વૃદ્ધાશ્રમમાં રહેતા દરેકની સામાજિક પરિસ્થિતિ તેમજ તેમના પ્રશ્નોની જાણકારી મેળવી હતી. આ ઉપરાંત બ્લાઈન્ડ સ્કૂલ (સેક્ટર-૧૬) અને બહેરા-મૂંગાની શાળા (સેક્ટર-૨૮)ની મુલાકાત લઈને વિદ્યાર્થીઓને ઉપયોગી વસ્તુઓનું વિતરણ કર્યું હતું. વધુમાં, 'સ્પેસિયલ ચાઇલ્ડ કેર હોમ' (સેક્ટર-૧૯) અને 'નંદનવન આશ્રમ શાળા' (સેક્ટર-૧૩)ની પણ મુલાકાત લઈ શ્રમદાન કર્યું હતું.

### સ્નેહમિલન

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ્. કૉલેજ તેમજ વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંમેલનનું 'Alumini Function 2018' આયોજન શેઠશ્રી ખીમજી વિશ્રામ હોલ ખાતે તા. ૧૯ નવેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, દાતાશ્રી ભીખાભાઈ પટેલ, આણંદ ડાયટના આચાર્ય ડૉ. હિતેશભાઈ દવે, ગુજરાત સરકારનાં ડેપ્યુટી કમિશનર મહેશ્વરીબહેન ગઢવી, ૪૨ કડવા પાટીદાર સમાજના પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન અને પ્રોફેસર ડૉ. વીણાબહેન પટેલ, ભગિની સંસ્થાઓના વડાશ્રીઓ વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમના પ્રારંભમાં ડૉ. ચેતના બુચે (આચાર્ય, શેઠ સી. એમ. હાઈસ્કૂલ) સૌનું હૃદયના ઉમળકાથી સ્વાગત કરી સમારોહની પ્રસ્તુતતા રજૂ કરી હતી. આ પ્રસંગે ગુજરાતભરમાંથી અને ઝારખંડ જેવા રાજ્યમાંથી ૬૦ જેટલા આચાર્યો અને સનદી અધિકારી જેવા હોદ્દા ધરાવનારાઓ કે જે સંસ્થાના ભૂતપૂર્વ તાલીમાર્થીઓ હતા તે બધા ઉપસ્થિત રહ્યા હતા. આ સૌનું મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ સમારોહને મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ અને મંજીતા વણઝારા (ડી. એસ. પી., ગુજરાત રાજ્ય) દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ડૉ. કનુભાઈ પટેલે ડૉ. વીણાબહેન પટેલ અને તેમની સમગ્ર ટીમ તેમજ બહુમાન પ્રાપ્ત કરનાર સૌને અભિનંદન પાઠવી સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ થાય અને સમાજમાં તેમનું પ્રદાન અનન્ય બની રહે તેવી શુભેચ્છાઓ આપી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સંસ્થાની પ્રથમ વાર મુલાકાત લેનાર દાતાશ્રી ભીખાભાઈ પટેલે કૉલેજ પરિવારની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી મહેશ્વરીબહેને ભૂતકાળની યાદ તાજી કરી ડૉ. વીણાબહેન પટેલ, ડૉ. જિજ્ઞાસાબહેન જોષી અને ડૉ. કુસુમબહેન યાદવનો આભાર વ્યક્ત કર્યો હતો. ડૉ. હિતેશભાઈ દવેએ આ કૉલેજ ગુજરાતની શ્રેષ્ઠ કૉલેજ હોવાનું ગૌરવ આપ્યું હતું. આ સ્નેહમિલન અંતર્ગત તાલીમાર્થીઓ દ્વારા ફૂડ ફેસ્ટીવલમાં ૧૪ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો શુભારંભ પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ તથા દાતાશ્રી ભીખાભાઈ પટેલ દ્વારા કરાવવામાં આવ્યો હતો. વધુમાં, આ પ્રસંગે તાલીમાર્થીઓ દ્વારા મ્યુઝિકલ ઓરકેસ્ટ્રાનો હિન્દી ફિલ્મી સંગીતનો જલસો સૌએ માણ્યો હતો. અંતમાં ઉપસ્થિત સૌ કલાકારો, સન્માનપત્ર પ્રાપ્ત તાલીમાર્થીઓ અને ફેકલ્ટી

સભ્યો દ્વારા ગ્રાન્ડ ફિનાલે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

### હેમ રેડિયો

● એલ. ડી. આર. પી. – આઈ. આર. ઍન્ડ ટી.ના ઇલેક્ટ્રોનિક્સ અને કમ્યુનિકેશન વિભાગમાં એલ. ડી. આર. પી., IEEE ગુજરાત વિભાગ, એન્ટેના અને પ્રોપેશન સોસાયટી અને માઇક્રોવેવ થિયરી અને ટેક્નિક્સ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય 'હોમ રેડિયો ફૉર જેન એક્સ' કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં ૬૦ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. પ્રથમ સેશનમાં ઈસરોના વૈજ્ઞાનિક દ્વારા હેમ રેડિયોમાં ઉપયોગી એન્ટેનાની ડિઝાઇન તથા લાક્ષણિકતાઓ અને બીજા સેશનમાં હેમ રેડિયોની કામગીરી અને તેના નિયમો વિશે વિસ્તારથી માહિતી આપવામાં આવી હતી. છેલ્લે હેમ રેડિયોનો પ્રાયોગિક ઉપયોગ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આ દરમિયાન શ્રી રાજેશ વાગડિયા (એનેસ્ટોર સોસાયટી પશ્ચિમ ભારતના કો-ઓર્ડિનેટર), ડૉ. જગદીશ પંડ્યા, પ્રવીણભાઈ વાલેરા તથા શ્રી કનુભાઈ પટેલે આ વિશે ઝીણવટપૂર્વકનું માર્ગદર્શન આપ્યું હતું.

## શાળા વિભાગ

### કારકિર્દી સપ્તાહ

● કારકિર્દી સપ્તાહ ઉજવણીના ભાગરૂપે તા. ૮-૧૦-૨૦૧૮ના રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની ધોરણ ૧૧ની સામાન્ય પ્રવાહની ૫૭ વિદ્યાર્થિનીઓએ અમદાવાદમાં સ્થિત National Institute of Design (NID)ની મુલાકાત લઈ કાપડ વણાટ, લાકડાનું નકશીકામ, મેટલ વર્ક, પોસ્ટર વેલ ડિઝાઇન, પેઇન્ટિંગ વર્ક વગેરે નિહાળ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ધોરણ ૧૨ પછી સાડાચાર વર્ષના સમયગાળાના ડિઝાઇન સંબંધી વિવિધ કોર્સિસ ચલાવવામાં આવે છે.

### ફટાકડા અને બજારુ મીઠાઈ

● દિવાળીના તહેવારોને ધ્યાને લઈ શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા ફટાકડા અને બજારુ મીઠાઈથી સ્વાસ્થ્ય પર થતી માઠી અસરોની જાણકારી આપી તેના ઉપયોગ અંગે માર્ગદર્શન આપતી પત્રિકાઓ વિદ્યાર્થીઓ દ્વારા ગામડાઓ સુધી પહોંચાડી જન-જાગૃતિ લાવવાનો નવતર પ્રયાસ કરવામાં આવ્યો હતો. પર્યાવરણને સ્પર્શતી કેટલીક બાબતો જેવી કે ફટાકડામાં વપરાતા ગંધક, સલ્ફર જેવા પદાર્થોના દહનથી સલ્ફર ડાયોક્સાઈડ, ફોસ્ફરસ પેન્ટોક્સાઈડ જેવા ઝેરી વાયુઓ ઉત્પન્ન થાય છે જે શ્વસનતંત્રના રોગો માટે જવાબદાર છે. ધુમાડાથી થતા હવાના પ્રદૂષણથી પર્યાવરણને થતું નુકસાન, આગ લાગવાની કે દાઝી જવાની ઘટનાઓ અંગે જાણકારી આપી સમસ્યાઓને દૂર કરી સ્વાસ્થ્યને ટકાવી રાખવાની અપીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત 'રંગોળી' અને 'બર્થ ડે કાર્ડ' બનાવવાની સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### રમતગમત

● શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ ખેલમહાકુંભ-૨૦૧૮માં તાલુકા કક્ષાની કબડ્ડીમાં બીજો, ખોખોમાં ત્રીજો અને રસાખેંચમાં પ્રથમ નંબર મેળવ્યો હતો અને એથ્લેટિક્સ સ્પર્ધામાં ઘણા ખેલાડીઓએ પ્રથમ અને બીજો નંબર મેળવ્યો હતો. જિલ્લા કક્ષાની રમતો પૈકી કબડ્ડી, ખોખો અને રસાખેંચમાં બીજો અને હોકીમાં ત્રીજો નંબર મેળવ્યો હતો. યોગાસનમાં પાધ્યા શુભમ પ્રથમ, લાંબીકૂદમાં સાગળિયા રંજનીશ બીજો, ગોળાફેંકમાં પટેલ નેહાંગ બીજો, તરાલ વિપુલે બચ્છી ફેંક અને સ્કેટિંગમાં બીજો નંબર, જ્યારે કબડ્ડીમાં ચૌધરી પવન, લેઉવા વિશાલ, સોલંકી આકાશ, સોલંકી શ્રવણ તથા વસૈયા અને ખોખો માટે વાઘેલા તીર્થ, વાઘેલા વિરાજ, ઝાલા જયદીપસિંહ, પ્રજાપતિ ધ્રુવિલ, ગોહેલ તુષાર, પ્રજાપતિ પ્રતીક રાજ્યકક્ષા માટે પસંદગી પામ્યા. આ બધા વિદ્યાર્થીઓએ અંદાજે રૂ. ૧,૩૪,૦૦૦નાં ઇનામ મેળવેલ છે. આ વિદ્યાર્થીઓને વ્યાયામ શિક્ષકો શ્રી લાભુભાઈ દેસાઈ અને સંજયભાઈ પટેલે તાલીમ આપી હતી.

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓ દેવલ કિસ્મત, યાદવ મેઘા અને યાદવ પ્રિયાન્સીએ ખેલ મહાકુંભ અંતર્ગત યોગની સ્પર્ધામાં

પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો જ્યારે ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ U-૧૪ ખોખોની સ્પર્ધામાં વિજેતા થતાં રાજ્યકક્ષાએ પસંદગી પામી. આ ઉપરાંત ફ્લોરા એન્જિનિયરે (ધો. ૮)એ ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલ અન્ડર-૧૪ ગર્લ્સ સિંગલ્સ બેડમિન્ટન સ્પર્ધામાં બીજો નંબર પ્રાપ્ત કરતાં રાજ્યકક્ષાએ પસંદગી પામી.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાઇમરી સ્કૂલની ધોરણ-૮ની વિદ્યાર્થિનીઓની કબડ્ડીની ટીમે ખેલ મહાકુંભમાં જિલ્લાકક્ષાએ બીજો નંબર પ્રાપ્ત કર્યો.

● ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓએ જિલ્લાકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરતા રાજ્યકક્ષાની સ્પર્ધા માટે નીચેના વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા. ચેસ (અન્ડર-૧૧) : પટેલ ઋતુલ પલ્કેશભાઈ (પ્રથમ), ટેક્વોન્ડો (અન્ડર-૧૪) : પ્રજાપતિ ધ્રુવ ધીરજભાઈ (પ્રથમ), ૨૦૦ મીટર દોડ (અન્ડર-૧૪) : હઠીલા સાહિલ પારુભાઈ (પ્રથમ), કુસ્તી (અન્ડર-૧૭) : પરમાર સ્નેહ નરેન્દ્રભાઈ (દ્વિતીય), જૂડો (અન્ડર-૧૭) : પરમાર સ્નેહ નરેન્દ્રભાઈ (તૃતીય), સ્કેટિંગ (ઇન લાઇન અન્ડર-૧૪) : શર્મા ધર્મ વિજયકુમાર (તૃતીય), સ્કેટિંગ (ક્વોડ, અન્ડર-૧૪) : ચંડીસરા ક્રિષ્ના પરબતસિંહ તથા રાણા પૃથ્વીરાજ દીપકસિંહ (તૃતીય) અને કુસ્તી (અન્ડર-૧૪) : પટેલ પાર્થ કિશોરભાઈ (તૃતીય). આ બધા વિદ્યાર્થીઓએ રૂ. ૨૮૦૦૦ ઇનામ પેટે મેળવ્યા.

## શૈક્ષણિક મુલાકાત

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધો.-પના ૩૦૦ વિદ્યાર્થીઓએ અમદાવાદમાં આવેલ એરપોર્ટની મુલાકાત લઈ એરપોર્ટ વિશે માહિતી મેળવી હતી. તેમજ નજીકથી વિમાન નિહાળ્યું હતું. જ્યારે, ૩૫૦ વિદ્યાર્થીઓને તા. ૩-૧૧-૨૦૧૮ના રોજ વડોદરાની મુલાકાતે લઈ જતાં વિદ્યાર્થીઓએ મ્યુઝિયમ, પ્રાણી સંગ્રહાલય વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાઇમરી સ્કૂલ દ્વારા કાંકરિયા પ્રવાસનું આયોજન કરતાં ૨૭૫ વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી, જેમાં પ્રાણી સંગ્રહાલય, મીની ટ્રેન, બોટિંગ તથા કિડઝ સિટિની મુલાકાત દ્વારા જ્ઞાન સાથે ગમ્મતનો લાભ લીધો હતો. શાળા દ્વારા રંગોળી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં ધોરણ ૭-૮નાં વિદ્યાર્થીઓ માટે તા. ૨૯ ઑક્ટોબરથી ૧ નવેમ્બર સુધી રાજસ્થાન પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જેસલમેરનાં પ્રવાસન સ્થળો એવાં મહેલ, રણ પ્રદેશની મુલાકાત તથા યુદ્ધ સમયની માહિતી આપતું પ્રદર્શન, પોખરણ અણુ પરીક્ષણ સ્થળ અને જોધપુરનાં ઐતિહાસિક સ્થળોની મુલાકાત ઉપરાંત રણુજા અને અંબાજી જેવાં ધાર્મિક સ્થળોએ દર્શન કરી ધર્મ પરાયણ થવાની શીખ પ્રાપ્ત કરી હતી.

## સન્માન સમારંભ

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાઇમરી સ્કૂલમાં તા. ૨૨-૧૦-૨૦૧૮ના રોજ શાળામાંથી વય મર્યાદાના કારણે સેવા નિવૃત્ત થતાં શ્રીમતી જ્યોત્સ્નાબહેન પટેલ તથા શ્રીમતી અલકાબહેન એચ. પટેલ અને સ્વૈચ્છિક નિવૃત્ત થયેલ શ્રી હસમુખભાઈ પટેલનો સન્માન-વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આચાર્યા શ્રી નીરૂબહેન પટેલ દ્વારા નિવૃત્ત શિક્ષકમિત્રોને સન્માનપત્ર આપીને તથા શાલ ઓઢાડીને તેમની કામગીરી બિરદાવી હતી. નિવૃત્ત શિક્ષક મિત્રોએ પ્રતિભાવ આપતાં શાળા – પરિવારનો આભાર માની સુખદ સંસ્મરણો વર્ણવ્યાં હતાં, તેમજ પોતાની પ્રગતિનું શ્રેય શાળાને આપ્યું હતું.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૮, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૮, સળંગ અંક : ૪૮**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**





એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરનાં વિદ્યાર્થીઓએ વડોદરાના
પ્રવાસ દરમ્યાન મ્યુઝિયમ, કમાટીબાગ વગેરેની મુલાકાત લીધી તેનાં બે દ્રશ્યો.





શ્રીમતી એમ. બી. પટેલ પ્રાઈમરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા આયોજિત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં બે દ્રશ્યો.



શ્રીમતી એમ. બી. પટેલ પ્રાઈમરી સ્કૂલ, ગાંધીનગરનાં વિદ્યાર્થીઓએ
સૌરાષ્ટ્રના પ્રવાસ દરમ્યાન ખોડલધામની મુલાકાત લીધી તેનું દ્રશ્ય.



શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ
ટ્રેકિંગમાં ભાગ લીધો તેનાં બે દ્રશ્યો.

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 8, Issue No. 6 November-December 2018
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6

